અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૧૪ નવેમ્બર ૨૦૨૪, ગુરુવાર | વર્ષ : ૧૬ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૧, કારતક સુદ ૧૩ | અંક : ૧૩૩ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

## બુલડોઝર એક્શનનું મનમાની વલણ સહન કરાશે નહીં : SC

### જો કોઈ કેસમાં આરોપી એક છે તો ઘર તોડીને સમગ્ર પરિવારને કેમ સજા આપવામાં આવે? સમગ્ર પરિવાર પાસેથી તેમનું ઘર છીનવી શકાય નહીં

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૩ ।

સુપ્રીમ કોર્ટે બુલડોઝર કાર્યવાહી પર આજે મહત્વનો ચુકાદો આપતા કહ્યું કે આ કાયદાનો ભંગ છે. કોઈ કેસમાં આરોપી હોવા કે દોષિત ઠરે તો પણ ઘર તોડવું યોગ્ય નથી. કોર્ટે કહ્યું કે કાયદાનું રાજ હોવું જોઈએ. બુલડોઝર એક્શન પક્ષપાતપૂર્ણ હોઈ શકે નહીં.

ખોટી રીતે ઘર તોડવામાં આવે તો વળતર મળવું જોઈએ. જવાબદાર અધિકારીઓને છોડવા જોઈએ નહીં. અમે તમામ પક્ષોને સાંભળ્યા બાદ આદેશ આપ્યો છે. અમે વિશેષજ્ઞોના સૂચનો પર વિચાર કર્યો છે.

કોર્ટે પોતાના ચુકાદામાં કહ્યું કે બુલડોઝર એક્શનનું મનમાની વલણ સહન કરાશે નહીં. અધિકારી મનમાની રીતે કામ કરી શકે નહીં. જો કોઈ કેસમાં આરોપી એક છે તો ઘર તોડીને સમગ્ર પરિવારને કેમ સજા આપવામાં આવે? સમગ્ર પરિવાર પાસેથી તેમનું ઘર છીનવી શકાય નહીં. બુલડોઝર એક્શન હકીકતમાં કાયદાનો ભય નથી એવું દર્શાવે છે.

કોર્ટે આ પહેલા ચુકાદો સંભળાવતા કહ્યું હતું કે ઘર એક સપના જેવું હોય છે. કોઈનું ઘર તેની અંતિમ સુરક્ષા હોય છે. આરોપીના કેસમાં પૂર્વાગ્રહથી પીડિત ન હોઈ શકાય. સરકારી શક્તિઓનો દુરઉપયોગ ન થવો જોઈએ. અપરાધીની સજા ઘર તોડવી એ નથી. કોઈ પણ આરોપીનું ઘર



તોડી શકાય નહીં.

કોર્ટે બુલડોઝર એક્શન પર દિશાનિર્દેશનો ઉલ્લેખ કરતા કહ્યું કે બુલડોઝર એક્શનને લઈને ઓછામાં ઓછી ૧૫ દિવસનો સમય આપવો જોઈએ. નોડલ અધિકારીને ૧૫ દિવસ પહેલા નોટિસ મોકલવી પડશે. નોટિસ વિધિવત રીતે મોકલવી જોઈએ. આ નોટિસ નિર્માણ સ્થળ પર લગાવેલી પણ હોવી જોઈએ. આ નોટિસને ડિજિટલ પોર્ટલ પર મૂકવી પડશે. કોર્ટે આ માટે ત્રણ મહિનાની અંદર પોર્ટલ બનાવવાનું કહ્યું છે. પોર્ટલ પર આ નોટિસોનો ઉલ્લેખ કરવો જરૂરી રહેશે.

કોર્ટે કહ્યું કે કાનૂનની પ્રક્રિયાનું પાલન જરૂરી છે. સત્તાનો દુરઉપયોગ સહન નહીં કરાય. અધિકારી કોર્ટની જેમ કામ કરી શકે નહીં. પ્રશાસન જજ ન હોઈ શકે. કોઈની છત છીનવી લેવી એ અધિકારોનો ભંગ છે. કોર્ટે ચુકાદામાં સ્પષ્ટપણે કહ્યું કે દરેક જિલ્લાના ડીએમ પોતાના ક્ષેત્રાધિકારમાં કોઈ પણ સંરચનાને તોડવા અંગે એક નોડલ અધિકારીને નિયુક્ત કરશે. આ નોડલ અધિકારી આ સમગ્ર પ્રક્રિયાને સુનિશ્ચિત કરશે કે સંબંધિત લોકોને નોટિસ સમયસર મળે અને આ નોટિસ પર જવાબ પણ યોગ્ય સમય પર મળી જાય. આ પ્રકારે કોઈ પણ સ્થિતિમાં બુલડોઝર પ્રક્રિયા આ નોડલ અધિકારી દ્વારા થશે.

ચુકાદાની મહત્વની વાતો

- સુપ્રીમ કોર્ટે કહ્યું કે ઘર એ મૌલિક અધિકાર છે.
- જો તોડવાનો આદેશ અપાય તો પણ સંબંધિત પક્ષને સમય આપવો જોઈએ જેથી કરીને તે આદેશને પડકારી શકે.
- સુપ્રીમ કોર્ટે દિશા નિર્દેશ પણ નક્કી કર્યા, જે મુજબ કારણ દર્શાવો નોટિસ વગર કોઈ મકાન તોડવું જોઈએ નહીં.
- ઓછામાં ઓછો ૧૫ દિવસનો સમય આપવો જોઈએ.
- નોટિસ રજિસ્ટર્ડ પોસ્ટથી મોકલવી જોઈએ. મકાનની બહાર પણ તેને ચીપકાવી જોઈએ.
- નોટિસમાં સ્પષ્ટ ઉલ્લેખ હોવો જોઈએ કે કેવી રીતે નિયમોનો ભંગ થયો છે.
- ઓથોરિટીએ મકાન માલિકને સુનાવણીની તક આપવી જોઈએ.
- ડિમોલિશનની પ્રક્રિયાની વીડિયોગ્રાફી થવી જોઈએ.
- ડિમોલિશન રિપોર્ટને ડિજિટલ પોર્ટલ પર મૂકવો જોઈએ.

---

**ન્યૂઝ બ્રિફ**

### ઈન્દિરા ગાંધી સ્વર્ગમાંથી ઉતરી આવશે તો પણ કલમ ૩૭૦ હટશે નહીં

। (એજન્સી) ધૂલે, તા.૧૩ ।

જમ્મુ-કાશ્મીરમાં નવી સરકારની રચના બાદ કલમ ૩૭૦ને લઈને ઘમાસાણ મચ્યું છે. કેન્દ્ર શાસિત પ્રદેશની ઓમર અબદુલ્લા સરકાર સતત એવું કહી રહી છે કે, અમે જમ્મુ-કાશ્મીરમાં કલમ ૩૭૦ પાછી લાવીને રહીશું. આ મુદ્દે રાજ્યની વિધાનસભામાં પણ ઘણી વખત ગરમાગરમીની સ્થિતિ બની ચૂકી છે. હવે આ મુદ્દે કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહે મોટું નિવેદન આપ્યું છે. મહારાષ્ટ્રના ધૂલે જિલ્લાના સિંધખેડામાં ચૂંટણી રેલીને સંબોધિત કરતા અમિત શાહે કહ્યું કે, ‘કોઈ પણ કિંમત પર જમ્મુ-કાશ્મીરમાં કલમ ૩૭૦ની વાપસી નહીં થશે.’ તેમણે આગળ કહ્યું કે, ‘મહાયુતિનો અર્થ છે ‘વિકાસ‘ અને અઘાડી (મહાવિકાસ અઘાડી)નો અર્થ છે.

### ટીમ ઈન્ડિયાએ જ્યાં ઐતિહાસિક મેચ જીતી એ જ સ્ટેડિયમ પર ખતરો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૩ ।

ભારતની રેકોર્ડ ટેસ્ટ જીતનું સાક્ષી બનેલા ગ્રીન પાર્ક સ્ટેડિયમ હાલમાં એક વર્ષના પ્રતિબંધના ભય હેઠળ છે. તાજેતરમાં, સ્ટેડિયમના આઉટફિલ્ડને ICC દ્વારા અસંતોષકારક રેટિંગમાં સામેલ કરવામાં આવ્યું હતું. જેના કારણે તેને એક ડીમેરિટ પોઈન્ટ આપવામાં આવ્યો છે. હવે UPCAએ આઉટફિલ્ડની ખામીઓને વહેલી તકે પૂરી કરવી પડશે. જાન્યુઆરીમાt ICC ટીમ સ્ટેડિયમનું નિરીક્ષણ કરીને આઉટફિલ્ડ તપાસવા આવી શકે છે. અને જો તેમા સંતોષકારક સ્થિતિ જોવા નહીં મળે તો તેને ગ્રીન પાર્કમાં આંતરરાષ્ટ્રીય મેચો માટે એક વર્ષનો પ્રતિબંધ લાદવામાં આવી શકે છે. ૨૭ સપ્ટેમ્બરથી ૧ ઓક્ટોબર દરમિયાન ગ્રીન પાર્ક સ્ટેડિયમમાં ભારત અને બાંગ્લાદેશ વચ્ચેની ટેસ્ટ મેચમાં આઉટફિલ્ડ વરસાદને કારણે ખરાબ થઈ ગયું હતું. જેની અસર રમત પર પડી હતી. જો કે વરસાદથી પ્રભાવિત મેચમાં પણ ભારતે રેકોર્ડ અંદાજમાં રમીને જીત મેળવી હતી. ICC દ્વારા ગયા અઠવાડિયે ભારત અને બાંગ્લાદેશની મેચ માટે જાહેર કરાયેલા રિપોર્ટમાં આઉટફિલ્ડને અસંતોષકારક શ્રેણીમાં મૂકવામાં આવ્યું હતું. તેના માટે ICCએ ગ્રીન પાર્કને એક ડીમેરિટ પોઈન્ટ આપવામાં આવ્યો છે. આ પરિસ્થિતિમાં આઉટફિલ્ડમાં જલ્દીમાં જલ્દી સુધારો કરવો જરુરી છે.

---

### પોન્ટિંગને ભારતીય ક્રિકેટ સાથે શું લેવાદેવા : ગંભીર

## ગૌતમ ગંભીર ખૂબ જ શોર્ટ ટેમ્પર છે : રિકી પોન્ટીંગ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૩ ।

બોર્ડર ગાવસ્કર ટ્રોફી ૨૦૨૪ને લઈને ફેન્સ અને ખેલાડીઓ ખૂબ જ ઉત્સાહિત છે. પરંતુ આ સિરીઝ શરુ થાય એ પહેલા ઓસ્ટ્રેલિયાના પૂર્વ ખેલાડી રિકી પોન્ટિંગ અને ભારતના હેડ કોચ ગૌતમ ગંભીર વચ્ચે શાબ્દિક યુદ્ધ શરુ થઈ ગયું છે.



થોડા સમય પહેલા પોન્ટિંગે કહ્યું હતું કે કોહલીનું ફોર્મ ચિંતાજનક છે, કારણ કે છેલ્લા પાંચ વર્ષમાં કોહલીએ ટેસ્ટમાં માત્ર બે જ સેન્ચુરી ફટકારી છે. પરંતુ મને લાગે છે કે કોહલીમાં ફોર્મમાં વાપસી કરવાની ક્ષમતા છે અને તેના માટે ઓસ્ટ્રેલિયા બેસ્ટ છે.

ભારતીય ટીમના હેડ કોચ ગૌતમ ગંભીરે તાજેતરમાં ઓસ્ટ્રેલીયા પ્રવાસ પહેલા મુંબઈમાં એક પ્રેસ કોન્ફરન્સ કરી હતી. જેમાં ગંભીરને જ્યારે પોન્ટિંગના નિવેદન વિશે પૂછવામાં આવ્યું તો તેણે જડબાતોડ જવાબ આપ્યો. આ બબાતે જવાબ આપતી વખતે ગંભીરે કહ્યું કે, પોન્ટિંગને ભારતીય ક્રિકેટ સાથે શું લેવાદેવા છે? મને લાગે છે કે તેઓએ ઓસ્ટ્રેલિયન ક્રિકેટ વિશે વિચારવું જોઈએ. સૌથી મહત્વની વાત એ છે કે મને વિરાટ અને રોહિતની ચિંતા નથી.’ ન્યુઝીલેન્ડ સામેની ૩ ટેસ્ટ મેચની સિરીઝમાં વિરાટ કોહલી અને રોહિત શર્માનું પ્રદર્શન ઘણું નિરાશાજનક રહ્યું હતું. કોહલીએ ૬ ઈનિંગ્સમાં માત્ર ૯૩ રન બનાવ્યા હતા જ્યારે રોહિતે ૯૧ રન બનાવ્યા હતા. ઓસ્ટ્રેલિયાની ટીમના પૂર્વ કેપ્ટન અને દિગ્ગજ બેટર રિકી પોન્ટિંગે મીડિયા સાથે આ બાબતે વાત કરતા કહ્યું કે, ‘ગૌતમની પ્રતિક્રિયા જોઈને હું આશ્ચર્યચકિત થઈ ગયો હતો, પરંતુ જ્યાં સુધી હું ગૌતમ ગંભીરને જ્યાં સુધી ઓળખું છું, તે ખૂબ જ શોર્ટ ટેમ્પર છે. આથી તેના આવા નિવેદન પર મને વધુ આશ્ચર્ય ન થયું.’

---

## ચૂંટણી અધિકારીઓ દ્વારા નીતિન ગડકરીના સામાનની પણ તપાસ

### ભારતીય જનતા પાર્ટીએ ફડણવીસનો એક વીડિયો શેર કર્યો છે, જેમાં તેમની બેગ તપાસવામાં આવી રહી છે

। (એજન્સી) મુંબઈ, તા. ૧૩ ।

મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણી દરમિયાન નેતાઓની બેગ ચેક કરવાનો મુદ્દો ભારે ચર્ચાસ્પદ છે. શિવસેના `મ્ ચીફ ઉદ્ધવ ઠાકરેએ વાંધો ઉઠાવ્યા પછી, ભારતીય જનતા પાર્ટીએ નાયબ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસનો એક વીડિયો શેર કર્યો છે, જેમાં તેમની બેગ તપાસવામાં આવી રહી છે. તાજેતરમાં જ ચૂંટણી અધિકારીઓ દ્વારા કેન્દ્રીય મંત્રી નીતિન



ગડકરીની બેગની પણ તપાસ કરવામાં આવી હતી. મહારાષ્ટ્ર ભાજપે કહ્યું કે, ‘જવા દો, કેટલાક લોકોને દેખાડો કરવાની આદત છે. જુઓ આ વીડિયો, ૭ નવેમ્બરે યવતમાલ જિલ્લામાં અમારા નેતા દેવેન્દ્ર ફડણવીસની બેગની તપાસ કરવામાં આવી હતી, પ રંતુ તેમણે કોઈ વીડિયો બનાવ્યો નહીં. આ પહેલા ૫ નવેમ્બરના રોજ કોલ્હા પુર એરપોર્ટ પર દેવેન્દ્ર ફડણવીસની બેગની તપાસ કરવામાં આવી હતી. બંધારણને માત્ર દેખાડો કરવા માટે અપનાવવામાં આવતું નથી, તેનું પાલન કરવું પણ જરૂરી છે. અમે માત્ર વિનંતી કરીએ છીએ કે, દરેકને બંધારણની જાણકારી હોવી જોઈએ.’’ દેવેન્દ્ર ફડણવીસે કહ્યું કે, ઉદ્ધવ ઠાકરે બિનજરૂરી રીતે ચૂંટણી અધિકારીઓ દ્વારા તેમની ‘બેગ’ની ચકાસણીનો વિરોધ કરીને ધ્યાન ભટકાવવાનો પ્રયાસ કરી રહ્યા છે અને આ બીજું કંઈ નથી પરંતુ વોટ માંગવાનો ઉપાય છે, બેગને તપાસવામાં શું ખોટું છે?’’ અહેવાલ મુજબ, કેન્દ્રીય મંત્રી ગડકરી સિવાય ભારતીય જનતા પાર્ટીના વરિષ્ઠ નેતા વિનોદ તાવડેની બેગની પણ તપાસ કરવામાં આવી હતી.

---

### સરકારનો ઇરાદો ઘર તોડવાનો નથી : યોગી સરકારના મંત્રી

। (એજન્સી) લખનૌ, તા. ૧૩ ।

સુપ્રીમ કોર્ટે રાજ્ય સરકારો દ્વારા ગુનાના આરોપીઓની મિલકતોને તોડી પાડવા માટે લેવામાં આવતા ‘‘બુલડોઝર એક્શન’’ પર આજે બુધવારે પોતાનો મહત્ત્વપૂર્ણ ચુકાદો આપ્યો છે. સરકારની આ મનસ્વી કાર્યવાહી પર સુપ્રીમ કોર્ટે પ્રતિબંધ મૂક્યો છે. હવે યોગી સરકારના મંત્રી અને સુભાષપા પ્રમુખ ઓમ પ્રકાશ રાજભરે સુપ્રીમ કોર્ટના આ નિર્ણય પર પોતાની પ્રતિક્રિયા આપી છે. તેમણે કહ્યું છે કે, ‘‘સરકારનો ઈરાદો ઘર તોડવાનો નથી.’’ ચુકાદો આપતી વખતે, સુપ્રિમ કોર્ટે કહ્યું કે, તેણે બંધારણ હેઠળ બાંયધરીકૃત અધિકારોને ધ્યાનમાં લીધા છે જે રાજ્યની મનસ્વી કાર્યવાહીથી વ્યક્તિઓને રક્ષણ પૂરું પાડે છે. કાયદાનું શાસન એ સુનિશ્ચિત કરવા માટે એક માળખું પૂરું પાડે છે કે વ્યક્તિઓ જાણે છે કે મિલકત મનસ્વી રીતે છીનવી લેવામાં આવશે નહીં.

---

### પીએમ મોદીએ તેમનો હાથ પકડીને તેમને રોક્યા

## નીતિશે ફરી જાહેર મંચ પર મોદીના ચરણસ્પર્શ કરવાનો કર્યો પ્રયાસ

### મોદીએ દરભંગા AIIMS સહિત આરોગ્ય, રસ્તા, રેલ અને ઉર્જા ક્ષેત્રની ૨૫ વિકાસ પ્રોજેક્ટ્સનું ભૂમિપૂજન, શિલાન્યાસ કર્યો હતો

। (એજન્સી) પટણા, તા.૧૩ ।

બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમારે ફરી એક વખત જાહેર મંચ પર વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ચરણસ્પર્શ કરવાનો પ્રયાસ કર્યો છે. નીતિશ કુમાર દરભંગામાં મંચ પર પીએમ મોદીના ચરણસ્પર્શ કરવા માટે ઝૂક્યા તો પીએમ મોદીએ તેમનો હાથ પ કડીને તેમને આમ કરતા રોક્યા અને પછી હાથ જોડીને તેમનું અભિવાદન કર્યું. આ દરમિયાન મંચ પર ભાજપ અને જેડીયુના સીનિયર નેતા હાજર હતા. હવે આ ઘટનાનો વીડિયો સેશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. આ પહેલા પણ નીતિશ કુમાર મંચ પર પીએમ મોદીના ચરણસ્પ ર્શ કરવા માટે ઝૂકી ચૂક્યા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી બુધવારે



બિહારની મુલાકાતે હતા. આ દરમિયાન તેમનો દરભંગામાં એક સરકારી કાર્યક્રમ હતો, જેમાં તેમણે બિહારના લોકોને ૧૨ હજાર કરોડ રૂપિયાથી વધુની યોજનાઓની ભેટ આપી છે. પીએમએ દરભંગા AIIMS સહિત આરોગ્ય, રસ્તા, રેલ અને ઉર્જા ક્ષેત્રની ૨૫ વિકાસ પ્રોજેક્ટ્સનું ભૂમિપૂજન, શિલાન્યાસ કર્યો હતો. આ દરમિયાન મંચ પર કેન્દ્રીય મંત્રી ચિરાગ પાસવાન, નિત્યાનંદ રાય, બિહારના ડેપ્યુટી સીએમ સમ્રાટ ચૌધરી અને વિજય સિન્હા સહિત ઘણા નેતાઓ હાજર હતા. આ ત્રીજી વખત છે જ્યારે નીતિશ કુમારે વડાપ્રધાન મોદીના ચરણ સ્પર્શ કર્યા છે.

આ પહેલા જ્યારે દિલ્હીમાં NDA સંસદીય દળની બેઠક યોજાઈ હતી ત્યારે પણ બિહારના સીએમએ પીએમ મોદીના ચરણસ્પર્શ કરવાનો પ્રયાસ કર્યો હતો, જો કે મોદીએ તેમને રોકી દીધા હતા. જો કે આને લઈને નીતિશ કુમારને બિહારના વિપક્ષી નેતાઓની ટીકાઓનો સામનો કરવો પડ્યો હતો. આ ઉપરાંત લોકસભા ૨૦૨૪ના ચૂંટણી પ્રચાર દરમિયાન જ્યારે નીતિશ કુમાર અને પીએમ મોદી એક સાથે મંચ પર બેઠા હતા.

---

### કૂકી ઉગ્રવાદીઓને ઠાર મરાયા

## મણિપુર ભડકે બળ્યું, ૬ મૈતેઈ ગુમ, ૫ જિલ્લામાં બંધનું એલાન

। (એજન્સી) મણિપુર, તા.૧૩

મણિપુરમાં હિંસા અટકવાનું નામ લઈ રહી નથી. સોમવારે પોલીસ સ્ટેશનને ઉડાવી દેવા આવેલા ૧૦ કુકી ઉગ્રવાદીઓને સુરક્ષા દળો દ્વારા ઠાર મારવામાં આવ્યા બાદથી તણાવ વધ્યો છે. મણિપુરના જિરીબામમાં આ ઘટના બાદથી ત્રણ મહિલાઓ અને ત્રણ બાળકો ગુમ હોવાના અહેવાલો મળ્યા છે. આ છ જણ મૈતેઈ પરિવારના જ હોવાનું મૈતેઈસમુદાયે જણાવ્યું છે. વધુમાં મૈતેઈ સમુદાયના અન્ય બે ભાઈઓના મૃતદેહો પણ મળી આવ્યા છે. મીડિયા રિપોર્ટ અનુસાર, છ લોકોના અપ હરણના સમાચાર સાથે ઈમ્ફાલ ખીણમાં ઉગ્ર આંદોલનના કારણે પાંચ જિલ્લામાં સંપૂર્ણપણે બંધનું એલાન છે. પોલીસે ગુમ થયેલા લોકોની શોધખોળ શરૂ કરી છે. સોશિયલ મીડિયા પર આ ગુમ વ્યક્તિઓના ફોટો વાયરલ થયા છે. મૈતેઈ સમુદાય જિરી અપુન્બા લુપ દ્વારા કરવામાં આવેલી ફરિયાદ અનુસાર ગુમ થયેલા છ લોકોમાં ૧. તેલેમ થોઈબી દેવી (ઉ.વ.૩૧), તેની દિકરી તેલેમ થાજામંબી દેવી (ઉ.વ. ૮), યુમ્રેમબમ રાની દેવી (ઉ.વ. ૬૦), લૈશ્રામ હૈથોબી દેવી (ઉ.વ. ૨૫) અને તેના એક અઢી વર્ષનું અને એક દસ મહિનાનું બાળક સામેલ છે. સોમવારે જિરીબામ પોલીસ સ્ટેશન પર હુમલો કરવા ૧૦ કુકી ઉગ્રવાદીઓ ઉમટી પ ડ્યા હતાં.

---

### રેલિંગ તૂટતા ભક્તો નીચે ખાબક્યા, ૭ને ઈજા

## યુપીના ખાટુશ્યામ મંદિરમાં સિમેન્ટની રેલિંગ તૂટી ગઈ

**સ્થાનિકોની મદદથી ઘાયલોને મેડિકલ કોલેજમાં દાખલ કરાયા**

। (એજન્સી) શાહજહાંપુર, તા. ૧૩ ।

ઉત્તર પ્રદેશના શાહજહાંપુર સ્થિત ખાટુશ્યામ મંદિરમાં રેલિંગ તૂટવાને કારણે અકસ્માત થયો હતો. અહીં, એકાદશીના દિવસે ભક્તોની ભારે ભીડ એકઠી થઈ હતી. તે દરમિયાન આ અકસ્માત થયો હતો. ભીડના કારણે મંદિરની રેલિંગ તૂટી ગઈ, જ્યાં ભક્તો ૧૨ ફૂટની ઊંચાઈએથી પડી ગયા હતા. આ અકસ્માતમાં ૭ શ્રદ્ધાળુઓ ગંભીર રીતે ઘાયલ થયા હતા. સ્થાનિક લોકોની મદદથી ઘાયલોને મેડિકલ કોલેજમાં દાખલ કરવામાં આવ્યા છે. મળતી માહિતી મુજબ, શાહજહાંપુર સ્થિત ખાટુશ્યામ મંદિરમાં એકાદશીના દિવસે શ્યામ જન્મોત્સવની ઉજવણી કરવામાં આવી રહી હતી. આ દરમિયાન મંદિરમાં ભક્તોની ભારે ભીડ ઉમટી હતી અને રાજ્ય ધોરીમાર્ગ સહિત અનેક માર્ગો પર ટ્રાફિક જામ થઈ ગયો હતો. આ દરમિયાન મંદિરની અંદર જવા માટે બીજા માળે ભારે ભીડ એકઠી થઈ હતી. ભીડને કારણે કેટલાક લોકો સિમેન્ટની રેલિંગ પર ઉભા રહી ગયા હતા.

---

### ભોજપુરી અભિનેત્રી અક્ષરા સિંહને ધમકી મળતા ચકચાર

। નવી દિલ્હી, તા. ૧૩ ।

સલમાન અને શાહરૂખ ખાન બાદ હવે ભોજપુરી અભિનેત્રી અક્ષરા સિંહને પણ ખંડણી કેસમાં ધમકીભર્યો ફોન આવ્યો છે અને તેણીને જાનથી મારી નાખવાની ધમકી આપવામાં આવી છે. આ ઘટના ૧૧ નવેમ્બરની હોવાનું કહેવાય છે, મોડી રાત્રે તેણીને બે ધમકીભર્યા ફોન આવ્યા હતા, જેમાં તેની પાસે ૫૦ લાખ રૂપિયાની માગણી કરવામાં આવી હતી અને એવું પણ કહેવામાં આવ્યું હતું કે, જો તે બે દિવસમાં આ રકમ નહીં આપે તો તેને મારી નાખવામાં આવશે.

---

**ભારતનો વિકેટકીપર અને બેટર સંજુ સેમસને બેટિંગ રેક્િંગમાં છલાંગ લગાવી ૩૯માં સ્થાને પહોંચી ગયો છે**

## આઈસીસીએ વનડે અને T20 ખેલાડીઓની નવી રેન્કિંગ જાહેર કરી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૩ ।

આઈસીસીએ વનડે અને T20 ખેલાડીઓની નવી રેન્કિંગ જાહેર કરી છે. પાકિસ્તાન ક્રિકેટ ટીમનો સ્ટાર ઝડપી બોલર શાહીન શાહ આફ્રિદી ફરી એકવાર વનડેમાં પહેલા સ્થાને પહોંચી ગયો છે. તેણે દક્ષિણ આફ્રિકાના સ્પિનર કેશવ મહારાજ પાસેથી આ સ્થાન છીનવી લીધું છે. આફ્રિદી ત્રણ સ્થાને ઉપર ચઢીને ટોચ પર પ હોંચી ગયો છે. જયારે મહારાજ ત્રીજા ક્રમે સરકી ગયા છે. શાહીને તાજેતરમાં ઓસ્ટ્રેલિયા સામેની વનડે શ્રેણીમાં શાનદાર પ્રદર્શન કર્યું હતું. તેણે ૩ મેચમાં ૧૨.૬૨ની સરેરાશથી ૮ વિકેટ ઝડપી હતી. આ પહેલા તેણે વનડે વર્લ્ડકપ ૨૦૨૩ દરમિયાન નંબર-૧ રેક્િંગ હાંસલ કર્યું હતું. શાહીન સાથે બીજો પાકિસ્તાની બોલર હરિસ રઉફ ૧૩માં સ્થાને પહોંચી ગયો છે. તેણે ઓસ્ટ્રેલિયા સામે ૧૦ વિકેટ ઝડપી હતી. અને તેને પ્લેયર ઓફ ધ સીરિઝ જાહેર કરવામાં આવ્યો હતો. ઝડપી બોલર નસીમ શાહે પણ પોતાની કારકિર્દીનું નવું સર્વશ્રેષ્ઠ રેટિંગ હાંસલ કર્યું છે. તે ૧૪ સ્થાન ઉપર ચઢીને ૫૫માં સ્થાને પહોંચી ગયો છે. પાકિસ્તાની બેટર બાબર આઝમ વનડે બેટરોની યાદીમાં ટોચના સ્થાન પર છે. તેણે ઓસ્ટ્રેલિયા સામે ૮૦ રન બનાવ્યા હતા. બાબર ત્રણ મેચમાં એક વખત આઉટ થયો હતો. જો કે હાલ બાબર પોતાની કારકિર્દીના સૌથી ખરાબ સમયમાંથી પસાર થઈ રહ્યો છે. પાકિસ્તાને ઓસ્ટ્રેલિયા સામે ૨-૧થી સીરિઝ જીતીને ઈતિહાસ રચ્યો હતો. પાકિસ્તાને ૨૨ વર્ષ બાદ ઓસ્ટ્રેલિયામાં વનડે સીરીઝ પર કબજો કર્યો છે. ભારતનો વિકેટકીપર અને બેટર સંજુ સેમસને T20I બેટિંગ રેક્િંગમાં છલાંગ લગાવી ૨૭ સ્થાન આગળ વધીને ૩૯માં સ્થાને પહોંચી ગયો છે. ભારત અને દક્ષિણ આફ્રિકા વચ્ચે ચાર મેચોની T20 સીરિઝ રમાઈ રહી છે. જેમાં બંને ટીમો હાલમાં ૧-૧થી બરાબરી પર છે. સેમસને પહેલી મેચમાં સદી ફટકારી હતી.

## પોલીસ દ્વારા વકીલોના અપમાન મુદ્દે બાર કાઉન્સિલ CM સમક્ષ રજૂઆત કરશે

। (એજન્સી) અમદાવાદ, તા.૧૩ ।

પોલીસ અને વકીલો વચ્ચે હંમેશાંથી ચકમક થતી રહેતી હોય છે અને અનેકવાર જ્યારે વકીલોને તેમના અસીલ સાથે અથવા તેમના વતી પોલીસ સ્ટેશન જવાની ફરજ પડતી હોય ત્યારે પોલીસ દ્વારા અપમાન થતાં હોવાના કિસ્સા પણ બને છે. જે અંગે અવારનવાર રાજ્યના જુદાજુદા વકીલ એસોસિએશન દ્વારા બાર કાઉન્સિલ ઓફ ગુજરાત સમક્ષ રજૂઆત થતી રહે છે. જેના પગલે આજે બાર કાઉન્સિલ ઓફ ગુજરાતના ચેરમેન જે.જે. પટેલે જણાવ્યું હતું કે,'આ મામલો ગંભીર છે અને વકીલોનું માન-સન્માન જળવાય એ જરૂરી છે. તેથી પોલીસ સ્ટેશનો અથવા અન્ય કોઈ વહીવટી અધિકારીઓ દ્વારા તેમના અપમાન થતાં હોવાના મામલે મુખ્યમંત્રી સમક્ષ બાર કાઉન્સિલના અને વકીલમંડળના હોદ્દેદારો દ્વારા રજૂઆત કરવામાં આવશે.' તેમણે જણાવ્યું હતું કે,'બાર કાઉન્સિલ સમક્ષ અનેક વાર વકીલોની ફરિયાદ આવતી હોય છે કે પોલીસ સ્ટેશનમાં પોલીસ કર્મચારીઓ દ્વારા તેમનું અપમાન કરવામાં આવે છે. સામાન્ય સંજોગોમાં વકીલો પોલીસ સ્ટેશનમાં જવાનું ટાળતાં હોય છે, પરંતુ ખાસ કિસ્સામાં વકીલો તેમના અસીલની રજૂઆતો યોગ્ય રીતે થાય એ સુનિશ્ચિત કરવા પોલીસ સ્ટેશનમાં જાય છે. ત્યારે કાયદા મુજબ વાત કરવાના બદલે ઘણીવાર પોલીસ વકીલોને હડધૂત કરે છે. કોઈ પણ મામલે કોઈ વ્યક્તિનું જાહેરમાં અપમાન થવું જોઈએ નહીં. તેથી આ બાબતે અમે ટૂંક સમયમાં જ મુખ્યમંત્રીને રજૂઆત કરીશું.' આ તરફ દિવાળીના વેકેશન બાદ આજથી અમદાવાદની સીટી સિવિલ એન્ડ સેશન્સ કોર્ટ ખાતે ખાનગી વકીલોએ વિધિવત કામગીરી શરૂ કરી છે. જેમાં આજે બાર કાઉન્સિલ ઓફ ગુજરાતના ચેરમેન દ્વારા અમદાવાદ સીટી સિવિલ એન્ડ સેશન્સ કોર્ટના બારના પ્રમુખ, હોદ્દેદારો અને વકીલ મિત્રો સાથે નગરદેવી ભદ્રકાળીના દર્શન કરીને કામકાજની શરૂઆત કરાવી હતી. કોર્ટમાં પ્રવેશતા વકીલોને મોઢું મીઠું કરાવીને સ્વાગત કરાયું હતું. નગર દેવી ભદ્રકાળીના દર્શન કરીને બાર કાઉન્સિલ ઓફ ગુજરાતના ચેરમેન દ્વારા જણાવવામાં આવ્યું હતું કે પોલીસ અધિકારી અને વહીવટી અધિકારીઓ દ્વારા વકીલોના અપમાન અને કનડગતને લઈને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સમક્ષ રજૂઆત કરાશે. સાથે જ વકીલો સાથે તાજેતરમાં બનેલી ઘટનાઓની પણ રજૂઆત કરવામાં આવશે. આવનારા સમયમાં ઓલ ઈન્ડિયા બારની પરીક્ષા યોજાવવાની છે. જેમાં બાર કાઉન્સિલ ઓફ ગુજરાત દ્વારા તાજેતરમાં જ પાંચ હજાર જેટલા વકીલોને પ્રોવિઝનલ સનદ આપવામાં આવી હતી. ઉપરાંત વકીલોના માંદગી સહાયમાં પણ વધારો કરવામાં આવ્યો હતો. BCG ના ચેરમેન દ્વારા સૌ વકીલોના સ્વાસ્થ્યની કુશળ કામના કરીને કાઉન્સિલ દ્વારા તેમના ભલાર્થે કામ કરવાનું આશ્વાસન આપવામાં આવ્યું હતું.

### ગઠિયાએ રૂ. ૧૩૧૦૦૦ પડાવી લીધા

## વિદેશ જવાની લાલચમાં એક યુવતી સાયબર ક્રાઇમનો ભોગ બની

### સમગ્ર ઘટનામાં પોલીસે ગુનો નોંધી કાર્યવાહી આદરી હતી શહેરના શાહીબાગ વિસ્તારમાં રહેતી યુવતીને વિદેશ જવાની ઘેલછા ભારે પડી હતી

। (માહિતી) અમદાવાદ, તા.૧૩ ।

વિદેશ જવાની લાલચમાં એક યુવતી સાયબર ક્રાઈમનો ભોગ બની હતી. જેમાં પહેલા યુવતીને પાર્સલમાં કિંમતી વસ્તુઓ મોકલાવી હોવાની લાલચ આપી અને ત્યારબાદ અલગ અલગ બહાના હેઠળ અને જેલમાં પુરી દેવાની ધમકી આપીને યુવતી પાસેથી રૂપિયા ૧ લાખ ૩૧ હજાર પડાવી લેવામાં આવ્યા હતા. ત્યારે સમગ્ર ઘટનામાં પોલીસે ગુનો નોંધી કાર્યવાહી આદરી હતી. શહેરના શાહીબાગ વિસ્તારમાં રહેતી યુવતીને વિદેશ જવાની ઘેલછા ભારે પડી હતી. યુ.એન. મહેતા હોસ્પિટલમાં કોન્ટ્રાક્ટ બેઝ પર નર્સ તરીકે ફરજ બજાવતી યુવતીએ ઈન્સ્ટાગ્રામ



પર વિદેશ જવા માટેની એક જાહેરાતમાં આપેલ મોબાઈલ નંબર પર વાતચીત કરતા ગઠિયાએ યુવતીના કેટલાક ડોક્યુમેન્ટની માંગણી કરી હતી. જોકે એકાદ અઠવાડિયા બાદ યુવતીએ તેના પિતા એબ્રોડ જવાની ના પાડી રહ્યા હોવાનું કહીને ડોક્યુમેન્ટ મોકલી આપ્યા ન હતા. ત્યારબાદ તેને એક વોટ્સએપ મેસેજ આવ્યો હતો. જેમાં તેઓની કંપનીને ધંધામાં પ્રોફિટ થયો છે અને રાજીખુશીથી પાર્સલ મોકલાવ્યું હોવાનું કહ્યું હતું.કેટલાક દિવસ બાદ યુવતી પર વોટ્સએપ કોલ આવ્યો હતો અને કહ્યું હતું કે તમારું પાર્સલ દિલ્હી એરપોર્ટ પર આવ્યું છે. જેમાં આઈફોન, ૬ હજાર પાઉન્ડ, ડાયમંડ રીંગ, એપલ એરબડ્સ જેવી કિંમતી વસ્તુઓ છે. આ પાર્સલમાં રહેલ પાઉન્ડને ઈન્ડિયન કરન્સીમાં કન્વર્ટ કરવા માટે ૨૨ હજાર રૂપિયાનો ટેક્સ ભરવો પડશે. જોકે યુવતીએ પાર્સલ જોઈતું ના હોવાનું કહ્યું હતું. પરંતુ થોડીવારમાં ગઠિયાએ તેને વોટ્સએપ મેસેજ કરીને ધમકી આપી હતી.

## લાંબા સમય બાદ સુરત સિવિલ હોસ્પિટલની બહારથી દબાણ હટાવાયા

### આ ગેટ પર માથાભારે દબાણ કરનારાઓ સાથે રીક્ષાનો પણ જમેલો હોવાથી ટ્રાફિકની ભારે સમસ્યા થતા અકસ્માતનો સતત ભય રહેલો છે

। (એજન્સી) સુરત, તા.૧૩ ।

દક્ષિણ ગુજરાતની સૌથી મોટી એવી સુરતની સિવિલ હોસ્પિટલ મુખ્ય બહારના મુખ્ય ગેટ પર માથા ભારે દબાણ કરનારાનો કબજો હોવાના કારણે લોકોની સારવાર કરનારી સિવિલ હોસ્પિટલ દબાણની સમસ્યાથી પીડાઈ રહી છે. આ ગેટ પર માથાભારે દબાણ કરનારાઓ સાથે રીક્ષાનો પણ જમેલો હોવાથી ટ્રાફિકની ભારે સમસ્યા થતા અકસ્માતનો સતત ભય રહેલો છે. જોકે, આજે પાલિકા તંત્રની ઉંઘ ઉડી છે અને અચાનક સિવિલ ગેટ બહારથી દબાણ દુર કર્યા હતા. જેના કારણે હાલ પુરતા દબાણ દુર થયા છે તેથી ટ્રાફિક સમસ્યા હળવી થઈ છે જોકે, આ દબાણ કાયમી ધોરણે બંધ થાય તેવી માંગણી કરવામાં આવી રહી છે. સુરતના મજુરાગેટ વિસ્તારમાં સિવિલ હોસ્પિટલ આવી છે અને આ હોસ્પિટલમાં દક્ષિણ ગુજરાત જ નહી પરંતુ ગુજરાતની સરહદને જોડીને આવેલા રાજ્યમાંથી પણ દર્દીઓ સારવાર માટે આવે છે. પરંતુ છેલ્લા ઘણા વર્ષોથી સિવિલ હોસ્પિટલના મુખ્ય ગેટ પર ખાણી પીણી અને ગુટખાનું વેચાણ કરનારાનો કબજો છે. માથાભારે દબાણ કરનારાઓનો ફુટપાથ પર કબ્જો હોવાથી સારવાર માટે આવતા દર્દીઓ અને તેમના સગાઓએ અવર-જવર માટે રોડ પરથી પસાર થવું પડે છે તેથી અકસ્માતનો ભય રહેલો છે. આ ઉપરાંત આ ગેટ બહાર રીક્ષાવાળાઓનો જમેલો પણ રહે છે તેથી પણ ટ્રાફિક ભારે સમસ્યા થઈ રહી છે. આ દબાણ દુર કરવા માટે અનેક વખત રજુઆત થઈ છે પરંતુ આ માથાભારે દબાણ કરનારાઓ પાલિકા તંત્ર પણ ભારે પડતા હોવાથી આ દબાણ દુર થઈ શકતા નથી.

### સામાજિક સંસ્થાઓને રક્તદાન કેમ્પના આયોજનનો કરવા અને લોકોને વ્યક્તિગત રક્તદાન માટેની અપીલ કરાઈ

## સુરતની બ્લડ બેન્કમાં તમામ ગ્રુપના લોહીની સર્જાઈ અછત

। (એજન્સી) સુરત, તા.૧૩ ।

દિવાળીના વેકેશનની અસર સુરતના વેપાર ધંધાને તો થઈ જ છે પરંતુ સૌથી વધુ અસર શહેરની તમામ બ્લડબેંકને થઈ છે. તહેવારો અને ત્યારપછી રજાના દિવસોને કારણે શહેરની તમામ મોટી બ્લડબેક્રમાં અને સામાજિક સ્તરે પણ રક્તદાન કેમ્પના આયોજનો નહીં થતા લોહીની અછત સર્જાય છે. લોકોને રક્તદાન કરવા માટેની અપીલ કરવામાં આવી છે.સુરત રક્તદાન કેન્દ્ર અને રિસર્ચ સેન્ટરના નિતેશ મહેતાએ જણાવ્યું કે, દરવર્ષે દિવાળીનાં તહેવારો અને વેકેશનનાં માહોલમાં સ્વૈચ્છિક રક્તદાન શિબિરોનાં આયોજનો ખૂબ જ ઓછા પ્રમાણમાં થતાં હોય છે. છેલ્લા ૧૫ દિવસમાં ફક્ત ચાર રક્તદાન શિબિર યોજાઈ છે. આને લીધે લોહીના તમામ ગ્રુપની અછત ઊભી થઈ છે. હાલમાં રક્તના તમામ ગ્રુપોની અછતમાં ખાસ કરીને એ પોઝિટિવ અને એ-બી પોઝિટિવની તીવ્ર અછત જોવા મળી રહી છે. જરૂરિયાતમંદ દર્દીઓને સમયસર રક્ત મળી રહે અને લોહીની અછતને સંપૂર્ણપણે નિવારી શકાય તે હેતુસર તમામ સેવાભાવી સંસ્થાઓ, મંડળોને રકતદાન શિબિરોનાં આયોજનો ગોઠવવા અને સ્વૈચ્છિક રક્તદાતાઓને રકતદાન કરવા અપીલ કરવામાં આવી છે. દર મહિને સરેરાશ ૨૫૦૦ યુનિટ રક્ત એકત્રિતકરણની સામે નવેમ્બરમાં દિવાળી વેકેશનને લીધે એવરેજ માત્ર ૮૦૦ થી ૯૦૦ રક્ત યુનિટ જ બ્લડ એકત્રિત થયું છે.લોક સમર્પણ બ્લડ બેક્રના હરિભાઈ કથીરીયાએ જણાવ્યું હતું કે, દર વર્ષની જેમાં આ વર્ષે પણ તમામ ગ્રુપના બ્લડની અછત વર્તાઈ રહી છે. જેથી દર્દીઓની જીંદગી બચાવવા સ્વૈચ્છિક રક્તદાન કરવા અપીલ કરી છે. આ સાથે સ્મીમેર અને સિવિલ હોસ્પિટલમાં પણ બનાવાયેલી બ્લડ બેક્રમાં લોહીની અછત વર્તાઈ રહી છે. દર મહિને સરેરાશ ૨૫૦૦ યુનિટ રક્ત એકત્રિતકરણની સામે નવેમ્બરમાં દિવાળી વેકેશનને લીધે એવરેજ માત્ર ૮૦૦ થી ૯૦૦ રક્ત યુનિટ જ બ્લડ એકત્રિત થયું છે.લોક સમર્પણ બ્લડ બેક્રના હરિભાઈ કથીરીયાએ જણાવ્યું હતું કે, દર વર્ષની જેમાં આ વર્ષે પણ તમામ ગ્રુપના બ્લડની અછત વર્તાઈ રહી છે. જેથી દર્દીઓની જીંદગી બચાવવા સ્વૈચ્છિક રક્તદાન કરવા અપીલ કરી છે. આ સાથે સ્મીમેર અને સિવિલ હોસ્પિટલમાં પણ બનાવાયેલી બ્લડ બેક્રમાં લોહીની અછત વર્તાઈ રહી છે.

## સરકારી તથા ગ્રાન્ટેડ શાળાઓને અમદાવાદ DEOનો કડક આદેશ

### શિક્ષકોની સેવાપોથી ડિજિટલ સ્વરૂપે સાચવવા માટે ભૂતકાળમાં ઘણીવાર આદેશ કરવામાં આવ્યા હતા

। (એજન્સી) અમદાવાદ, તા.૧૩ ।

શિક્ષકોની સેવાપોથી ડિજિટલ સ્વરૂપે સાચવવા માટે ભૂતકાળમાં ઘણીવાર આદેશ કરવામાં આવ્યા હતા. પરંતુ અમુક બેદરકાર તંત્રની શાળાઓ દ્વારા સૂચનાનો અમલ કરવામાં ન આવતા મુદ્દો ફરી એક વાર ચર્ચાયો હતો. ત્યારે સમગ્ર બાબતે અમદાવાદના ડીઈઓ દ્વારા સરકારી અને ગ્રાન્ટેડ શાળાઓને આદેશ કરવામાં આવ્યો હતો.

ડીઈઓ દ્વારા કરવામાં આવેલ આદેશમાં શિક્ષકોની સેવાપોથી ડિજિટલ સ્વરૂપે સાચવવા માટેના સૂચન કરવામાં આવ્યા હતા.

જેમાં તારીખ ૩૦ નવેમ્બર સુધીમાં શિક્ષકોની સર્વિસ બુક ડિજિટલાઈઝ કરવા સૂચના આપવામાં આવી હતી. જોકે ઘણી શાળાઓએ હજુ સુધી આદેશનો અમલ કર્યો નથી. ડીઈઓ દ્વારા આ બાબતે અગાઉ પણ આદેશ કરવામાં આવ્યો હતો.

ત્યારે સમગ્ર બાબતે તેઓ દ્વારા જણાવવામાં આવ્યું હતુ કે ૩૦ નવેમ્બર બાદ સેવાપોથી ડિજિટલ નહીં હોય તો આચાર્ય સામે પગલાં લેવાશે. ત્યારે આ આદેશને લઈ શિક્ષકો અને આચાર્યો દોડતા થયા છે. ત્યારે સમગ્ર બાબતે તેઓ દ્વારા જણાવવામાં આવ્યું હતુ કે ૩૦ નવેમ્બર બાદ સેવાપોથી ડિજિટલ નહીં હોય તો આચાર્ય સામે પગલાં લેવાશે. ત્યારે આ આદેશને લઈ શિક્ષકો અને આચાર્યો દોડતા થયા છે.

### થેલીઓનો ઉપયોગ નહીં કરવા છાસવારે સૂચનાઓ આપવામાં આવે

## ગાંધીનગર મનપાએ ગંદકી ફેલાવનાર સરગાસણના વેપારીઓને દંડ ફટકાર્યો

। (એજન્સી) ગાંધીનગર, તા.૧૩ ।

ગાંધીનગર મ્યુનિ. કોર્પોરેશનની સેનિટેશન, સૂએજ અને સ્ટ્રીટ-લાઈટ સમિતિના ચેરમેન અંકિત બારોટે મહનાગરપાલિકા વિસ્તારનાં TP-9 અને સરગાસણ ખાતે શાખાના અધિકારીઓને સાથે રાખી સરપ્રાઈઝ ચેકિંગ હાથ ધર્યું હતું. તે દરમિયાન ધંધાકીય એકમોમાં કચરા પેટી ન હોય, ગંદકી કરતા અને પ્લાસ્ટિકનો ઉપયોગ કરતા હોય તેવા ધંધાકીય એકમોમાં સઘન ચેકિંગ હાથ ધરી કસૂરવારો પાસેથી ૧૦ હજારનો દંડ વસુલ કરાયો હતો. ગાંધીનગરને સ્વચ્છ-સુંદર શહેર બનાવવા માટે મ્યુ. કોર્પોરેશન તંત્ર દ્વારા વિશેષ ધ્યાન આપવામાં આવી રહ્યું છે. વેપારીઓને કચરાની ડોલ, ગંદકી નહીં કરવા તેમજ પ્લાસ્ટિકની થેલીઓનો ઉપયોગ નહીં કરવા છાસવારે સૂચનાઓ આપવામાં આવે છે, તેમ છતાં ઘણા વેપારીઓ બેદરકારી દાખવી રહ્યાં છે તેમની સામે દંડાત્મક કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. આ અંગે સેનિટેશન શાખાનાં ચેરમેન અંકિત બારોટે જણાવ્યું કે, સ્વચ્છતાએ આપણી સામૂહિક જવાબદારી છે. ભારતનાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા સ્વચ્છતા મિશન ૧૦ વર્ષથી ચલાવવામાં આવી રહ્યું છે. જેમાં ગાંધીનગર મહનાગરપાલિકા પુરતો સહયોગ અને કામગીરી કરશે તે દિશામાં અધિકારીઓને સુચના આપવામાં આવી છે. માત્ર નાના વેપારીઓ જ નહિ મોટા બિલ્ડરો દ્વારા પણ સ્વચ્છતાનાં નિયમો પાલન થાય તે હેતુથી સ્વાગત ગ્રીન સીટી ગ્રુપની સાઈડની પણ મુલાકાત લેવામાં આવી હતી.જેમાં બિલ્ડીંગ મટીરીયલનો ઢગલો રોડ ઉપર દેખાતા તેઓને પણ મહાનગરપાલિકા દ્વારા નોટિસ આપવામાં આવી હતી અને ત્રણ દિવસમાં તમામ આજુબાજુની જગ્યા સ્વચ્છ કરવા માટે સમય આપવામાં આવ્યો હતો. આવનારા દિવસોમાં સેનિટેશન શાખા દ્વારા ગાંધીનગરનાં તમામ નાગરિકોની ફરિયાદનું મોનિટરીંગ કરાશે. જેથી ડીઝીટલ માધ્યમથી ગાંધીનગરની નાગરિકોની સમસ્યા ઝડપથી હલ થઈ શકે અને નાગરીકોનો સફાઈનો ટેક્ષના પૈસાનું યોગ્ય વળતર મળી શકે તેવું કામ સેનિટેશન શાખા દ્વારા કરવામાં આવશે.

## ડીસામાં બે મંદિરોમાંથી તસ્કરો ૪૫૦૦૦થી વધુની મત્તા ચોરી ગયા

। (એજન્સી) ડીસા, તા.૧૩ ।

ડીસા પંથકમાં હજુ ઠંડીનો ચમકારો જોવા મળ્યો નથી ત્યાં જ તસ્કરોએ ડીસામાં બે મંદિરોમાંથી રૂ. ૪૫ હજારથી વધુની મત્તાની ચોરી કરીને પોલીસને ચેતવણી આપી છે. ડીસાના મધ્યમાં આવેલી રત્નાકર સોસાયટીમાં આવેલા ગોગા મહારાજના મંદિરમાં તસ્કરો ત્રાટક્યા હતા અને સીસીટીવી અને ડીવીઆર જ તસ્કરો ચોરી ગયા હતા. રત્નાકર સોસાયટીમાં મંદિરમાં થયેલી ચોરીમાં સીસીટીવી અને ડીવીઆર સાથે સાથે રૂ. ૨૫૦૦ રોકડની પણ તસ્કરો ચોરી કરી ગયા છે. જ્યારે ગાયત્રી નગરમાં તસ્કરો દ્વારા મંદિરમાંથી ૪૫ હજાર રૂપિયા જેવી માતબર રકમની ચોરી કરી ગયા છે. તસ્કરો દ્વારા મંદિરમાં ચોરી થવાના કારણે ડીસાના રહીશોમાં ફફડાટ જોવા મળી રહ્યો છે. જ્યારે મંદિરના ભગવાન જ સુરક્ષિત ના હોય ત્યારે રહીશોની સુરક્ષાની જવાબદારી પોલીસ માટે એક મોટી જવાબદારી બની જાય છે. પોલીસે બંને મંદિરો પર પહોંચીને તપાસ હાથ ધરી છે. જ્યારે મંદિરના ભગવાન જ સુરક્ષિત ના હોય ત્યારે રહીશોની સુરક્ષાની જવાબદારી પોલીસ માટે એક મોટી જવાબદારી બની જાય છે.

### ટેકાના ભાવે મગફળીની ખરીદી શરૂ કરવામાં આવી

## રાજકોટ યાર્ડ મગફળી અને સોયાબીનથી ઉભરાયુ

। (એજન્સી) રાજકોટ, તા.૧૩ ।

ગુજરાતમાં આવેલા તમામ યાર્ડમાં ટેકાના ભાવે મગફળીની ખરીદી શરૂ કરવામાં આવી છે. આ વર્ષે સરકાર ૧૩૫૬ રૂપિયા પ્રતિ મણના ભાવે ખરીદી કરશે. ત્યારે રાજકોટ યાર્ડમાં ટેકાના ભાવે ખેડૂતો પાસેથી મગફળી ખરીદવાની શરૂઆત કરવામાં આવી છે. યાર્ડમાં મગફળીની સાથે સાથે તુવેર, ડુંગળી સહિતના પાકોની આવક થઈ રહી છે. યાર્ડમાં આજે વહેલી સવારથી જ મગફળી લઈને આવતા વાહનોના ૮ કિમી જેટલા રસ્તા પર થપ્પા જોવા મળ્યા હતા. ખેડૂતને મગફળી અને તુવેરના કેટલા ભાવ મળ્યા અહીં જાણીએ. રાજકોટ માર્કેટ યાર્ડમાં આજે ૧,૧૦,૦૦૦ ગુણી મગફળી, ૧૫ હજાર મણ કપાસ અને ૪૦ હજાર મણ સોયાબીનની આવક થઈ હતી. મગફળી, કપાસ અને સોયાબીનની સાથે સાથે માર્કેટ યાર્ડમાં આજે નવી તુવેરના પણ શ્રીગણેશ થયાં હતા. જીયાણા ગામના ખેડૂત ગોપાલભાઈ નવી



તુવેરના ૩ દાગીના લઈને માર્કેટ યાર્ડ પહોંચ્યા હતા. ખેડૂતને એક મણ તુવેરના ૨૫૨૫ રૂપિયા ભાવ મળ્યા હતા. યાર્ડમાં આજે મગફળીની ૩૨ હજાર ક્વિન્ટલ કરતાં વધારે આવક થઈ હતી. જાડી મગફળીના ખેડૂતોને ૯૮૦થી ૧૨૬૪ અને જીણી મગફળીના ૧૦૨૦થી ૧૨૧૫ રૂપિયા ભાવ મળ્યા હતા. જ્યારે કપાસની યાર્ડમાં ૩૨૦૦ ક્વિન્ટલ આવક થઈ હતી. કપાસના ખેડૂતોને ૧૩૫૦થી ૧૫૪૮ રૂપિયા ભાવ મળ્યા હતા.

**વિશેષ**

### ગાંધીગ્રામ પોલીસ સ્ટેશન ખાતે બળાત્કાર, જાનથી મારી નાખવાની ધમકી આપવા સહિતની કલમ હેઠળ ગુનો નોંધાવવામાં આવ્યો

## ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો, લગ્નના દિવસે જ પ્રેમીએ પરિણીતા સાથે બાંધ્યા શારીરિક સંબંધ

। (માહિતી) રાજકોટ, તા.૧૩ ।

શહેરમાં એક ચોંકાવનારો અજીબો ગરીબ કિસ્સો સામે આવ્યો છે. ૨૫ વર્ષીય પરિણીતા દ્વારા પ્રેમી વિરમ સાનિયા વિરુદ્ધ ગાંધીગ્રામ પોલીસ સ્ટેશન ખાતે બળાત્કાર, જાનથી મારી નાખવાની ધમકી આપવા સહિતની કલમ હેઠળ ગુનો નોંધાવવામાં આવ્યો છે. વિરમ સાનિયા દ્વારા ૨૫ વર્ષીય પરિણીતાના લગ્નના જ દિવસે તેણીની સાથે બળજબરીપૂર્વક શારીરિક સંબંધ બાંધ્યો હોવાનું જણાવ્યું છે. આરોપી દ્વારા પરિણીતા સાથે મિત્રતા કેળવી WhatsApp મારફતે વાતચીત કરવામાં આવતી હતી. તેમજ પોતાની બોલેરો ગાડીમાં નશાકારક પદાર્થ પીવડાવી પરિણીતાને બેભાન કરવામાં આવી હતી. ત્યારબાદ તેની સાથે શારીરિક સંબંધ બાંધી તેણીનો બીભત્સ વીડિયો ઉતારી તે વીડિયોના આધારે પરિણીતાને અલગ અલગ જગ્યાએ લઈ જઈ તેની મરજી વિરુદ્ધ શારીરિક સંબંધ બાંધ્યા હોવાનું સામે આવ્યું છે. તેમજ જો પરિણીતા શારીરિક સંબંધ નહીં રાખે તો તેના અંગત ફોટા તથા વીડિયો વાયરલ કરી દેશે તે પ્રકારની ધમકી આપવામાં આવી હતી.છેલ્લા બે મહિનાથી પોતાના પિયર ખાતે રહેતી ૨૫ વર્ષીય પરિણીતાએ ગાંધીગ્રામ પોલીસને આપેલી ફરિયાદમાં જણાવ્યું છે કે, વર્ષ ૨૦૨૧ માં લગ્ન પ્રસંગ દરમિયાન તેની મુલાકાત વિરમ સાનિયા નામના વ્યક્તિ સાથે થઈ હતી. શરૂઆતના સમયમાં વિરમ સાનિયા દ્વારા ફરિયાદીને ફ્રેન્ડ રિક્વેસ્ટ મોકલવામાં આવી હતી. ત્યારબાદ બંને વચ્ચે Facebook ઉપર અને ત્યારબાદ એકબીજાના મોબાઈલ નંબરની આપ-લે થતા WhatsAppમાં વાતચીત થતી હતી. આજથી બે વર્ષ પૂર્વે વિરમ સાનિયાએ પરિણીતાને મળવા બોલાવતા તે




વિરમ સાથે તેની બોલેરો કારમાં ગઈ હતી. બોલેરો કારમાં વિરમે થમ્સઅપ પીવડાવી હતી. જે પીધા બાદ તેણી બેભાન થઈ ગઈ હતી.ત્યારે બેભાન અવસ્થામાં વિરમે યુવતી સાથે બળજબરીપૂર્વક શારીરિક સંબંધ બાંધ્યો હતો. તેમજ તેનો બીભત્સ પ્રકારના વીડિયો પણ ઉતારી લીધો હતો. ત્યારબાદ વિરમે ધમકી આપીને કહ્યું હતું કે, "જો તું સમગ્ર મામલે તારા ઘરના સભ્યોને વાત કરીશ તો હું તારો વિડીયો વાયરલ કરી અને બદનામ કરી નાખીશ." પાંચ મહિના બાદ વિરમ દ્વારા અલગ અલગ જગ્યાએ લઈ જઈ અલગ અલગ સમયે બળજબરીપૂર્વક શારીરિક સંબંધ પણ બાંધવામાં આવ્યા હતા.૨૮ એપ્રિલ ૨૦૨૪ ના રોજ મારા તેમજ મારા ભાઈના લગ્ન હતા. તે દિવસે વિરમનો મને WhatsApp કોલ આવ્યો હતો અને કહ્યું હતું કે "હું તારા ઘરે આવું છું." જેથી મેં તેને મારા ઘરે આવવાની ના પાડતા તેણે મારો ઉતારેલો વીડિયો વાયરલ કરવાની ધમકી આપી હતી. તેમજ મારા ભાઈના લગ્ન પણ તોડાવી નાખવાની ધમકી આપી હતી. જેથી મેં વિરમને છેલ્લી વાર કરે મળવા માટે બોલાવતા તેણે મારી સાથે બળજબરી પૂર્વક શારીરિક સંબંધ બાંધ્યા હતા. તેમજ તે બાબતના ફોટા વિરમે પોતાના મોબાઈલમાં પાડી મારા ઘરેથી જતો રહ્યો હતો. લગ્ન બાદ પણ હું જ્યારે મારા પિયરમાં આવી ત્યારે પણ વિરમે મારી સાથે બળજબરીપૂર્વક શારીરિક સંબંધ બાંધ્યો હતો. પિયર ખાતેથી હું જ્યારે સાસરીમાં આવી ત્યારે પણ વિરમ અવારનવાર મને WhatsApp કોલ કરી હેરાન પરેશાન કરતો હતો. જે બાબતની જાણ મારા પતિને થતા મારા પતિએ વિરમને મને હેરાન પરેશાન ન કરવાનું જણાવ્યું હતું. ત્યારે વિરમે પણ મારા પતિને ધમકી આપી હતી. તેમજ ત્યારબાદથી મારા પતિએ મારા ભાઈને ફોન કરીને મને પિયર લઈ જવાનું જણાવ્યું હતું. પિયર ખાતેથી હું જ્યારે સાસરીમાં આવી ત્યારે પણ વિરમ અવારનવાર મને WhatsApp કોલ કરી હેરાન પરેશાન કરતો હતો. જે બાબતની જાણ મારા પતિને થતા મારા પતિએ વિરમને મને હેરાન પરેશાન ન કરવાનું જણાવ્યું હતું. ત્યારે વિરમે પણ મારા પતિને ધમકી આપી હતી. તેમજ ત્યારબાદથી મારા પતિએ મારા ભાઈને ફોન કરીને મને પિયર લઈ જવાનું જણાવ્યું હતું.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨





સ્વામિનારાયણ સંપ્રદાયના સંતો ભાવિ પેઢીને ભારતીય સંસ્કૃતિ અને જીવનમૂલ્યો સાથે જોડવાનું કાર્ય કરી રહ્યા છે : રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજી, રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ વડતાલ ખાતે ગો મહિમા દર્શન-પ્રદર્શનની મુલાકાત લઈ પ્રાકૃતિક ખેતી કરવા માટે પ્રોત્સાહન પૂરું પાડ્યું

## અપહરણ કરી દુષ્કર્મ આચરનારને ૨૦ વર્ષની સખત કેદની સજા



। (એજન્સી) સુરતી, તા.૧૩ ।

સુરત શહેરના લિંબાયત વિસ્તારમાં માનસિક દિવ્યાંગ સગીરાનું અપહરણ કરી દુષ્કર્મ આચરવાના કેસમાં ઘર નજીક રહેતા યુવકને કોર્ટે આકરી સજા ફટકારી છે. વાસનામાં અંધ બનેલા આ મહારાષ્ટ્રીયન યુવકને કોર્ટે કસૂરવાર ઠેરવી ૨૦ વર્ષની સખત કેદની સજા ફટકારી હતી. કોર્ટે આદેશમાં પીડિતાને રૂ.૫ લાખનું વળતર ચૂકકવવાનો પણ હુકમ કર્યો હતો. આ કેસની વિગત મુજબ લિંબાયતમાં રહેતા મહારાષ્ટ્રીયન પરિવારની માનસિક દિવ્યાંગ સગીર દીકરી હતી. ગત.તા.૧૮.૭-૨૦૨૨ના રોજ સગીર દિકરી પોતાના ઘરની બાલ્કનીમાં ઉભી હતી. તે વખતે તેમના ઘર નજીક રહેતો ૨૭ વર્ષીય યુવક ઘર પાસે આવ્યો હતો. પ્રથમ એક ચિઠ્ઠી આપી હતી. ત્યારબાદ ત્યારબાદ બીજી ચિઠ્ઠી આપ્યા બાદ સગીરાને ઈશારો કરી પોતાની પાસે બોલાવી હતી. ચિઠ્ઠીમાં તેણે લખ્યું હતું કે : હું કહું ત્યારે મને ફોન કરજે, અને ઘરે જઈને આ ચિઠ્ઠી ફાડી નાંખજે, તારી મમ્મીને નહીં દેખાડતી'' આમ આરોપીના સંપર્કમાં આવ્યા બાદ તેણીને આરોપી યુવક પોતાના સ્કુટર ઉપર બળજબરીથી બેસાડીને લિંબાયત સ્કાય-૯ એપાર્ટમેન્ટ સાંઈનાથ ચાર રસ્તા પાસે આવેલા ખુલ્લા પ્લોટમાં લઈ ગયો હતો. જ્યાં માનસિક દિવ્યાંગ સગીરા સાથે દુષ્કર્મ આચર્યું હતું. બદકામ કર્યા બાદ સગીરાને આ અંગે કોઈને કહેશે તો જાનથી મારી નાંખવાની ધમકી આપી એક મંદિર પાસે છોડીને ફરાર થઈ ગયો હતો. આ અંગે લિંબાયત પોલીસ સ્ટેશનમાં અપહરણ, બળાત્કાર અને પોક્સો સહિતના આરોપ સર ગુનો નોંધાયો હતો. આ કેસની ઈન્સાફી કાર્યવાહી સુરત કોર્ટમાં ચાલી હતી. કોર્ટે આરોપી યુવકને આ ગુનામાં કસુરવાર ઠેરવી ૨૦ વર્ષની સખત કેદની સજા અને રૂ ૧૫૦૦૦નો દંડ કર્યો હતો. તદુપરાંત ગુજરાતની ભોગ બનનારને વળતર માટેની યોજના ૨૦૧૯ના નિયમો અનુસાર રૂ.૫ લાખ પીડિતાને ચુકવવા પણ આદેશ કર્યો હતો. આ અંગે લિંબાયત પોલીસ સ્ટેશનમાં અપહરણ, બળાત્કાર અને પોક્સો સહિતના આરોપ સર ગુનો નોંધાયો હતો. આ કેસની ઈન્સાફી કાર્યવાહી સુરત કોર્ટમાં ચાલી હતી. કોર્ટે આરોપી યુવકને આ ગુનામાં કસુરવાર ઠેરવી ૨૦ વર્ષની સખત કેદની સજા અને રૂ ૧૫૦૦૦નો દંડ કર્યો હતો. તદુપરાંત ગુજરાતની ભોગ બનનારને વળતર માટેની યોજના ૨૦૧૯ના નિયમો અનુસાર રૂ.૫ લાખ પીડિતાને ચુકવવા પણ આદેશ કર્યો હતો.

## બીજેપી મણિનગર વોર્ડ સતત 3 જા દિવસે વય વંદના કાર્ડ કેમ્પ



પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા ભારતના ૭૦ વર્ષ થી વધુ ઉંમરના વરિષ્ઠ નાગરિકોને આયુષ્યમાન કાર્ડ બનાવી આપવા માટે મણિનગરમાં ધારાસભ્ય શ્રી અમુલભાઈ ભટ્ટના માર્ગદર્શનમાં કાઉન્સિલર કરણ ભટ્ટ દ્વારા આયોજન કરવામાં આવ્યુ હતું... કરણ ભટ્ટ (મ્યુ કોર્પોરેટર મણિનગર વોર્ડ)

### એરપોર્ટની સુવિધાથી નારાજ મુસાફરોએ સોશિયલ મીડિયા પર રોષ ઠાલવ્યો

## દિવાળી વેકેશનમાં એરપોર્ટ પર પેસેન્જરનો રેકોર્ડ બ્રેક ધસારો

### એરપોર્ટ સંચાલકોના દાવા મુજબ માત્ર ઓક્ટોબર માસમાં જ પોણા દસ લાખ મુસાફરોના એરપોર્ટ પર આવાગમન થયા છે

। (એજન્સી) અમદાવાદ, તા.૧૩ ।



અમદાવાદ એરપોર્ટ પર ફ્લાઈટની સાથે સાથે મુસાફરોની સંખ્યામાં પણ સતત વધારો થઈ રહ્યો છે. મુસાફરોને સુવિધા નહીં મળતાં તેઓ સતત સોશિયલ મીડિયા પર રોષ ઠાલવી રહ્યા છે. એરપોર્ટ સંચાલકોના દાવા મુજબ માત્ર ઓક્ટોબર માસમાં જ પોણા દસ લાખ મુસાફરોના એરપોર્ટ પર આવાગમન થયા છે. મુસાફરોને કોઈ પરેશાની ન થાય, તેમની સુરક્ષા માટે સ્થાનિક પોલીસ સતત દોડતી રહી છે. પોલીસની તકેદારીને લઈને એરપોર્ટ મુસાફરો સુરક્ષિત રહ્યા હતા. ગૃહ મંત્રી સહિતના વીવીઆઈપીના આગમનને લઈને થ્રી લેયર સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી. અમદાવાદ એરપોર્ટ સંચાલકોના દાવા મુજબ ઓક્ટોબર માસમાં એરપોર્ટ પરથી ૪.૯૫ લાખ મુસાફરોએ પ્રસ્થાન કર્યું હતું. ૪.૮૫ લાખ મુસાફરોના આગમન થયા છે. રેકોર્ડ બ્રેક મુસાફરોના આવાગમન ટાણે મુસાફરોને સુવિધા પૂરી પાડવામાં એર પોર્ટ તંત્ર નિષ્ફળ સાબિત થઈ રહ્યું હોય તેવા ફીડબેક મુસાફરો દ્વારા સોશિયલ મીડિયા પર પોસ્ટ કરવામાં આવી રહ્યા છે. બન્ને ટર્મિનલ પાસે પોલીસના પેટ્રોલિંગને લઈને પણ મુસાફરોને રાહત રહી હતી. આ ઉપરાંત નવરાત્રિ- દિવાળી ટાણે કેન્દ્રીય ગૃહ મંત્રી સહિતની વીવીઆઈપી મૂવમેન્ટમાં પણ પોલીસે ખડેપગે સેવા આપી હતી.એરપોર્ટ સંચાલકો દ્વારા નવા ચેક હોલ, એરોબ્રિજમાં વધારો, બેઠક ક્ષમતામાં વધારો કરવાના દાવા કરવામાં આવી રહ્યા છે ત્યારે જ મુસાફરો દ્વારા ફૂડકોર્ટમાં ગંદકી, તૂટેલી ટ્રોલી, મુસાફરોના અપમાન અને તેમને સુવિધાઓ નહીં મળતી હોવાની રજૂઆત કરવામાં આવી રહી છે.

### રખિયાલ પોલીસે બે યુવક વિરુદ્ધ ગુનો નોંધ્યો

## દારૂની હેરાફેરી કરો છો કહી બે શખ્સે એક્ટિવાચાલકના ૧.૬૧ લાખ લૂંટી લીધા

### સીટીએમ રહેતા વ્યક્તિ સારંગપુર ઘંટાકર્ણ માર્કેટમાં કુરિયર કંપનીમાં નોકરી પૂર્ણ કરીને રાત્રે તેના સાથી મિત્ર સાથે ઘરે પાછા આવી રહ્યા હતા

। (એજન્સી) અમદાવાદ, તા.૧૩ ।



સીટીએમ ચાર રસ્તા નજીક રહેતા વ્યક્તિ સારંગપુર ઘંટાકર્ણ માર્કેટમાં કુરિયર કંપનીમાં નોકરી પૂર્ણ કરીને રાત્રે તેના સાથી મિત્ર સાથે ઘરે પાછા આવી રહ્યા હતા. આ સમયે રખિયાલ નિશાન ઈન્ડસ્ટ્રી કંપનીના ગેટ પાસે પહોંચ્યા તે સમયે નંબર પ્લેટ વગરની એક્ટિવા લઈને આવેલા બે શખ્સોએ તમે દારુની હેરાફેરી કરો છો તેવું કહીને નોકરીયાત બંને વ્યક્તિને ઊભા રાખ્યા અને તેમના વાહનની ડેકી ખોલાવીને તપાસ કરવા લાગ્યા હતા. થોડીવારમાં એક્ટિવા પર આવેલા બે શખ્સોમાં એક આરોપી યુવકે તેની પાસે રહેલી છરી કાઢીને યુવકના સાથીકર્મીના ગરદન પર મૂકીને ખિસ્સામાંથી રોકડા રૂ. ૧૧ હજાર કાઢી લીધા હતા અને ગળામાં પહેરેલી સોનાની ચેઈન લૂંટીને બંને ફરાર થઈ ગયા હતા. આ મામલે યુવકે રખિયાલ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.સીટીએમ નજીક યશવિજય સોસાયટીમાં પરિવાર સાથે રહેતા રજનીકાંત પટેલ (ઉં. ૪૬) સારંગપુર ઘંટાકર્ણ માર્કેટમાં કુરિયર કંપનીમાં નોકરી કરે છે. તેમની સાથે નોકરી પર તેમનો મિત્ર મુકેશ પણ રોજ સાથે અવરજવર કરતા હોય છે. ૯ નવેમ્બરે રાત્રે રજનીકાંત અને મુકેશ નોકરીથી છુટીને એક જ ટુ-વ્હીલર ઘરે જતા હતા. રખિયાલ નિશાન ઈન્ડસ્ટ્રીઝ પાસે પહોંચ્યા ત્યારે પાછળથી નંબર પ્લેટ વિનાની કાળા કલરની એક્ટિવા પર આવેલા બે યુવકોએ રજનીકાંત ભાઈના ટુ-વ્હીલરને ઊભું રાખાવ્યું અને દારુની હેરાફેરી કરો છો તેમ કહીને તેમના વાહનની ડેકીની તપાસ કરવા લાગ્યા હતા.

### શાહીબાગની નર્સને વિદેશ જવાની ઇન્સ્ટાગ્રામની લીંક પર ક્લીક કરવી ભારે પડી હોવાનો ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે

## યુએનમહેતા હોસ્પિટલની, નર્સને ડિજિટલ એરેસ્ટ કરી સાયબર ગઠિયાએ ૧.૩૧ લાખ પડાવી લીધા

શાહીબાગની નર્સને વિદેશ જવાની ઇન્સ્ટાગ્રામની લીંક પર ક્લીક કરવી ભારે પડી હોવાનો ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે

। (એજન્સી) અમદાવાદ, તા.૧૩ ।




શાહીબાગની નર્સને વિદેશ જવાની ઈન્સ્ટાગ્રામની લીંક પર ક્લીક કરવી ભારે પડી હોવાનો ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. યુએન મહેતા હોસ્પિટલની નર્સને ડિજિટલ એરેસ્ટ કરી ગઠિયાઓએ રૂ. ૧.૩૧ લાખ પડાવી લીધા છે. ગઠિયાઓએ પાર્સલના ટેક્સ, સીબીઆઈ અને પોલીસના નામે ઓનલાઈન પૈસા મેળવ્યા હતા. આ મામલે યુવતીએ શાહીબાગ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. શાહીબાગ વિસ્તારમાં ૨૪ વર્ષીય સોનલ ડામોર પરિવાર સાથે રહે છે અને સિવિલ હોસ્પિટલ કેમ્પસમાં યુએન મહેતા હોસ્પિટલમાં નર્સ તરીકે ફરજ બજાવે છે. તે દાહોદમાં બેંક ઓફ બરોડા લીમડી શાખામાં સેવિંગ્સ એકાઉન્ટ ધરાવે છે. ૧ ઓક્ટોબરે સોનલ ઘરે હતી અને ઈન્સ્ટાગ્રામ પર રીલ જોતી હતી ત્યારે અચાનક જ યુનાઈટેડ કિંગડમ એબ્રોડ જવા માટેની એક જાહેરાત આવી હતી. સોનલને એબ્રોડ જવાનો વિચાર હતો તેથી તેણે જાહેરાત પર ક્લીક કરી ત્યારે વોટ્સએપ પર એપ્લિકેશન ખુલી હતી અને તેમાં ડોક્યુમેન્ટની માગણી કરવામાં આવી હતી. સોનલે જણાવ્યું હતું કે, પરિવાર સાથે ચર્ચા કરી ડોક્યુમેન્ટ મોકલીશ. એક અવાડિયા બાદ જે વોટ્સ એપ પરથી સોનલને મેસેજ આવ્યો તે નંબર પર તેણે મેસેજ કરી વિદેશ જવા ઈનકાર કરી દીધો હતો. ૬ ઓક્ટોબરે અજાણ્યા નંબરથી મેસેજ આવ્યો હતો અને તેણે એકપાર્સલ મોકલ્યું છે જે ઘરે આવી જશે તેમ કહ્યું હતું. સોનલે મારે કોઈ જ પાર્સલ જોઈતું નથી તેવો મેસેજ કર્યો હતો. ૭ ઓક્ટોબરે અજાણ્યા વોટ્સ એપ નંબરથી કોલ આવ્યો હતો અને સામેવાળી વ્યક્તિએ દિલ્હી એરપોર્ટ પોલીસમાંથી બોલુ છું તમારા પાર્સલમાં કિંમતી વસ્તુઓ છે જેમાં આઈફોન, વોચ, ૬૦૦ પાઉન્ડ, ડાયમંડ રિંગ, એપલ ઈયરબર્ડ સહિતની વસ્તુઓ છે આ પાર્સલ જોઈતું હોય તો ૨૨ હજાર ટેક્સ ભરવો પડશે. જો કે, સોનલે પાર્સલ લેવાનો ઈનકાર કરી દીધો હતો. પછી પાછો ફોન આવ્યો હતો અને ટેક્સ ભરવો જ પડશે જો નહીં ભરો તો પોલીસ પકડી લેશે. આવા ડરને કારણે સોનલે ૨૨ હજાર મોકલી આપ્યા હતા. ૮ ઓક્ટોબરે ફરી વોટ્સ એપ પર સીબીઆઈમાંથી બોલુ છું તમારું જે પાર્સલ મંગાવ્યું હતું તેના ટેક્સ પેટે ૩૨ હજાર ભરવા પડશે. જેથી બીજા ૩૨ હજાર મોકલ્યા હતા અને પછી બીજા ૭ હજાર પણ મોકલ્યા હતા.

## ચીનના કટ્ટર ટીકાકાર રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર તરીકે નિયુક્ત

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૧૩ ।

ટ્રમ્પે માઈક વોલ્ટ્ઝને NSA બનાવ્યા, ચીનના કટ્ટર ટીકાકાર રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર તરીકે નિયુક્તઅમેરિકી રાષ્ટ્રપતિની ચૂંટણી જીતી ચૂકેલા ડોનાલ્ડ ટ્રમ્પ ધીમે-ધીમે પોતાની ટીમ બનાવવામાં વ્યસ્ત છે. આ સંદર્ભમાં તેમણે માઈક વોલ્ટ્ઝને તેમના રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર તરીકે નિયુક્ત કર્યા છે. વોલ્ટ્ઝ,યુએસ સેનેટમાં ઈન્ડિયા કોકસના વડા રહ્યા છે. તેઓ અમેરિકા માટે મજબૂત સંરક્ષણ વ્યૂહરચનાની હિમાયત કરે છે. તે દેશની સુરક્ષાને વધુ મજબૂત કરવાના ટ્રમ્પના વચનોના મજબૂત સમર્થક છે. રશિયા-યુક્રેન યુદ્ધ અને મધ્ય પૂર્વમાં લાંબા સમયથી ચાલી રહેલા યુદ્ધમાં માઈક વોલ્ટ્ઝ મહત્વની ભૂમિકા ભજવી શકે છે.વડાપ્રધાન નરેન્દ્ર મોદીની વર્ષ ૨૦૨૩માં યુએસ મુલાકાત દરમિયાન કેપિટોલ હિલ ખાતેના ઐતિહાસિક ભાષણને ગોઠવવામાં પણ માઈક વોલ્ટ્ઝે મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. સેનેટના ઈન્ડિયા કોકસમાં કુલ ૪૦ સભ્યો છે. તે ૨૦૦૪માં ન્યૂ યોર્કના તત્કાલિન સેનેટર હિલેરી ક્લિન્ટન અને સેનેટર જ્હોન કોર્નિન દ્વારા બનાવવામાં આવ્યું હતું. આ સેનેટનું સૌથી મોટું કોકસ છે.૫૦ વર્ષીય માઈક આર્મી નેશનલ ગાર્ડના નિવૃત્ત અધિકારી છે. તેઓ ત્રણ વખત ફ્લોરિડાનું સંસદમાં પ્રતિનિધિત્વ કરી ચૂક્યા છે. તેઓ ગૃહની સશસ્ત્ર સેવા ઉપસમિતિના અધ્યક્ષ રહી ચૂક્યા છે. તેઓ ગૃહની વિદેશ બાબતોની સમિતિના સભ્ય પણ રહી ચૂક્યા છે. માઈકને લશ્કરી અનુભવી તરીકે બહોળો અનુભવ છે. તેમણે વર્જિનિયા મિલિટરી ઈન્સ્ટિટ્યૂટમાંથી સ્નાતક થયા અને ફ્લોરિડા ગાર્ડમાં જોડાતા પહેલા ચાર વર્ષ આર્મીમાં સેવા આપી છે.

## કામની શોધમાં આવેલા બે યુવકોના ટ્રેન અડફેટે મોત

। (એજન્સી) સુરત, તા.૧૩ ।

સુરત શહેરના સચિન-ભેસ્તાન રેલવે ટ્રેક પર ગઈકાલે રાત્રે પરપ્રાંતિય બે યુવકોના ટ્રેનની ઝપટે મોત થયું હતું. જ્યારે અન્ય એક યુવક લાપતા હોવાનું મૃતકોના પરિવારનું કહેવું છે. બંને મૃતકો બે દિવસ પહેલા જ વતન યુપીથી સુરત રોજીરોટીની શોધમાં આવ્યા હતા. અને જરીના કારખાનામાં કામ અર્થે જતા હતા તે વખતે જ આ ઘટના બની હતી.પ્રાપ્ત માહિતી અનુસાર મૂળ યુપીના જોનપૂરના વતની ૨૪ વર્ષીય દીનુ વિશ્રામભાઈ નિશાદ અને ૨૨ વર્ષીય આકાશ ઉર્ફે બડકુ શ્રીપાલ નિશાદ હાલ શહેરના સચિન વિસ્તારમાં આવેલા પાલી ગામ ખાતે શિવાંજલિ સોસાયટીમાં રહેતા હતા. બંને યુવકો બે દિવસ પહેલા જ વતન યુપીથી સુરત રોજીરોટીની શોધમાં આવ્યા હતા. બંને મિત્રો ગઈકાલે મોડી રાત્રે જરીના કારખાનામાં કામ અર્થે ઘરેથી નીકળ્યા હતા. દરમિયાન સચિન ભેસ્તાન રેલવે ટ્રેક પરથી પસાર થતાં હતા. ત્યારે વડનગર વલસાડ એક્સપ્રેસ ટ્રેનની ઝપટે ચઢ્યા હતા. સર્જાયેલી આ ઘટનામાં બંનેના સ્થળ પર જ મોત થયા હતા. આ બનાવ અંગે બંને મૃતકોના પરિવારને જાણ કરાતા પરિવારજનો ઉપર દુખનો ડુંગર તૂટી પડ્યો હતો. બંને મૃતકો સાથે અન્ય એક યુવક પણ સાથે હોવાનું મૃતકના નજીકના લોકોનું કહેવું છે અને તે પણ અકસ્માત પછી લાપતા થયો છે. આ બનાવ અંગે સુરત રેલવે પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી વધુ તપાસ શરૂ કરી છે.

## સુરતમાં સગા બાપે જ દિકરી ઉપર નજર બગાડી અડપલાં કર્યા

। (એજન્સી) સુરત, તા.૧૩ ।

બાપ-દીકરીના પવિત્ર સંબંધને લાંછન લગાવતો કિસ્સો સુરતમાં સામે આવ્યો છે. હવસખોર સગા પિતાએ જ પોતાની પુત્રી ઉપર નજર બગાડી હતી. દીકરી જ્યારે ઘરે એકલી હોય ત્યારે તેની સાથે અડપલાં કરતો હતો. યુવાન દીકરી પિતાના ત્રાસથી કંટાળીને આખરે પોલીસ પાસે પહોંચી હતી. પોલીસે ગુનો નોંધીને નરાધમ પિતાની ધરપકડ કરી છે.કાપોદ્રા પોલીસ મથકેથી મળતી વિગતો અનુસાર આરોપી પિતા તેની દીકરી સાથે રાત્રિના સમયે એકલતાનો લાભ લઈને પાસે સૂઈ ગયો હતો. અંગો ઉપર હાથ ફેરવીને અડપલાં કર્યા હતાં. દીકરી જાગી જાય તો સૂવાનું નાટક કરવા લાગતો હતો. આખરે દીકરીએ સમગ્ર ઘટના અંગે માતાને વાત કરી હતી. માતાના પગ તળેથી જમીન સરકી ગઈ હતી. માતાએ હિંમત આપતા દીકરીએ કરેલી ફરિયાદના આધારે પોલીસે પિતાની ધરપકડ કરી છે.પોલીસ ફરિયાદમાં જણાવ્યા પ્રમાણે પિતાએ દીકરીની સાથે ગત ૨૯ ઓક્ટોબરથી ૧ નવેમ્બર દરમિયાન રાત્રિના સમયે એકલતાનો લાભ ઉઠાવી દીકરી સાથે શારીરિક અડપલાં કર્યા હતા.

## તંત્રી લેખ...

# ખેડા જિલ્લાના નડિયાદ, અરેરા અને માતર પાસેના 3 માર્ગ અકસ્માતોમાં ત્રણનાં મોત

નડિયાદ મરીડા રીંગરોડ પર હેલીપેડ ચોકડી પાસે તેમજ નડિયાદના અરેરા ગામની સીમાના વડોદરા અમદાવાદ એક્સપ્રેસ હાઈવે રોડ પર અને માતર નજીક નેશનલ હાઈવે નંબર ૪૮ પર સર્જાયેલ વિવિધ ત્રણ માર્ગ અકસ્માતમાં ત્રણ વ્યક્તિઓના મૃત્યુ નીપજયા છે. જે સંદર્ભે જુદા જુદા પોલીસ મથકે ફર્યાદ નોંધાઈ છે. આ અગે મળતી માહિતી મુજબ, ઉમરેઠના વણસોલ ગામના હેમરાજપુરામાં રહેતા કીરીટભાઇ ખાતરભાઈ ચૌહાણ ઉ.વ ૪૦ બપોરના બાઈક નંબર **GJ-23-DU-4009** પાછળ કુટુંબી ભત્રીજા અંકિત ઉ.વ ૧૪ ને બેસાડી દસક્રોઈ તાલુકાના ઉંદરેલ ગામે સાસરીમાં જવા નીકળ્યા હતા. આ સમયે બાઈક નડિયાદ નજીક રીંગરોડ પર હેલીપેડ ચોકડી થી આગળ પાર્થ પાર્ટી પ્લોટ પાસે પસાર થતું હતું ત્યારે રોડ પર પૂરપાટ આવતી કાર નંબર **GJ-06-KD-8504**એ બાઈક ને જોરદાર ક્કર મારી હતી જેને લઈ બાઈક સહી તો રોડ પર પટકાવવાથી ચાલક કિરીટભાઈ ગંભીર ઈજાગ્રસ્ત થવાની સાથે પાછળ બેઠેલ ભત્રીજો અંકિત પણ ઈજાગ્રસ્ત થયો હતો જેથી કાકા ભત્રીજાને સારવાર અર્થે નડિયાદ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા જ્યાંથી ગંભીર ઈજાગ્રસ્ત કિરીટભાઈને વધુ સારવાર અર્થે અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા જ્યાં તેમણે સારવાર દરમિયાન મોત નિપજ્યું હતુ. જે સંદર્ભે નડિયાદ શહેર પોલીસે કારના ચાલક વિરુદ્ધ ગુનો નોધી તપાસ હાથ ધરી છે જ્યારે નડિયાદના અરેરા ગામની સીમમાં વડોદરા અમદાવાદ એક્સપ્રેસ હાઈવે રોડ પર રાતના આઈસર ટેમ્પો નંબર જી.જે.૦૧ બી.ટી. ૮૭૧૨ ઉભો રાખી ચાલક ભુપેન્દ્ર ભગવાનદીન પટેલ ઉ.વ. આશરે ૪૦ રોડ પર ઊભા રહી લઘુ શંકા કરતા હતા. આ સમયે હાઈવે રોડ પર પુર ઝડપે આવતી આઈસર નંબર જી.જે.૧૮ બી.ટી. ૬૦૪૦ એ લઘુ શંકા કરતા ભુપેન્દ્ર પટેલને જોરદાર ટક્કર મારી હતી જેને લઈ શરીરે ગંભીર ઈજાગ્રસ્ત થયેલ તેમનુ ઘટના સ્થળે જ કમ કમાટી ભર્યું મૃત્યુ નિપજ્યું હતુ. આ બાબતે નડિયાદ ગ્રામ્ય પોલીસે આ અંગે આઈસરના ચાલક વિરુદ્ધ ગુનો નોધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે. જયારે ત્રીજો બનાવ માતરના રતનપુર ગામમાં રહેતા હબીબમીયા અહેમદમીયા કુરેશી સવારના બાઈક નંબર જી.જે ૦૭ ઈ.એમ ૬૪૫૫ લઈ માતર ગામમાં આવેલ નવગજે પીરની દરગાહ ઉપર ભરાતા છઠ્ઠી શરીફના મેળામાં ગયા હતા.

# રાજ્યના ૧૪ નગરો અને એક મહાનગરમાં બહુવિધ વિકાસ માટે ૨૫૪ કરોડ રૂપિયાના કામોને મંજૂરી

નગરો-મહાનગરોમાં લોક સુવિધા-સુખાકારીના કામો માટે આ યોજના અંતર્ગત સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓને રકમ ફાળવવામાં આવે છે. તદઅનુસાર, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનામાંથી આ ૨૫૩.૯૪ કરોડ રૂપિયા મંજૂર કર્યા છે.તેમણે જસદણ નગરપાલિકાને ભાદર નદી પર રિવરફ્રન્ટના આગવી ઓળખના કામ માટે રૂ. ૬ કરોડ, હાલોલ નગરપાલિકામાં ટાઉનહોલ નિર્માણ માટે રૂ. ૧૦.૨૯ કરોડ અને વિરમગામ નગરપાલિકામાં રોડ વાઈડનીંગ અને નવીન ફોર્ટ વોલ માટે રૂ. ૮.૬૪ કરોડના કામોની મંજૂરી આપી છે. એટલું જ નહીં, જુનાગઢ મહાનગરપાલિકાને સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ, ટાઉનહોલ તેમજ નરસિંહ વિદ્યા મંદિર બિલ્ડીંગ હેરિટેજના કામ માટે ૪૦ કરોડ રૂપિયા મંજૂર કર્યા છે.શહેરની આગવી ઓળખ ઉભી થાય તેવા કામોમાં હેરિટેજ અને પ્રવાસન, પ્રદર્શન હોલ, ટ્રાફિક સર્કલ આઈલેન્ડ્સ, વોટર બોડી લેન્ડ સ્કેપિંગ, રીવરફ્રન્ટ, લેક બ્યુટીફિકેશન, મ્યુઝિયમ, આઈકોનિક બ્રિજ વગેરે કામો તેમજ શહેરોની શોભામાં અભિવૃદ્ધિ કરતા આઈકોનિક કામોનો સમાવેશ થાય છે.મુખ્યમંત્રીએ પારડી નગરપાલિકાને વરસાદી પાણીના નિકાલ માટે સ્ટોર્મ વોટર ડ્રેનેજના કામો માટે રૂપિયા ૨૫.૨૯ કરોડ તથા પાટણ નગરપાલિકાને આ જ પ્રકારના કામો માટે રૂપિયા ૨૫.૫૨ કરોડ મંજૂર કર્યા છે. વેરાવળ-પાટણ નગરપાલિકાને સોમનાથ ટ્રસ્ટ એરીયા અને વેરાવળ પાટણના બાકી રહેતા વિસ્તારો માટે ભૂગર્ભ ગટર અને પાણી પુરવઠાના કામો માટે રૂ. ૨૬.૬૯ કરોડ મુખ્યમંત્રીએ મંજૂર કર્યા છે.આ ઉપરાંત તેમણે કરમસદ નગરપાલિકાને રૂ.૨૪.૫૪ કરોડ, ઉમરગામ નગરપાલિકાને રૂ.૧૪.૯૩ કરોડ તથા બિલીમોરા નગરપાલિકાને રૂ.૯.૧૧ કરોડ ભૂગર્ભ કરોડ યોજના માટે મંજૂર કર્યા છે.ભૌતિક આંતરમાળખાકિય સુવિધાના આ કામો અન્વયે સમગ્રતયા કુલ રૂ. ૧૨૬.૦૮ કરોડના કામોને સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અન્વયે મંજૂરી આપવામાં આવી છે.

સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અન્વયે ભૌતિક આંતરમાળખાકીય સુવિધાના કામોમાં પાણી પુરવઠા, ભૂગર્ભ ગટર વ્યવસ્થાપન, વોટર, ડ્રેનેજ કામો, જળસિંચનના કામો, સ્લમ વિસ્તારમાં પાયાની સુવિધાના કામો વગેરેનો સમાવેશ કરવામાં આવેલો છે.ભૂપેન્દ્ર પટેલે આઉટગ્રોથ વિસ્તાર વિકાસ કામો હેઠળ બોટાદ નગરપાલિકાને સી.સી. રોડ બનાવવાના ૬૦ કામો માટે રૂ. ૫.૯૪ કરોડ મંજૂર કર્યા છે.

આ ઉપરાંત પોરબંદર-છાયા નગરપાલિકા ખાનગી સોસાયટી જનભાગીદારી યોજનામાંથી પીવાના પાણીની પાઈપલાઈન, સી.સી. રોડ અને ન્ઈઢ સ્ટ્રીટ લાઈટના કામો માટે રૂ. ૫૩.૬૮ લાખ મંજૂર કરવામાં આવ્યા છે. ચોરવાડ નગરપાલિકા વિસ્તારમાંથી પસાર થતાં ૨.૧ કિ.મી. લંબાઈના **NHAI**ના રોડના નવીનીકરણ માટે મુખ્યમંત્રી શહેરી સડક યોજના તહેત રૂ. ૨.૫૨ કરોડ ફાળવવામાં આવ્યા છે. આ સાથે ટંકારા અને વાઘોડિયા નગર પાલિકાને ચોમાસામાં વરસાદના કારણે નુકશાન પામેલા રસ્તાઓના રિસર્ફેસીંગ-રીપેરીંગ માટે ૮૦ લાખ રૂપિયા મુખ્યમંત્રીશ્રીએ મંજુર કર્યા છે.આ સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનામાં ૨૦૧૦થી અત્યાર સુધીમાં ૬૧,૯૭૭ કરોડ રૂપિયાનું બજેટ પ્રાવધાન થયેલું છે. આ બજેટ પ્રાવધાન અન્વયે રાજ્યની મહાનગરપાલિકા-નગરપાલિકાઓને આંતરમાળખાકીય વિકાસના ૬૭,૩૬૦ કામો મંજૂર કરીને રૂ. ૩૨,૬૪૭ કરોડ ગ્રાન્ટ ચૂકવવામાં આવી છે .

મુખ્યમંત્રી શહેરી સડક યોજના અંતર્ગત મહાનગરો-નગરો મળી કુલ ૬૪૬૨ કામો માટે રૂ. ૩૧૧૦.૩૨ કરોડ રૂપિયાની ગ્રાન્ટ રાજ્ય સરકારે આપી છે.આ ઉપરાંત આઉટગ્રોથ વિસ્તારના ૧૨૧૪ કામો માટે રૂ. ૧૮૮૭.૫૬ કરોડ ચૂકવવામાં આવેલા છે.એટલું જ નહીં, આગવી ઓળખના ૨૦૧ કામો માટે રૂ. ૧૫૯૧.૧૧ કરોડની ગ્રાન્ટ મુખ્યમંત્રીએ મંજૂર કરી છે. નગરો, મહાનગરોમાં ખાનગી સોસાયટી જનભાગીદારી યોજનાના ૪૩,૮૦૪ કામોને મંજૂરી આપીને રૂ. ૨૪૩૧.૫૧ કરોડની ગ્રાન્ટ આવા લોકહિત કામો માટે રાજ્ય સરકાર દ્વારા ચૂકવવામાં આવી છે.

**ડોક્ટરે પૂછ્યું કે તેના અતીતમાં કંઈ એવું થયું છે? પેલા સજ્જને કહ્યું કે ના અમે તો સાવ સામાન્ય સ્થિતીના હતાં, અને છોકરાઓને તો માંડ માંડ ઉછેર્યા છે.**

# કુમુદ બેનને કંઈ બિમારી હતી? અને એની માટે કોણ જવાબદાર હતું?



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

**કમલેશભાઈ એક સુંદર સાડી ડોક્ટરે કહ્યા મુજબની ખરીદી લાવ્યાં, પરંતુ કુમુદ બેને એ સાડી દૂર ફેંકી દેતાં કહ્યું કે, મારે કંઈ જ જોઈતું નથી, ઘરનાં તો બધા મને ઘરડી થઈ ગયેલી માને છે.આ ઉપરાંત એણે કહ્યું કે એક વાર એવું બન્યું કે મેં એક સાડી ખરીદી,અને પ્રસંગોપાત પહેરીને તૈયાર થઈ**

હમણાં ઘરમાં એકસાથે ત્રણ પેઢી ભેગી થઈ અને પેઢી દર પેઢીના જનરેશન ગેપની ચર્ચા ચાલી! ઘણીવાર સંબંધોના તાણાવાણા એટલાં સુક્ષ્મ ગુંથાયેલા હોય છે કે જોનારાને એની ગુંચ દેખાતી નથી. પણ આજની પેઢીને માત્ર રીત રિવાજ કે પરંપરામાં જોતરવાનો આગ્રહ રાખ્યા વગર, પોતાની જીવનસાથી એ કેવાં કેવાં કપરાં સમયમાં એને સાથ આપ્યો અને ત્યારે આજે આ મુકામ છે એ પણ કહેવું જોઈએ દરેક સ્ત્રી પુરુષ એ એકબીજાના સપોર્ટ માં કહી એમનું સન્માન આપવું જોઈએ.

વિધાત્રી વૈદ્યનાં ક્લિનિકથી થોડે આગળથી જ મેઈન બજાર શરૂ થતી હતી, અને તહેવારો આવતા હોવાથી બધા દુકાનદારોને આશા રહેતી કે, આજે ઘરાકી થશે અને ધંધો પણ થશે. પરંતુ આ કોરોના કાળમાં થયેલા દેવાં ને કારણે શ્રમજીવી વર્ગ મધ્યમ વર્ગ બધાને થોડી રૂપિયા પૈસાની તંગી હજી દેખાતી હતી, એટલે બજારમાં જોઈએ એવો ઘસારો ન્હોતો, એ મનોમન વિચારતા હતાં કે ઝડપથી હવે આ બધું પૂરું થાય તો સારું, લોકોને કેટલી મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે.

થોડીવારમાં પ્રમાણમાં સુખી કહી શકાય એવા ઘરના કમલેશ ભાઈ ને કુમુદબેન તેના ક્લિનિકમાં આવ્યાં, અને એમણે રજૂઆત કરી કે આ તેમના ધર્મ પત્ની છે, અને તેમને એક ખરાબ ટેવ છે, કપડાં કાતરી નાખવાની. વિધાત્રી વૈદ્ય તો આશ્ચર્યથી જોઈ રહ્યાં, એમણે કહ્યું કે મારા દીકરાનાં દીકરી અને દીકરા શહેરમાં ભણે છે, દિવાળી અંતર્ગત ઘરે આવ્યા છે. તો કોઈ જુએ નહીં તેમ કોઈ તેના કપડાં કાતરથી કાપી નાખતુ હતું, પણ કાલે હાથોહાથ તે ઝડપાઈ ગઈ, અને આશ્ચર્યની વાત તો એ છે કે કાતરથી નવા કપડા કાપી અને તે ખૂબ જ ખુશ થતી હતી. મારે પરિવારને કેમ કહેવું કે, આ તો આ જ આવું કરે છે. અત્યારે મોંઘવારી કેટલી છે, અને નવા નવા કપડાં કાપી નાખે તો કેમ ચાલે! મારા એક મિત્ર એ આપનું નામ જણાવ્યું, અને કહ્યું કે બેન બહુ સારા ડોક્ટર છે તમે ત્યાં આગળ લઈ જાવ.

ડોક્ટરે પૂછ્યું કે તેના અતીતમાં કંઈ એવું થયું છે? પેલા સજ્જને કહ્યું કે ના અમે તો સાવ સામાન્ય સ્થિતીના હતાં, અને છોકરાઓને તો માંડ માંડ ઉછેર્યા છે. ખૂબ જ પરિશ્રમ ભર્યું જીવન હતું, પતિ-પત્ની બંને જણા ખૂબ મહેનત કરતાં હતાં, ત્યારે દીકરાઓ ભણ્યા અને સારા પગારની નોકરી એ લાગ્યા છે, એટલે થોડા સારા દિવસો છે એમ કહી શકાય. મારી પત્ની કુમુદ દેખાવે ખૂબ જ સુંદર હતી અને તેને પણ પહેરવા ઓઢવાનો ખૂબ જ શોખ હતો, પરંતુ ક્યારેય એવી પરિસ્થિતિ નહોતી, એટલે અમે બંને જણાએ અમારા મોજશોખ બધું જ ભૂલીને છોકરાઓ ઉછેરવામાં ધ્યાન કેન્દ્રિત કર્યું હતું. ડોક્ટર એ પૂછ્યું કે હવે તમે એને સારી રીતે રાખો છો? એટલે કે કપડાં એના શોખ મુજબના હવે મળે છે કે નહીં? કમલેશભાઈએ કહ્યુ કે આમ તો હવે ઉંમર થઈ ગઈ છે, એટલે દીકરા-દીકરી પહેરે ઓઢે એમાં જ અમે રાજી, પરંતુ કુમુદ ને ક્યારેક નવા કપડા લેવાની ઈચ્છા થાય, કે ફરવા જવાની ઈચ્છા થાય તો હું ક્યારેય ના પાડતો નથી, અને દીકરાઓ પણ ના પાડતા નથી. ડોક્ટરને તરત સમજાઈ ગયું કે જુવાનીમાં મોજશોખ પુરા થયાં નથી, એટલે માડી આવું કરે છે, પરંતુ કંઈક બન્યું હશે. એમણે પહેલા કમલેશભાઈ સાથે એકલા વાત કરી અને કહ્યું કે બજારમાંથી એક સુંદર સાડી ખરીદી આવો, પછી કુમુદ બેન સાથે વાત કરી એની ફીટનેસનાં વખાણ કર્યા અને સુંદરતાનાં પણ વખાણ કર્યા.

કમલેશભાઈ એક સુંદર સાડી ડોક્ટરે કહ્યા મુજબની ખરીદી લાવ્યાં, પરંતુ કુમુદ બેને એ સાડી દૂર ફેંકી દેતાં કહ્યું કે, મારે કંઈ જ જોઈતું નથી, ઘરનાં તો બધા મને ઘરડી થઈ ગયેલી માને છે.આ ઉપરાંત એણે કહ્યું કે એક વાર એવું બન્યું કે મેં એક સાડી ખરીદી,અને પ્રસંગોપાત પહેરીને તૈયાર થઈ, તો દીકરાની વહુ છાનીમાની હસતી હસતી બોલવા લાગી કે, ગઢે ગઢપણ ડોશીને જુવાની યાદ આવી, બસ પછીથી કોઈ દિવસ મેં એ સાડી પહેરી નહીં, અને ક્યારેય નવા કપડાં પણ પહેર્યા નહીં. જ્યારે યુવાની હતી ત્યારે ખૂબ જ સંઘર્ષ ભર્યું જીવન હોવાથી કંઈ માણ્યું નહીં, અને ઘરના બધા એ ભૂલી ગયા,એ વાતે મનમાં પીડા રહેતી. ખૂબ પરિશ્રમ કર્યો હોવાથી શરીર સપ્રમાણ હતું, એટલે હજી બધી પ્રકારના પોષાક મને પણ સારાં લાગે, પણ પહેરવા મળતા નથી,અને ઉપરથી બલિદાન પણ એળે ગયું,અને આ બધા મોજ કરે છે, એટલે શું કરું! શું કરું! એમ વિચારતી હતી, ત્યાં વિચાર આવ્યો કે, હું પણ ન પહેરું ને કોઈ ને પણ પહેરવાં ન દઉં!! બસ ત્યારથી આ ખેલ શરૂ થયો, એમના કપડાં રુમમાં લાવી થઈ રહે તેવા હોય તો પહેરી ખુશ થાઉં ને પછી કાપી નાખું!!

ડોકટરે કમલેશ ભાઈને એકલા મળ્યાં અને કહ્યું કે કુમુદ બેનનાં વર્તન પાછળ તમે જવાબદાર છો, દીકરાની વહુને અને તેમના સંતાનોને કુમુદ બેનનાં ત્યાગ સમર્પણ અને બલિદાન વિશે જાણતા ન હોય, એટલે પારિવારિક વાતો દરમિયાન આ બધી વાતનો ઉલ્લેખ કરીને તેને પ્રાઉડ ફિલ કરાવવું એ દરેક પતિની ફરજમાં આવે છે, જે તમે ચૂકી ગયા છો, એટલે હવે બધા જ બેઠા હોય ત્યારે તમારા ભૂતકાળનાં પ્રસંગો કે જેમાં કુમુદ બેનનાં ત્યાગની વાત હોય,સમર્પણની વાત હોય, એવી વાત કરી એને માન અપાવજો. મિત્રો દિવાળીના તહેવારમાં બધા એ ખૂબ ખરીદી કરી અને આજની જનરેશન ફેશન પરત્વે વધુ પ્રભાવિત થાય છે, એટલે આડો આક વાળ્યો હશે! પણ પોતાનો પરિવાર કેવી પરિસ્થિતિ માંથી ઉપર ઉઠ્યો છે, અને વડીલો એ કેટલું ત્યાગયું ત્યારે આ દિવસ આવ્યા છે,એ આ પેઢીને જણાવવું જરૂરી છે, અને એનું માન જળવાય રહેવું બહુ આવશ્યક છે. ઘણીવાર વાત સાવ નાની હોય પણ પરિણામ એનું બહુ ખતરનાક હોય છે એટલે! અને આમ પણ દરેક પતિ એ એની પત્નીના ત્યાગ અને સમર્પણ ને યાદ રાખી એને પોતે એની માટે સ્પેશ્યલ છે એવું ફીલ કરાવવું એ આજની પેઢી પાસેથી શીખવા જેવું!

**૧૪મી નવેમ્બરે દેશમાં બાળ દિન છે.૨૦ નવેમ્બરએ વિશ્વ બાળ દિન છે.**

# આપણા સહુને બાળકોના કલ્યાણ તરફની આપણી વચન બદ્ધતાને તાજી કરવાની અને ચાચા નહેરૂના આદર્શો અને તેમના સપનાઓ દ્વારા બાળકો ને જીવવાનું શીખવવા માટેની એક સ્મૃતિ પૂરી પાડે છે.



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

**બાળકોની ઉજવણી માટે શા માટે તેમના જન્મદિવસની પસંદગી કરવામાં આવી તેનું કારણ બાળકો પ્રત્યેનો તેમનો પ્રેમ અને અનુરાગ હતો. સ્વતંત્રતા માટેની તેમની આકરી જહેમત પછી દેશના પ્રથમ વડાપ્રધાન બનવા માટે પંડિત જવાહરલાલ નહેરૂને દેશના વિશિષ્ટ બાળક તરીકે સંબોધવામાં આવે છે દેશમાં તેને ૧૪મી નવેમ્બરે ઉજવવામાં આવે છે,કારણકે આ દિવસ દંતકથાત્મક સ્વતંત્રતા યોદ્ધા અને સ્વતંત્ર ભારતના પ્રથમ વડા પ્રધાન પંડિત જવાહરલાલ નહેરૂની પહેલી જન્મજયંતિને સૂચવે છે**



વિશ્વવ્યાપકપણે, બાળ દિન એ દર વર્ષે ૨૦મી નવેમ્બરના ઉજવવામાં આવે છે.આ તારીખ બાળપણને ઉજવવા માટે પસંદ કરવામાં આવી હતી.૧૯૫૯ની સાલ પહેલા બાળદિન વિશ્વ વ્યાપક પણે ઓક્ટોબર મહિનામાં ઉજવવામાં આવતો હતો. તેને યુએન જનરલ એસેમ્બલીમાં નક્કી કર્યા મુજબ પ્રથમ વાર ૧૯૫૪ના વર્ષમાં ઉજવવામાં આવ્યો હતો.મૂળભૂત રીતે આ દિવસની સ્થાપના બાળકોમાં સમજણ અને સાંપ્રદાયિક વિનિમયને વિકસિત કરવાના એક માત્ર લક્ષ્ય સાથે કરવામાં આવી હતી,તેમજ સંપૂર્ણ વિશ્વમાં બાળકોના કલ્યાણને પ્રોત્સાહિત કરવાના હિતાધિકારી કાર્ય વિશે જાગૃતિ લાવવા માટે પણ કરવામાં આવી હતી.

વિશ્વમાં બાળ દિનની પ્રથમ ઉજવણી બાળ કલ્યાણ, જીનીવા માટેના આંતરરાષ્ટ્રીય યુનીયનના પ્રાયોજન હેઠળ ઓક્ટોબર,૧૯૫૩માં થઈ હતી. સાર્વત્રિક બાળદિનનો વિચાર સ્વર્ગસ્થ વી.કે.કૃષ્ણનમેનન દ્વારા પ્રસ્તુત કરવામાં આવ્યો હતો અને ૧૯૫૪માં યુનાઈટેડનેશન્સજનરલ એસેમ્બલી દ્વારા સ્વીકૃત કરવામાં આવ્યો હતો.

૨૦મી નવેમ્બરએ વિશ્વ બાળ દિન છે. ૧૯૫૪માં યુએન જનરલ એસેમ્બલી દ્વારા પ્રથમવાર ઘોષિત કરવામાં આવ્યો હતો, પહેલું તો બાળકોમાં સમજણ અને પારસ્પરિક વિનિમય વધારવા અને બીજું વિશ્વના બાળકોના કલ્યાણને વિકસિત કરવા અને તેનો લાભ લેવાના કાર્યનું મંડાણ કરવા માટે તમામ દેશોને પ્રેરિત કરવા માટેના એક એવા દિવસને સંસ્થાપિત કરવા આની સ્થાપના કરવામાં આવી હતી.

ભારતમાં બાળ દિન મસ્તી અને આનંદના દિવસ તરીકે બાળપણ ની ઉજવણી,બાળકો અને નહેરૂ જીનો તેમના પ્રત્યેના પ્રેમ તરીકે પંડિત નહેરૂજીના જન્મદિને એટલે કે આજે ૧૪મી નવેમ્બરે ઉજવવામાં આવે છે. તેમના બાળકોના પ્રત્યેના પ્રેમને એક શ્રદ્ધાંજલિ તરીકે, જવાહરલાલ નહેરૂજીના જન્મદિનને આખા દેશમાં 'બાળ દિન'તરીકે ઉજવવામાં આવે છે.

બાળ દિનની ઉજવણી એટલે બાળકોને મોજ કરવાનો અને દેશના શિક્ષિત અને સ્વસ્થ નાગરિક તરીકે વિકસવાનો અધિકાર આપવો,અને જો તમે તમારા બાળકને બીજાઓ સાથે વહેંચણી કરવાનું મૂલ્ય શીખવો તો તેઓ કેટલા ભાગ્યશાળી કહેવાય,પછી નહી કે માત્ર તમારૂ બાળક એક જવાબદાર માનવી તરીકે વિકસશે પણ સાથે બીજા બાળકો પણ તમારી ઊંડી વિચાર સરણીથી કર્તવ્યભ્રષ્ટ થતા અટકી શકશે.

બાળ દિનનું મહત્વ પણ આ બધા આડંબર અને ભવ્યતાની સાથે, આપણે ચાચા નહેરૂના વાસ્તવિક સંદેશા પરથી દ્રષ્ટી ખસેડવી જોઈએ નહી.જે આપણાબાળકો ને વિકસવા માટે સુરક્ષિત અને પ્રેમાળ વાતાવરણ પ્રદાન કરે છે તેમજ તેમને વિશાળ અને સમાન તકો આપે છે જેના દ્વારા તેઓ રાષ્ટ્રના વિકાસમાં લાંબા ડગલા લઈ શકે અને ફાળો આપી શકે. આ દિવસ આપણા સહુને બાળકોના કલ્યાણ તરફની આપણી વચનબદ્ધતાને તાજી કરવાની અને ચાચા નહેરૂના આદર્શો અને તેમના ઉદાહરણો દ્વારા જીવવાનું શીખવવા માટેની એક સ્મૃતિ પૂરી પાડે છે.

બાળકોની ઉજવણી માટે શા માટે તેમના જન્મદિવસની પસંદગી કરવામાં આવી તેનું કારણ બાળકો પ્રત્યેનો તેમનો પ્રેમ અને અનુરાગ હતો. સ્વતંત્રતા માટેની તેમની આકરી જહેમત પછી દેશના પ્રથમ વડાપ્રધાન બનવા માટે પંડિત જવાહરલાલ નહેરૂને દેશના વિશિષ્ટ બાળક તરીકે સંબોધવામાં આવે છે

દેશમાં તેને ૧૪મી નવેમ્બરે ઉજવવામાં આવે છે,કારણકે આ દિવસ દંતકથાત્મક સ્વતંત્રતા યોદ્ધા અને સ્વતંત્ર ભારતના પ્રથમ વડા પ્રધાન પંડિત જવાહરલાલ નહેરૂની પહેલી જન્મજયંતિને સૂચવે છે-નહેરૂની અને બાળકો પ્રત્યેના તેમના પ્રેમની શ્રદ્ધાંજલિ તરીકે, બાળ દિન તેમના જન્મ દિવસ પર ઉજવવામાં આવે છે.આ દિવસ આપણા સહુને બાળકોના કલ્યાણ તરફની આપણી વચન બદ્ધતાને તાજી કરવાની અને ચાચા નહેરૂના આદર્શો અને તેમના સપનાઓ દ્વારા બાળકોને જીવવાનું શીખવવા માટેની એક સ્મૃતિ પૂરી પાડે છે.આજે બાળ દિને ભગવદ્ ગીતા જ્ઞાનમાં જોઈએ તો સમસ્ત સ્થાવર- જંગમનો આત્મા સૂર્ય છે. સૂર્ય નારાયણની કૃપાથી બુદ્ધિ સુધરે છે.માટે સૂર્યનારાયણની ઉપાસના કરવી જોઈએ. આપણે સર્વ સૂર્યનારાયણના ઋણમાં છીએ.સૂર્યનારાયણ સમસ્ત જગતને પ્રકાશ આપે છે, પણ તે વીજળી કંપની માફકબિલ મોકલતા નથી.સૂર્યભગવાન રવિવારે પણ રજા લેતા નથી.જે દિવસે તે રજા લેશે,તે દિવસ જગતનો પ્રલય થશે.સૂર્ય પરમાત્માનું સાકાર સ્વરૂપ છે. એક દિવસ મનુષ્યો અને કાગડા ઓમાં ઝઘડો થયો. કાગડો કહે, તમારામાં બુદ્ધિ વધારે છે,પણ તમારા કરતાં એક ગુણ અમારામાં વધારે છે.અમે સૂર્યોદય પહેલાં ઊઠીએ છીએ. આમ કાગડો મનુષ્ય કરતાં શ્રેષ્ઠ સાબિત થયો. સૂર્ય ઊગતાં પહેલાં સ્નાન કરી સૂર્યનારાયણને અર્ધ્ય દાન કરો.

વનમાં ભરતજી દ્વારિકાધીશની માનસી સેવા કરે છે.પહેલા પ્રત્યક્ષ સેવા કરેલી એટલે હવે માનસી સેવા કરે છે. માનસી સેવા સહેલી નથી.શરીરથી વધારે પાપ થતું નથી વધારે પાપ થાય એ મન થી. એટલે માનસી ધ્યાન,માનસી સેવા શ્રેષ્ઠ છે. મનથી ઈશ્વરમાં તન્મય થવું તે માનસી સેવા.

એક વખત એક વાણિયો ગુસાંઈ પાસે ગયો. જઈને કહે,બાપુજી, સેવા કરવા હું ખુશ છું,પણ કાંઈ ખર્ચ કર્યા વગર દેવસેવા થાય તેવું મને બતાવો. ગુસાંઇજીએ તેમને માનસી સેવા બતાવી અને કહ્યું,તું માનસી સેવા કરજે એટલે એક પૈસાનો ખર્ચ થશે નહીં.ફક્ત મન થી બધું ધારવાનું. હું ભગવાનને સ્નાન કરાવું છું, વસ્ત્ર પહેરાવું છું, પૂજા કરું છું, ભોગ ધરાવું છું, ભગવાન આરોગે છે વગેરે મનથી ધારવાનું. વાણિયો ખુશ થઈ ગયો.

ગુસાઈજી કહે, સવારમાં એવી ભાવના કરવાની કે,ઠાકોરજી માટે હું યમુનાજીમાંથી જળ લઈ આવું છું. પછી યશોદાજી જેવી ભાવના રાખી બાળસ્વરૂપની સેવા કરવી. બાલ સેવામાં વાત્સલ્યભાવ મુખ્ય છે.સેવામાં ગાયનું દૂધ અને માખણ લાવવું. લાલાને મંગલ ગીત ગાઈને ઉઠાડવાનો.

યશોદાજી લાલાને મનાવતાં, લાલા આટલું માખણ ખાઈ જા. તારી ચોટલી દાઉજી કરતાં મોટી થઈ જશે. તારે પણ એમ જ કરવું.

ગરમ જળથી લાલાને માંગલિક સ્નાન કરાવવું. પછી ઠાકોરજીને શ્રૃંગાર કરવો.કનૈયાને પૂછવું, આજે કયું પિતાંબર પહેરાવું? કનૈયો કહે તે પિતાંબર પહેરાવવું. શ્રૃંગારમાં તન્મયતા થાય તો બ્રહ્મા નંદ જેવો આનંદ મળે છે,પછી કનૈયાને નૈવેદ્ય ધરવું.પછી ભાવના કરવી કે,લાલો આરોગે છે.તે પછી આરતી ઉતાર વી,તે પછી ક્ષમા પ્રાર્થના કરવી.

ગુસાંઇજીના કહેવા પ્રમાણે વાણિયો શ્રીકૃષ્ણના બાલસ્વરૂપ ની માનસી સેવા કરવા લાગ્યો. રોજ પ્રેમથી માનસી સેવા કરે છે. એવો તન્મય થયો છે કે,બધી વસ્તુઓ એને પ્રત્યક્ષ દેખાય છે. માનસી સેવામાં મનની ધારા તૂટવી જોઇએ નહીં. કોઈ લૌકિક વિચાર આવે તો સમજવું કે, માનસી સેવા નો ભંગ થયો. વાણિયાએ બાર વર્ષ માનસી સેવા કરી.એક દિવસ કટોરામાં દૂધ લઈ આવ્યો.દૂધમાં ખાંડ નાંખીવાણિયા ને લાગ્યું કે,લાલાના દૂધમાં આજે ખાંડ વધારે પડી ગઈ છે. વાણિયાથી તે કેમ સહન થાય? સ્વભાવ કંજૂસ તે જાય કયાં? પ્રાણ અને પ્રકૃતિ સાથે જાય છે.

વાણિયાએ વિચાર્યું, દૂધમાંથી વધારે ખાંડ કાઢી લઉં તો બીજા ઉપયોગમાં આવશે,ત્યાં કટોરો ન હતો. ત્યાં દૂધ ન હતું,ખાંડ ન હતી પણ માનસી સેવામાં એટલો તન્મય થયો હતો કે,બધું પ્રત્યક્ષ દેખાય છે.દૂધમાંથી વધારાની ખાંડ કાઢવા લાગ્યો.વાણિયાએ બાર વર્ષ સુધી માનસી સેવા કરેલી, તેથી કનૈયાને આજે પ્રકટ થવાની ઈચ્છા થઈ.કનૈયો પ્રગટ થયો અને વાણિયાનો હાથ પકડયો. ખાંડ વધારે પડી ગઈ તો તારા બાપનું શું ગયું? કયાં એક પૈસાનો પણ ખર્ચ કર્યો છે? ભાગવત સ્પર્શ થયો અને પછી વાણિયો ભગવાનનો સાચો અનન્ય ભક્ત બન્યો.

કોઈપણ સત્કાર્ય બાર વર્ષ નિયમ પૂર્વક કરવામાં આવે, તો તેનું ફળ અવશ્ય મળે છે. શંકરાચાર્ય પણ શ્રીકૃષ્ણની માનસીસેવા કરતા ભરતજી માનસી સેવા કરતાં તેમાં તન્મય થાય છે. સેવા કરતાં કરતાં કંટાળો આવે તો ધ્યાન કરે અને કીર્તન કરે.પ્રભુની પાછળ પડે એને માયા ત્રાસ આપે છે.પણ સંસારના વિષયોમાં ફસાયેલાને,માયાના પ્રવાહમાં પડેલાને માયા ત્રાસ આપતી નથી. માયા માને છે કે, આ તો મરેલો જ છે,એને શું મારવાનો?માયાની ગતિ વિચિત્ર છે. ભરતજી કેડપુર જળમાં ઊભા હતા. ઉનાળાની ઋતુ હતી.એક ગર્ભવતી હરણી પ્રાતઃકાળમાં જળપાન કરવા આવી છે. તેવામાં સિંહે ગર્જના કરી.સિંહની ગર્જના સાંભળી હરણી ગભરાઈ.તેણે જીવ બચાવવા ગંડકી નદી ઓળંગી સામે કિનારે જવા જોર થી કૂદકો માર્યો.પ્રસવકાળ સમીપ આવેલો. આઘાતથી બચ્ચાને જન્મ થઈ ગયો.બચ્ચું નદીના જળમાં પડ્યું. હરણીસામે કિનારે પડી મૃત્યુપામી ભરતજીએ હરણબાળને નદીના જળમાં પડેલું જોયું. ભરતજીએ વિચાર્યું,આ હરણબાળની મા મરી ગઈ છે.તેનું હવે જગતમાં કોઈ નથી લાલનપાલન, રક્ષણ વગેરે કોણ કરશે?

### નવા મ્યુઝિક વીડિયોની જાહેરાત

## હાર્દિકથી અલગ થયા બાદ નતાસા સ્ટેનકોવિક કામ પર પરત ફરી

### નતાશાએ ૧૮ જુલાઈ ૨૦૨૪ના ક્રિકેટર હાર્દિક પંડ્યા ૪ વર્ષ બાદ અલગ થવાની જાહેરાત કરી હતી




નતાશાએ ૧૮ જુલાઈ ૨૦૨૪ના ક્રિકેટર હાર્દિક પંડ્યા ૪ વર્ષ બાદ અલગ થવાની જાહેરાત કરી હતી. નતાશા હાર્દિક પંડ્યાથી દુર થયા બાદ નતાશાનો એક મ્યુઝિક વીડિયો સામે આવ્યો છે. નતાશા સ્ટેનકોવિક કામ પર પરત ફરી ચુકી છે. તેમણે સિંગર પ્રીત ઈન્દર સાથે પોતાનો પહેલો પ્રોજેક્ટ તેરે કેરકેની જાહેરાત કરી છે. આ જાહેરાત તેના પૂર્વ પતિ અને ક્રિકેટર હાર્દિક પંડ્યાથી અલગ થયા બાદ કરી છે. સાર્બિયાની આ મેડલનો પોતાના નવા મ્યુઝિક વીડિયોનો લુક સોશિયલ મીડિયા પર વાયરલ થયો છે. નતાશાએ ઈન્સ્ટાગ્રામ પર શેર કર્યો છે. આ વીડિયો શેર કરતા તેમણે કેપ્શનમાં લખ્યું #TereKrkeની ધુન પર નાચવા માટે તૈયાર થઈ જાવ. આ મ્યુઝિક વીડિયો યુટ્યુબ ચેનલ પર રિલીઝ કરવામાં આવશે.નતાશાની આ પોસ્ટ પર ચાહકો ખુબ પસંદ કરી રહ્યા છે. હાર્દિકના મોટા ભાઈ કુણાલ પંડ્યા પણ રિએક્ટ કર્યુ છે. કોમેન્ટમાં દિલની ઈમોજી પોસ્ટ કરી છે. નતાશા હવે પોતાના કામ પર ધ્યાન આપી રહી છે અને ચાહકો તેને ફરીથી સ્ક્રિન પર જોવા માટે તૈયાર છે. એક યુઝરે લખ્યું મા માતૃત્વ, કોઈએ લખ્યુ મજબુત મહિલા. તમને ઈન્ડસ્ટ્રીમાં જોઈ ખુશી છીએ. નતાશા અને હાર્દિકે લગ્નના ૪ વર્ષ બાદ આ સંબંધોને પૂર્ણ કરવાની જાહેરાત કરી હતી. તમને જણાવી દઈએ કે, બંન્ને પોતાની મરજીથી અલગ થઈ રહ્યા છે. તેમજ બંન્ને સાથે મળીને દિકરા આગસ્ત્યની પરવરિશ કરી રહ્યા છે. તમને જણાવી દઈએ કે, નતાશા સ્ટેનકોવિકની ક્લિપ શૂટિંગ સેટની છે. જેમાં અભિનેત્રી અલગ અલગ ડ્રેસમાં ડાન્સ રિહર્સલ કરતી જોવા મળી રહી છે. વીડિયોમાં નતાશા બીટ પર શાનદાર ડાન્સ કરી રહી છે.જેને જોઈ ચાહકો પણ ખુબ ખુશ જોવા મળી રહ્યા છે. બંન્ને હજુ આ વાતને લઈ ખુલાસો જાહેર કર્યો નથી. બોલિવુડ અભિનેત્રી નતાશા સ્ટેનકોવિક અને હાર્દિક પંડ્યા અલગ થઈ સમય પસાર કરી રહ્યા છે. બંન્ને કોઈના કોઈ વાતથી લાઈમલાઈટમાં આવતા હોય છે. હાર્દિક પંડ્યા હાલમાં તેના દિકરા અગસ્તય સાથે સમય પસાર કરતા જોવા મળ્યો હતો.

## અભિનેત્રી અનન્યા પાંડેથી ઇન્સ્પાયર્ડ ઝટપટ સ્ટાઇલ હોટ ફેવરિટ

### પ્લેઇન ટોપ અને સ્કર્ટને હેવી એક્સેસેરીઝથી આપો ફ્યુઝન લૂક

નવરાત્રિમાં દરેક છોકરીને આજે કયા ચણિયાચોળીને કઈ રીતે પહેરવા અને તેમાં નવો લૂક કઈ રીતે મેળવવો એ સમસ્યા દરરોજ સતાવે છે, ત્યારે કેટલીક ક્વિક સ્ટાઈલ અને કોમ્બિનેશનની ટીપ્સ અનન્યા પાસેથી મેળવી શકાય છે. તાજેતરમાં જ અનન્યા પાંડેએ એક સિમ્પલ, પણ દરેક છોકરીને ગમે તેવી ફ્યુઝન સ્ટાઈલમાં ફોટો શેર કર્યા હતા, જે નવરાત્રિ ૨૦૨૪ માટે ઉપયોગી થઈ શકે છે. સાથે તમે ઈન્ડો વેસ્ટર્ન કે ફ્યુઝન થીમ માટે અપસાઈકલ ફેશન સાથે પણ પર્ફેક્ટ લૂક મેળવી શકો છો. તેણે ગ્રીન અને બ્લેક ડ્રેસમાં ગોલ્ડન ટચ સાથેની તસવીરો શેર કરી હતી. જેમાં તેણે બ્લેક ટોપ સાથે લોંગ ગ્રીન બ્રોકેડ સ્કર્ટ પહેયું હતું. તેના પર બારીક ગોલ્ડન એમ્બ્રોઈડરી પણ કરેલી હતી. તમે પણ કોઈ પણ પ્લેઈન ટીશર્ટ સાથે આ રીતે તમારા મમ્મી કે દાદીની જૂની બ્રોકેડ સાડીમાંથી પણ આ પ્રકારનું સ્કર્ટ બનાવડાવીને પહેરી શકો છો. સાથે તેણે જ્વેલરીમાં પણ ફ્યુઝન કરીને ગોલ્ડન અને સિલ્વર એમ ડ્યુઅલ ટોનવાળી જડતર, પોલકી અને કુંદનનું એક શોર્ટ નેકલેસ અને એક લાંબો હાર પહેર્યો હતો. તેમાં તેણે રૂબી અને માણેકનું કોમ્બિનેશન કરીને ટ્રેડિશનલ ટચ પણ આયો હતો. જ્યારે ઈઅરિંગ્ઝમાં રૂબીવાળા ટોપ્સ અને હાથમાં આવી જ રુબીની રિંગ સાથે ટ્રેડિશનલ ટચ આપ્યો હતો. તેણે હાથ અને કાનમાં મિનિમલ જ્વેલરી પહેરી હતી. મેકઅપ ન્યુટ્રલ રાખીને તેણે આઉટફિટને મહત્વ આપ્યું હતું, તો બિંદી લગાવીને લૂકને વધુ ઈન્ડિયન ટચ આપ્યો હતો.મેકઅપ ન્યુટ્રલ રાખીને તેણે આઉટફિટને મહત્વ આપ્યું હતું, તો બિંદી લગાવીને લૂકને વધુ ઈન્ડિયન ટચ આપ્યો હતોઆમ આ પ્રકારના લૂક માટે તૈયાર થવામાં ઓઢણીની પાટલી અને પીનની ઝંઝટમાંથી છૂટકારો મળવાની સાથે તમે વધુ કમ્ફર્ટેબલી ગરબા પણ રમી શકો છો. તો આ લૂક તમારો પણ ૨૦૨૪ની નવરાત્રિનો ફેવરિટ લૂક બની શકે છે.



## ‘ધ દિલ્હી ફાઇલ્સ’ ૧૫ ઓગસ્ટે રિલીઝ થશે

ફિલ્મ મેકર વિવેક અગ્નિહોત્રિએ ગુરુવારે તેમની આવનારી ફિલ્મ ‘ધ દિલ્હી ફાઈલ્સ’ની રિલીઝ ડેટ અંગે જાહેરાત કરી છે. તેમણે પોતાના સોશિયલ મીડિયા અકાઉન્ટ્સ પર આ અંગે જાહેરાત કરી હતી કે તેઓ આગમી વર્ષમાં સ્વતંત્રતા દિવસે તેમની ફિલ્મ રિલીઝ કરશે. વિવેક અગ્નિહોત્રિ ‘ધ કાશ્મીર ફાઈલ્સ’ અને ‘ધ વેક્સિન વૉર’ જેવી ફિલ્મો માટે જાણીતા છે. તેમણે આગામી ફિલ્મની તારીખ જાહેર કરતાં પોસ્ટમાં લખ્યું, ‘‘તમારા કૅલેન્ડરમાં ૧૫ ઓગસ્ટ, ૨૦૨૫ની તારીખ નોંધી રાખો. વર્ષોના સંશોધન પછી, ‘ધ દિલ્હી ફાઈલ્સ’ની સ્ટોરી એક ભાગમાં કહેવી શક્ય નથી. અમે આપની સમક્ષ બે ભાગમાંથી પહેલો ‘ધ બેંગાલ ચેપ્ટર’ રજૂ કરવા ખુબ ઉત્સુક છીએ, જે આપણા ઈતિહાસનું એક મહત્વનું પ્રકરણ આપની સમક્ષ ખુલ્લું મુકાશે અમને આશીર્વાદ આપજો અને તારીખ નક્કી કરી રાખજો.’’ તેમણે પોતાના ફૅન્સને એવું પણ કહ્યું કે આ ફિલ્મ પહેલાં એક જ ભાગમાં રજૂ થવાની હતી, તે હવે બે ભાગમાં રજૂ થશે. જેમાં પહેલા ભાગને ‘ધ બેંગાલ ચેપ્ટર’ નામ આપવામાં આવ્યું છે. ૩ ઓક્ટોબરે આ ફિલ્મનું પહેલું પોસ્ટર લૉંચ કરવામાં આવ્યું છે. જેમાં એક નાનું બાળક ઉભું થઈને રાષ્ટ્રીય પ્રતીકને અડવાની કોશિશ કરતું દેખાય છે. વિવેક અગ્નિહોત્રિનાં પત્ની પલ્લાવી જોષી આ ફિલ્મમાં કૉપ્રોડ્યુસર ઉપરાંત એક્ટર તરીકે પણ મહત્વની ભૂમિકામાં જોવા મળશે. એ ઉપરાંત મિથુન ચક્રવર્તી, અનુપમ ખેર, પુનિત ઈસ્સાર, ગોવિંદ નામદેવ, બબ્બુ માણ અને પાલોમી ઘોષ જેવા કલાકારો મહત્વના રોલમાં જોવા મળશે. એક ઈન્ટરવ્યૂમાં વિવેક અગ્નિહોત્રિએ મિથુનને દાદા સાહેબ ફાળકે એવોર્ડ મળવા અંગે જણાવ્યું હતું, ‘‘મિથુન દા ભારતે બનાવેલાં શ્રેષ્ઠ કલકારોમાંના એક છે, માત્ર તેમના અભિનયને કારણે નહીં પણ તેમની સિનેમાની સમજને કારણે પણ. તેઓ જ્યારે સિંગલ સ્ક્રિન પર રાજ કરતા હતા ત્યારે હું તેમની સાથે કમનસીબે કામ કરી શક્યો નહીં. તેઓ સિંગલ સ્ક્રિન બોક્સ ઓફિસના બાદશાહ હતા.’’






### કેટરીના કેફનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ

## કેટરિનાના હાથ પર બ્લેક પેચ જોઈને ચાહકોની વધી ચિંતા



### કેટરિના કૈફ માત્ર એક શાનદાર અભિનેત્રી જ નથી, પરંતુ એક સ્ટાઇલ આઇકોન પણ માનવામાં આવે છે

કેટરીના કૈફ હાલમાં જ એક નવરાત્રિ ઈવેન્ટમાં હાજરી આપી હતી. આ ઈવેન્ટમાં તે બ્લેક પેચ સાથે જોવા મળી હતી, જેને જોઈને ફેન્સ તેના સ્વાસ્થ્યની ચિંતા કરવા લાગ્યા હતા. આ બ્લેક પેચ જોઈને ચાહકો અનુમાન લગાવી રહ્યા છે કે તેને ડાયાબિટીસ છે કે કેમ. કેટરિના કૈફ માત્ર એક શાનદાર અભિનેત્રી જ નથી, પરંતુ એક સ્ટાઈલ આઈકોન પણ માનવામાં આવે છે, જે ફેશનના મામલે ક્યારેય પાછળ નથી રહેતી. તાજેતરમાં અભિનેત્રીએ નવરાત્રિના એક કાર્યક્રમમાં હાજરી આપી હતી, જેમાં તે સાડી પહેરેલી જોવા મળી હતી. આ દરમિયાન કેટલાક ચાહકોએ તેના હાથ પર કાળો ડાઘ જોયો, જેના કારણે ચાહકો તેના સ્વાસ્થ્યને લઈને ચિંતિત છે. આ જોઈને લોકોએ પૂછ્યું પણ, ‘‘શું તેને ડાયાબિટીસ છે?’’ કેટરીના કૈફ નવરાત્રી ઈવેન્ટમાં હાજરી આપવા મુંબઈના કાલીના એરપોર્ટ પર જોવા મળી હતી. કેટરીના એરપોર્ટ પર ટ્રેડિશનલ લુકમાં જોવા મળી હતી. અભિનેત્રીએ પીચ રંગની સાડી પહેરીને ઘણી હેડલાઈન્સ મેળવી હતી, જે તરુણ તાહિલિયાની દ્વારા ડિઝાઈન કરવામાં આવી હતી. આ ઈવેન્ટમાં કેટરીનાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. એક તરફ ચાહકો કેટરીનાની ફેશન સેન્સના વખાણ કરતા જોવા મળ્યા હતા. બીજી તરફ, ચાહકોએ કેટરીનાના હાથ પર કાળો ડાઘ જોયો અને લોકો તેની ચિંતા કરવા લાગ્યા. વાસ્તવમાં, વીડિયોમાં કેટરિના કૈફના જમણા હાથના ઉપરના ભાગમાં એક કાળો પેચ જોવા મળ્યો હતો, જેને જોઈને ચાહકો તેના સ્વાસ્થ્યને લઈને સવાલો પૂછવા લાગ્યા હતા. એક પ્રશંસકે લખ્યું- શું કેટરિના ઠીક છે? અન્ય એક ચાહકે ટિપ્પણી કરી - એવું લાગે છે કે આ એક મેડિકલ પેચ છે. તે જ સમયે, અન્ય ફેને પૂછ્યું - શું કેટરિનાને ડાયાબિટીસ છે?

### અપકમિંગ ફિલ્મ વિક્કી વિદ્યા કા વો વાલા વીડિયોને લઈ ચર્ચામાં

## તૃપ્તિ ડિમરીએ ગુજરાતી થાળીનો સ્વાદ માણ્યો

અભિનેતા રાજકુમાર રાવ અને તૃપ્તિ ડિમરી પોતાની અપકમિંગ ફિલ્મ વિક્કી વિદ્યા કા વો વાલા વીડિયોને લઈ ચર્ચામાં છે. બંન્ને કલાકારો નવરાત્રી દરમિયાન અમદાવાદમાં આવ્યા હતા. આ સાથે ગુજરાતી ભોજનનો પણ સ્વાદ લીધો હતો. હાલમાં નવરાત્રીનો તહેવાર ચાલી રહ્યો છે. આ તહેવારમાં ખેલૈયાઓ મનમુકીને નાચતા જોવા મળતા હોય છે, નવરાત્રીનો આનંદ માણવા કેટલીક વખત બોલિવુડ સ્ટાર પણ અમદાવાદની મુલાકાત લેતા હોય છે. ત્યારે શનિવારના રોજ બોલિવુડ અભિનેત્રી તૃપ્તિ ડિમરી અને અભિનેતા રાજકુમાર રાવ અમદાવાદના મહેમાન બન્યા હતા.અભિનેતા રાજકુમાર રાવ અને તૃપ્તિ ડિમરી પોતાની અપકમિંગ ફિલ્મ વિક્કી વિદ્યા કા વો વાલા વીડિયોને લઈ ચર્ચામાં છે. બંન્ને કલાકારો નવરાત્રી દરમિયાન અમદાવાદ આવ્યા હતા. તેમણે ગુજરાતી ભોજનનો આનંદ લીધો હતો. ફિલ્મ વિક્કી વિદ્યા કા વો વાલા વીડિયોના નિર્માતાઓ દ્વારા એક વીડિયો શેર કર્યો છે. જેમાં બંન્ને સ્ટાર રેસ્ટોરન્ટમાં બેઠા છે. તેમના ટેબલ પર જમવવાની પ્લેટમાં ૧૦ પ્રકારની વાનગીઓ જોવા મળી રહી છે. રાજકુમાર રાવ અને તૃપ્તિ ડિમરી પોતાની અપકમિંગ ફિલ્મના પ્રમોશન માટે અમદાવાદ પહોંચ્યા હતા. આ ફિલ્મનું નિર્દેશન રાજ શાંડિલ્યે કર્યુ છે. રાજે આ પહેલા આયુષ્માન ખુરાના-સ્ટાર ડ્રીમ ગર્લ અને ડ્રીમ ગર્લ ૨નું નિર્દેશન કર્યુ છે. ફિલ્મના નિર્માતાઓએ હાલમાં ટ્રેલર રીલિઝ કર્યુ હતુ. ચાહકોને આ ફિલ્મનું ટ્રેલર ખુબ પસંદ આવ્યું હતુ. આ ફિલ્મમાં અભિનેત્રી મલ્લિકા શેરાવત, વિજય રાજ અને મુકેશ તિવારી પણ છે.અભિનેત્રી તૃપ્તિ ડિમરીની આ ત્રીજી ફિલ્મ છે. રાજકુમારરાવની ફિલ્મની વાત કરીએ તો. તેની ફિલ્મ સ્ત્રી ૨ હાલમાં રિલીઝ થઈ હતી. આ ફિલ્મે તાબડતોડ કમાણી કરી છે. તેની અપકમિંગ ફિલ્મ એક્શન થ્રિલર છે. અભિનેતા પહેલી વખત પોતાની ફિલ્મી કરિયરમાં એક્શન થ્રિલરમાં ગેગસ્ટરની ભૂમિકા નિભાવતો જોવા મળશે.



### ખુશી આ પહેલાં સાઝા સિંદુર સીરિયલમાં કામ કરતી હતી

## તારક મહેતા શોમાં નવી સોનુની એન્ટ્રી થઈ

વધુ એક કલાકારે ‘તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા’ શો માંથી વિદાય લીધી છે અને તરત જ નવા પાત્રની એન્ટ્રી પણ થઈ ગઈ છે. શોમાં સોનુનું પાત્ર ભજવી રહેલી પલક સિધવાનીએ શો છોડ્યાના થોડાં જ દિવસમાં નવી સોનુ પસંદ થઈ ગઈ છે, ખુશી માળી હવે તેના બદલે સોનુનું પાત્ર બજવતી જોવા મળશે. છેલ્લાં પાંચ વર્ષથી પલકે સોનુ ભિડેનું પાત્ર ભજવ્યુ હતુ. ખુશી આ પહેલાં સાઝા સિંદુર સીરિયલમાં કામ કરતી હતી. તારક મહેતાના પ્રોડ્યુસર આસિત કુમાર મોદીએ કહ્યું, ‘‘સોનુ ટપુ સેનાનો મહત્વનો ભાગ છે અને તેની હાજરીમાં હંમેશા નેતૃત્વ અને હુંફ અનુભવાઈ છે.’’ જ્યારે આ પાત્ર માટે ખુશી માળીની પસંદગી અંગે તેમણે કહ્યું,‘‘ખુશીને કાસ્ટ કરવાનો નિર્ણય બહુ સમજી વિચારીને લેવામાં આવ્યો હતો અને અમને લાગે છે કે તે પાત્ર માટે બિલકુલ યોગ્ય રીતે વણાઈ જશે. અમે ખુશીને આવકારતા ખુશી અનુભવીએ છીએ અને તેને આ પાત્ર જીવંત કરવામાં મદદ કરીશું. અમે આશા રાખીએ કે દર્શકો પણ તેને પહેલાં જેટલો જ પ્રેમ આપશે જેટલો છેલ્લા ૧૬ વર્ષથી આપી રહ્યા છે.’’ ખુશી એક મોડેલ અને એક્ટર છે, તેણે કહ્યું,‘‘સોનુનું પાત્ર ભજવવું મારા માટે બહુ રસપ્રદ બાબત છે કારણ કે આ પાત્રના ઘણા સારા પાસાં છે. તારક મહેતાનો ભાગ હોવું એ મારા માટે આશીર્વાદ અને બહુ મોટી તક છે. બીજી તરફ પલક સિધવાની સિરીયલ સાથે કાયદાકીય લડતમાં ફસાઈ ગઈ છે. તેને શો તરફથી કરારને ન અનુસરવા માટે નોટિસ મોકલવામાં આવી છે, તો સામે પલકે પણ શોના પ્રોડ્યુસર પર તેના માટે શો છોડવાનું મુશ્કેલ થઈ રહ્યું હોવાના આક્ષેપ કર્યા છે. પલક છેલ્લા પાંચ વર્ષથી સોનુનો રોલ કરતી હતી. તારક મહેતા ટીવી પર સૌથી લાંબો સમય ચાલેલા શોમાંનો એક છે.





### પહેલા અઠવાડિયાના કમાણીના રેકોર્ડથી પાછળ રહી ગઈ

## ‘દેવરા’ની બોક્સ ઓફિસ પર ગતિ નબળી

### જુનિયર એનટીઆર અને જહાન્વી કપૂરની ફિલ્મ ‘દેવરા પાર્ટ ૧’ ૨૭ સપ્ટેમ્બરે થિએટરમાં રિલીઝ થઈ છે

જુનિયર એનટીઆર અને જહાન્વી કપૂરની ફિલ્મ ‘દેવરા પાર્ટ ૧’ ૨૭ સપ્ટેમ્બરે થિએટરમાં રિલીઝ થઈ છે. કોરાતલા સિવાની આ એક્શન ડ્રામા ફિલ્મને પહેલા અઠવાડિયે ૧૪૨ કરોડની કમાણી થઈ હતી. પહેલાં અઠવાડિયા બાદ ફિલ્મ ભારતમાં ૧૬૦ કરોડ અને વિશ્વસ્તરે ૨૫૦ કરોડની કમાણી કરી છે. તેથી એવી આશાઓ સેવાઈ રહી હતી કે આ ફિલ્મ ઘણાં રેકોર્ડ તોડી નાખશે. જોકે, હવે બીજા અઠવાડિયે આ ફિલ્મની કમાણીમાં નોંધપાત્ર ઘટાડો થયો છે. પહેલા અઠવાડિયે ભારતમાં ૨૦૮ કરોડની આવક થઈ જ્યારે પહેલા અઠવાડિયે ૨૨૦ કરોડની કમાણીની આશા હતી. પરંતુ તાજેતરમાં રિલીઝ થયેલી અન્ય ફિલ્મોની સરખામણીએ આ આંકડા એટલાં ઐતિહાસિક નથી. જો આ ઐતિહાસિક આંકડાઓવાળી ફિલ્મોની વાત કરીએ તો એસ એસ રાજામૌલીની ૨૦૧૭માં આવેલી ‘બાહુબલી ૨’એ ૫ હેલાં જ અઠવાડિયે ૫૪૦ કરોડની કમાણી કરી લીધી હતી. આ જ રીતે જુનિયર એનટીઆરની ‘આરઆરઆર’એ ૨૦૨૨માં પહેલાં જ અઠવાડિયે ૪૭૯ કરોડની કમાણી કરી હતી. ગયા વર્ષે રિલીઝ થયેલી રણબીર કપૂરની ‘એનિમલ’ અને શાહરુખ ખાનની ‘જવાન’એ ૩૩૮ કરોડ અને ૩૯૦ કરોડની કમાણી કરી હતી. તો આ વર્ષે જ આવેલી પ્રભાસની ‘કલકી ૨૮૯૮ એડી’, જેમાં દીપિકા પાદૂકોણ, અમિતાભ બચ્ચન, કમલ હસન જેવા કલાકારો હતાં, તેણે ૪૧૫ કરોડી કમાણી કરી હતી. ‘દેવરા’માં સૈફ અલી ખાન મુખ્ય વિલનની ભૂમિકામાં છે. આ ફિલ્મની સિક્વલનું કામ પહેલાંથી જ શરૂ થઈ ચૂક્યું છે.



### મલ્ટી સ્ટારર પાન ઇન્ડિયા ફિલ્મનું શૂટિંગ જાન્યુઆરી ૨૦૨૫માં શરૂ થશે

## એટલીની ફિલ્મમાં કમલનું સ્થાન રજનીકાંત લેશે

### ફિલ્મ ડિરેક્ટર એટલી ફિલ્મ બનાવી રહ્યા હોવાની ચર્ચા લાંબા સમયથી ચાલે છે

ફિલ્મ ડિરેક્ટર એટલી એક મલ્ટી સ્ટારર પાન ઈન્ડિયા ફિલ્મ બનાવી રહ્યા હોવાની ચર્ચા લાંબા સમયથી ચાલે છે. આ એક એક્શન ફિલ્મ હશે જેની જુલાઈ મહિનામાં જાહેરાત થઈ હતી. ત્યારે એવી ચર્ચા હતી કે તેમાં કમલ હાસન અને સલમાન ખાન મુખ્ય ભૂમિકામાં હશે, પરંતુ તાજેતરના અહેવાલો સૂચવે છે કે, સુપરસ્ટાર રજનીકાંત હવે કમલ હાસનનું સ્થાન લઈ શકે છે. જોકે, ફિલ્મની ટીમ તરફથી આવી કોઈ માહિતિ અંગે ખાતરી આપવામાં નથી. સન પિક્ચર્સ દ્વારા પ્રોડ્યુસ થઈ રહેલી એટલીની આ ફિલ્મનું શૂટિંગ જાન્યુઆરી ૨૦૨૫માં શરૂ થશે. તેનું પ્રી પ્રોડક્શનું કામ ઓક્ટોબરથી શરૂ થઈ રહ્યું છે. આ ફિલ્મમાં સમગ્ર દેશના વિવિધ કલાકારો સાથે આ એક મોટી ફિલ્મ બનવાની હોવાની આશાઓ છે. હાલ રજનીકાંત ‘વૈતૈંયા’ની રિલીઝ સાથે વ્યસ્ત છે. આ પણ એક મલ્ટિ સ્ટારર ફિલ્મ છે. જેમાં અમિતાભ બચ્ચન, ફહાદ ફાઝીલ, મંજુ વારિયાર અને રાણા દગ્ગુબાતી હશે. જ્યારે સલમાન ખાન હાલ ‘સિકંદર’ અને ‘ટાઈગર વર્સીસ પઠાણ’ માટે કામ કરી રહ્યો છે. હવે તેઓ બંને આ વ્યસ્તતા વચ્ચે એટલીની ફિલ્મ માટે કઈ રીતે કામ કરશે અને સમય આપી શકશે તે જોવાનું રહ્યું. આ પ્રકારના અહેવાલો અફવાઓ છે કે હકીકત એ અંગે ફૅન્સ ફિલ્મની ટીમ તરફથી ખાતરી થવાની રાહમાં છે, ત્યારે એટલીની ફિલ્મ અંગે પણ ઉત્સુકતા વધી રહી છે. તેની મોટી કાસ્ટ અને બજેટના કારણે આ અટલીની મોટી ફીલ્મ હોવાની આશાઓ ફૅન્સ રાખી રહ્યા છે.





તસ્વીર : ભરતભાઈ પંડ્યા, દિવડા કોલોની

કડાણા ગામે તુલસી વિવાહ ૨૦૨૪ મહીસાગર જિલ્લાના કડાણા ગામે કારતક સુદ અગિયારસને મંગળવાર તારીખ ૧૨ /૧૧ /૨૦૨૪ના રોજ આ વર્ષે પણ ભજન મંડળની બહેનો દ્વારા શ્રી વિપુલભાઈ અને અ. સૌ. મમતાબેનના તેમજ શ્રી પુષ્પાબેન માધ્યમથી તુલસી વિવાહનો કાર્યક્રમ રાખવામાં આવેલ હતો. શાલીગ્રામ અને તુલસીજી ના લગ્ન શ્રી ચંદ્રકાંતભાઈ કે. રાવલ દ્વારા સંપન્ન કરવામાં આવેલ હતા. (ભરતભાઈ એ.પંડ્યા. દિવડા કોલોની.

# ઝાલોદ નગરની પોસ્ટ ઓફિસ ખાતે આધાર કાર્ડ કઢાવવા માટે લાગતી લાંબી કતારો



। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૧૩ ।

ઝાલોદ નગરમાં પોસ્ટ ઓફિસ ખાતે નવા આધાર કાર્ડ તેમજ અપડેટ માટે લાંબી કતારો જોવા મળી હતી. છેલ્લા ચાર પાંચ દિવસથી આધાર કાર્ડ કઢાવવા માટે ગ્રામીણ વર્ગના કામદારો તેમજ નગરના લોકોનો ઘસારો વધુ જોવા મળી રહેલ છે. પોસ્ટ ઓફિસ ખાતે નવા આધાર કાર્ડ કઢાવવા માટે ગ્રામીણ વિસ્તારના લોકો વહેલી સવારે ૪ વાગ્યાથી લાઈન લગાવતા હોવાનું માલુમ પડેલ છે. પોસ્ટ ઓફિસની બહાર વહેલી સવાર થી આવેલા લોકો પોતાના પગના પગરખાં મૂકી લાઇનમાં લાગેલ જોવા મળ્યા હતા. પોસ્ટ ઓફિસમા નવા આધાર કાર્ડ કાઢવા માટે ફક્ત ૩૦ થી ૩૫ કૂપન અપડેટ કરવામાં આવે છે જેથી તેનાથી વધારે આવનાર વ્યક્તિ હોય તો તેમના નંબર લાગતા નથી. ઉપસ્થિત લોકોને પૂછવામાં આવતા તેઓ રોજ ગ્રામીણ વિસ્તારમાં થી ભાડું ખર્ચીને આધાર કાર્ડ કઢાવવા આવે છે અને નંબર ન લાગતા પાછા જવું પડે છે તેવી બુમ સાંભળવા મળી હતી. આમ ગરીબ મજૂરી કરતા ગ્રામીણ વિસ્તારના લોકો પોતાના દિવસે મજૂરી ન જઈ આધાર કાર્ડ કઢાવવા આવતા તેમનુ કામ ન થતાં તેઓને આર્થિક રીતે નુકશાન ભોગવવું પડે છે. આ અંગે પોસ્ટ ઓફિસમા વાત કરતા તેઓ દ્વારા મૌખિક રીતે જણાવવામાં આવ્યું હતું કે આધાર કાર્ડની કામગીરી અન્ય જગ્યાએ પણ ચાલે છે પણ ત્યાં પ્રાઈવેટ ઓપરેટરો બેસતા હોય છે અને જો નવા આધાર કાર્ડ ભરવામાં જો ભૂલ થાય તો ૧૦૦૦ જેવી પેનલ્ટી લાગતી હોય છે તેથી પ્રાઈવેટ ઓપરેટરો નવા આધાર કાર્ડ કાઢતી નથી તેના લીધે પોસ્ટ ઓફિસ પર વધુ લોકો જોવાય છે. દિવસમાં ત્રીસ કૂપન કાઢવા અંગે પૂછવામાં આવતા જાણવા મળ્યું હતું કે સરકાર દ્વારા પોસ્ટ ઓફિસમા નવી ભરતી થતી નથી અને જવાબદારી વધારે હોય છે જેથી પોસ્ટ ઓફિસને લગતી કામગીરી પણ કરવી પડતી હોવાથી આધાર કાર્ડ વધુ કાઢી શકીએ તેવું બની શકે તેમ હોતું નથી. પરંતુ આ બધી કામગીરીમાં જાહેર જનતાને નાણાકીય રીતે તેમજ માનસિક રીતે વધુ ઘસાવુ પડે છે. તો જવાબદાર અધિકારીઓ આ અંગે ઠોસ રીતે વિચારે તેવી લોકમાંગ ઉભી થયેલ છે.

# ૨૮૪૨ બેઠક સામે ૪૬૬૩ ઉમેદવારો, PG મેડિકલમાં પ્રવેશ માટે પ્રોવિઝનલ મેરિટ લિસ્ટ જાહેર

। (માહિતી) અમદાવાદ, તા.૧૩ ।

પોસ્ટ ગ્રેજ્યુએશન મેડિકલ-ડેન્ટલમાં પ્રવેશ માટે આખરે પ્રવેશ સમિતિ દ્વારા પ્રોવિઝનલ મેરિટલિસ્ટ જાહેર કરાયું છે. મેરિટ લિસ્ટ-માં કુલ ૪૬૬૩ ઉમેદવારોનો સમાવેશ કરાયો છે. ૧૪૦ ઉમેદવારો એવા છે કે તેઓ લાયક ન હોવાથી તેમનો સમાવેશ કરાયો નથી. આ ઉમેદવારોને આગામી ૧૮મીથી MD-MSની કુલ ૨૮૪૨ બેઠકો ઓફર કરાશે. પોસ્ટ ગ્રેજ્યુએશનમાં પ્રવેશ માટે નીટ લેવાયા બાદ કાનૂની વિવાદના કારણે પ્રવેશ પ્રક્રિયા શરૂ થઈ શકી નહોતી. પ્રવેશ પ્રક્રિયા શરૂ કરવાની માગણી બાદ કેન્દ્રીય પ્રવેશ સમિતિ દ્વારા પ્રવેશ માટેનો કાર્યક્રમ જાહેર કર્યો હતો. આજે પ્રવેશ સમિતિ દ્વારા પી.જી.મેડિકલમાં પ્રવેશ માટે પ્રોવિઝનલ મેરિટલિસ્ટ જાહેર કરી દેવાયું છે. રાજ્યમાં MD-MSની કુલ ૨૮૦૩ બેઠકો અને ડિપ્લોમાની ૩૯ મળી કુલ ૨૮૪૨ બેઠ-કો ઉપલબ્ધ છે. આ બેઠકો પર પ્રવેશ માટે કુલ ૪૮૦૩ વિદ્યાર્થીએ રજિસ્ટ્રેશન કરાવ્યું હતું. જે પૈકી ૪૬૬૩ વિદ્યાર્થીનો મેરિટયાદીમાં સમાવેશ કરાયો છે. જનરલ કેટેગરીના ૧૮૮૫, એસઈબીસી કેટેગરીના ૧૧૩૫, એસસી કેટેગરીના ૨૯૮, એસટી કેટેગરીના ૩૪૧, ઈડબલ્યુએસ કેટેગરીના ૧૦૦૪, પીડબલ્યુડી કેટેગરીના ૩૮, NRIના ૩૮ અને ઈન સર્વિસ કેટેગરીના ૧૯ ઉમેદવારોનો સમાવેશ પ્રોવિઝનલ મેરિટલિસ્ટમાં કરાયો છે. વિવિધ કારણોસર ૧૪૦ ઉમેદવારોએ રજિસ્ટ્રેશન કર્યા પછી પણ સમાવેશ કરાયો નથી. પી.જી. મેડિકલમાં ઓલ ઈન્ડિયાની બેઠકો માટે આગામી ૨૦મી સુધીમાં પહેલો રાઉન્ડ પુરો કરાશે. સ્ટેટ ક્વોટાની બેઠકો માટે ૧૮મીથી ૨૭મી નવેમ્બર સુધીમાં પ્રવેશ કાર્યવાહી કરવાની સૂચના અપાઈ છે. પહેલા રાઉન્ડમાં પ્રવેશ લેનારા વિદ્યાર્થીએ ૪ ડિસેમ્બર સુધીમાં પ્રવેશ કન્ફર્મ કરવાનો રહેશે. સ્ટેટ ક્વોટાની બેઠકો માટે ૧૨મીથી ૨૩મી ડિસેમ્બર વચ્ચે બીજો રાઉન્ડ કરવામાં આવશે.

# ગુજરાત ગણિત મંડળના પ્રમુખ તરીકે ગૂજરાત વિધાપીઠના કુલપતિ ડો. હર્ષદ પટેલની વરણી

। (પ્રતિનિધી) અમદાવાદ, તા.૧૩ ।

ગુજરાત ગણિત મંડળના પ્રમુખ તરીકે ગૂજરાત વિધાપીઠ કુલપતિ અને ગણિત શિક્ષણ પધ્ધતિના અધ્યાપક ડો. હર્ષદ પટેલની વર્ષ ૨૦૨૫ માટે વરણી કરવામાં આવી છે.અમરેલી ખાતે યોજાયેલ ગુજરાત ગણિત મંડળના ૬૧ મા વાર્ષિક અધિવેશનમાં સામાન્ય સભામાં વર્ષ ૨૦૨૫ માટે ગુજરાત ગણિત મંડળના પ્રમુખ તરીકે ડો. હર્ષદ પટેલની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી. હર્ષદ પટેલ ગુજરાત ગણિત મંડળના આજીવન સભ્ય છે તથા તેઓ ૨૫ વર્ષથી ગણિત વિષય પધ્દાતિના અધ્યાપક તરીકે કાર્યરત છે. તેઓએ ગણિતને આનંદમય અને સરળ ભાષામાં વ્યક્ત કરતા ' મજાનું ગણિત ' દ્વિમાસિકના સંપાદક તરીકે કાર્ય કર્યુ છે. સુગણિતમ અને ગણિત મંડળની પ્રવૃત્તિઓ સાથે વર્ષોથી જોડાયેલા છે. તેઓ શ્રી પ્ર. ચુ. વૈધ, શ્રી ફાધર વાલેસ, શ્રી એ. આર. રાવ અને શ્રી અરુણ વૈધના ગણિતજ્ઞોના પ્રદાનના સંવાહક રહ્યા છે.

# ૬૨ વર્ષીય વૃદ્ધે ૩૫ લોકોને કારથી કચડી નાખતા મોત

(પ્રતિનિધી)

। બેજિંગ, તા.૧૩ ।

ચીનના ઝુહાઈમાં એક ૬૨ વર્ષીય વૃદ્ધે લોકોના ટોળા પર કાર ચઢાવી દીધી હતી. જેના કારણે ૩૫ લોકોના મોત થયા છે. જ્યારે અન્ય ૪૩ લોકો ઘાયલ થયા છે. ચીનની સરકારી ટેલિવિઝન સીસી ટીવીએ મંગળવારે સાંજે ચીનના દક્ષિણી શહેર ઝુહાઈમાં એક સ્પોર્ટ્સ સેન્ટરની બહાર લોકોના ટોળામાં કાર ઘૂસી આવી હતી ત્યારે આ મોટી દુર્ઘટના બની હતી. મળતી માહિતી પ્રમાણે એવું કહેવામાં આવી રહ્યું છે કે, આ ઘટનાને અંજામ આપનાર શંકાસ્પદ ૬૨ વર્ષીય છૂટાછેડા લીધેલ વ્યક્તિ હતો. ત્યાં ફરતા લોકોની ભીડમાં તેની કાર લઈને ઘૂસી ગયો હતો અને ટોળાને ટક્કર મારી હતી. ઘટના બાદ શંકાસ્પદ વ્યક્તિ ચાકુ દ્વારા પોતાની જાતને નુકસાન પહોંચાડવાનો પ્રયાસ કરી રહ્યો હતો. જોકે તરત પોલીસે તેને સ્થળ પર જ પકડી લીધો હતો. આ અંગે ઝુહાઈ પોલીસ દ્વારા મંગળવારે જાહેર કરવામાં આવેલા એક નિવેદન અનુસાર શંકાસ્પદ વ્યક્તિને સારવાર માટે હોસ્પિટલમાં મોકલવામાં આવ્યો હતો. જોકે હજુ સુધી એ સ્પષ્ટ નથી થયું કે, આ ઈરાદાપૂર્વકનો હુમલો હતો કે અકસ્માત હતો. આ અંગે વધુ તપાસ ચાલી રહી છે. પોલીસના જણાવ્યા પ્રમાણે હાલમાં ડ્રાઈવરને કસ્ટડીમાં લેવામાં આવ્યો છે. અને વધુ પૂછપરછ કરવામાં આવી રહી છે.ચીનમાં બનેલી આ કાળજા કંપાવી દેનારી ઘટનાને કારણે રસ્તાઓ પર દૂર દૂર સુધી મૃતદેહો જોવા મળી રહ્યા હતા.



તસ્વીર : ભરતભાઈ પંડ્યા, દિવડા કોલોની

મહીસાગર જિલ્લાના કડાણા તાલુકાના મુનપુર ગામે કારતક સુદ અગિયારસને મંગળવારના રોજ દર વર્ષની જેમ આ વર્ષે પણ ભજન મંડળની બહેનો દ્વારા તુલસી વિવાહનો કાર્યક્રમ રાખવામાં આવેલ હતો શાલીગ્રામ અને તુલસીજીના લગ્ન જીતેશભાઈ દ્વારા કરાવવામાં આવેલ હતા. (ભરતભાઈ એ.પંડ્યા. દિવડા કોલોની)

# ઝાલોદ નગરમાં બાબા શ્યામના જન્મોત્સવ નિમિતે બાબા શ્યામના જય જયકાર સાથે શ્યામ હવેલી ગુંજી ઉઠી



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૧૩ ।

ઝાલોદ નગરમાં બાબા શ્યામનો જન્મોત્સવ તારીખ ૧૨-૧૧-૨૦૨૪ મંગળવારના રોજ ધૂમધામ પૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. બાબા શ્યામના જન્મોત્સવ નિમિત્તે શ્યામ હવેલી ખાતે ધામધૂમ પૂર્વક શ્યામ ભક્તો દ્વારા મનાવવામાં આવી હતી. સવારથી જ બાબા શ્યામના મંદિરે મોટા પ્રમાણમાં બાબા શ્યામના ભક્તો મોટા પ્રમાણમાં દર્શનાર્થે ઉમટી પડેલ હતા. આખા દિવસ દરમ્યાન બાબા શ્યામના મંદિરે દર્શન કરવા માટે શ્રદ્ધાળુઓની લાંબી લાઈન લાગી હતી. બાબા શ્યામના જન્મોત્સવ નિમિત્તે શ્યામ પ્રેમીયોમાં ખુશી તેમજ આનંદ જોવા મળતો હતો. બાબા શ્યામના જય જયકાર સાથે આખું મંદિર પરિસર ગુંજી ઉઠયું હતું. આખા મંદિરના પ્રાંગણમાં શીશ કે દાની કી જય ,શ્યામ પ્યારે કી જય જેવા જયકારા સાથે ભક્તો બાબા શ્યામને જન્મોત્સવની શુભકામનાઓ આપતા જોવા મળતા હતા. બાબા શ્યામના જન્મોત્સવ નિમિતે શ્યામ હવેલીને ફૂલો, ફુગ્ગારા, લાઈટીંગ થી સુશોભિત કરવામાં આવી હતી. બાબા શ્યામની હવેલીનો નજારો ધરતી પરના સ્વર્ગ જેવો લાગતો હતો. અલૌકિક રીતે સજાવેલ મંદિરની સજાવટ જોઈ સહુ ભક્તોને બાબા શ્યામના સાક્ષાત્કાર નજરની સામે હોય તેવો આભાસ દરેક શ્યામ ભક્તોને થઈ રહેલ હતો. બાબા શ્યામને જન્મોત્સવની શુભેચ્છા આપવા રાજસ્થાન, મધ્યપ્રદેશ અને ગુજરાતના શ્યામ ભક્તો મોટા પ્રમાણમાં જોવા મળતા હતા. શ્યામ જન્મોત્સવ નિમિતે શ્યામ હવેલીને સજાવવા માટે શ્યામ શ્યામ પરિવારના સહુ સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. બાબા શ્યામના જન્મોત્સવ નિમિત્તે શ્યામ પરિવાર દ્વારા જયપુર તેમજ કોટા થી બોલાવવામાં આવેલ ભજન કલાકાર દ્વારા શ્યામ ભજનનું રસપાન શ્યામ પ્રેમીયોને કરાવવામાં આવ્યું હતું. બાબા શ્યામની અખંડ જ્યોત દર્શનનો લાભ ઉપસ્થિત સહુ ભક્તોએ લીધો હતો. સાથે સાથે ભજનની સાથે શ્યામ ભક્તો શ્યામ હવેલીના પ્રાંગણમાં નાચતા ઝૂમતા જોવા મળતા હતા. રાત્રે બારના ટકોરે શ્યામ હવેલીની બહાર ફટાકડાની ભવ્ય આતશબાજી કરવામાં આવી હતી. સહુ ભક્તોએ ભેગા થઈ બાબા શ્યામને માવાનો કેક કાપી જન્મ દિવસની શુભેચ્છા આપી હતી. છેલ્લે સહુ ભક્તોએ ભેગા થઈ બાબા શ્યામની આરતી કરી પ્રસાદ બાબા શ્યામની જય જય કાર કરી છૂટા પડ્યા હતા.

# ઝાલોદ નગરમા સંપૂર્ણ શાસ્ત્રોક્ત વિધિ મુજબ તુલસી વિવાહ યોજાયો : આજથી શુભ પ્રસંગોનુ પ્રારંભ



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૧૩ ।

તુલસી માતાના યજમાન મોહનભાઈ અગ્રવાલના પરિવાર દ્વારા શાલીગ્રામ ભગવાનની બરાતનુ સ્વાગત, વિવાહ અને ગંગાજળ કળશ યાત્રા તેમજ પ્રસંગ પૂર્ણ થતાં પ્રસાદીનુ આયોજન કરાયું. તારીખ ૧૨-૧૧-૨૦૨૪ મંગળવાર એટલે દેવઉઠી એકાદશીનો શુભ દિવસ, આજથી ચાતુર્માસ પૂર્ણ થતાં હવે નગરમાં હિન્દુ પરિવારોમા શુભ પ્રસંગો યોજાવાની શરૂઆત થશે. આજના શુભ દિવસે તુલસી માતા અને શાલીગ્રામ ભગવાનનો વિવાહ પ્રતિવર્ષ હિન્દુ પરંપરાના ઉત્સવની શરૂઆત રૂપે યોજાય છે. તુલસી વિવાહ નગરમાં દરેક હિન્દુ પરિવારોમાં તેમજ નગરના દરેક મંદિરોમા યોજાતુ હોય છે. નગરના ગીતામંદિરમાં પ્રતિવર્ષ તુલસી વિવાહ ધૂમધામ થી યોજાતો હોય છે અને નગરના લોકો આ શુભ પ્રસંગે જોડાઈ પૂજા કરવાનો લ્હાવો લે છે. ઝાલોદ નગરમાં ૧૩-૧૧-૨૦૨૪ના રોજ ગીતા મંદિર દ્વારા કરવામાં આવેલ આયોજનમાં તુલસી માતાના યજમાન મોહનભાઈ અગ્રવાલના ત્યાં તુલસી વિવાહની તૈયારી રૂપે મંગલ ગીતો ગાઈ તેમજ સામાજિક રીતે આમંત્રણ આપી સંપૂર્ણ તૈયારી કરવામાં આવી હતી. શાલીગ્રામ ભગવાનની બરાત નગરના ગીતા મંદિરે થી ડી.જે ના તાલે ભજનોની રમઝટ સાથે કાઢવામાં આવી હતી.

# શાળાઓના શિક્ષણ સહાયક અને મદદનીશ શિક્ષકોની બદલીના નિયમો જાહેર કરવામાં આવ્યાં

। (પ્રતિનિધી અમદાવાદ, તા.૧૩ ।

શિક્ષણ મંત્રી કુબેર ડિંડોર દ્વારા આપવામાં આવેલી માહિતી અનુસાર, રાજ્ય સરકાર દ્વારા માધ્યમિક શાળાઓના શિક્ષણ સહાયક/મદદનીશ શિક્ષ-કોની બદલીના નિયમો જાહેર કરવામાં આવ્યા છે. જેમાં શિક્ષણ સહાયક/મદદનીશ શિક્ષક જેમની ઓછામાં ઓછી ૨ વર્ષની સેવા પૂરી થઈ હોય તેઓએ જિલ્લા બદલી માટે ઓનલાઈન અરજી કરવાની રહેશે. શિક્ષણ સહાયક અને મદદનીશ શિક્ષ-કે પોતાની મૂળ નિમણૂકના જિલ્લા કચેરી મારફતે અરજી કરવાની જોગવાઈ કરવામાં આવી છે.શિક્ષણ સહાયક અને મદદનીશ શિક્ષકોએ જિલ્લા શિક્ષણ અધિકારી તેમજ શાળાના આચાર્ય દ્વારા પ્રમાણિત કરેલી અરજીને કમિશનરની શાળાઓની કચેરીએ મોકલવાની રહેશે. નિયત સમય મર્યાદામાં અરજીઓ મળ્યા બાદ કમિશનર શાળાઓની કચેરી દ્વારા રાજ્ય કક્ષાની વિભાગ અને વિષયવાર કામચલાઉ યાદી જાહેર કરવામાં આવશે. ત્યારબાદ કમિશનર શાળાઓની કચેરી ગાંધીનગરની મંજૂરી મળ્યા બાદ છેલ્લી ઓનલાઈન યાદી જાહેર કરવામાં આવશે, જેમાં ફેર-બદલીના હુકમો પણ ઓનલાઈન જ કરવામાં આવશે. કેમ્પમાં બદલી હુકમ થતાં જ જે-તે શાળાના આચાર્ય અને શિક્ષણ અધિકારીએ શિક્ષણ સહાયક અને મદદનીશ શિક્ષ-કને છૂટા કરી તે અંગેના હુકમો ઓનલાઈન અપલોડ કરવાના રહેશે. નોંધનીય છે કે, આ જિલ્લા ફેર-બદલી અંગેની અરજીઓ માટે મેરિટ સિસ્ટમનો ઉપયોગ કરવામાં આવશે. આ મેરિટ પદ્ધતિ મુજબ જે-તે શિક્ષણ સહાયક અને મદદનીશ શિક્ષકને તેમની સેવાના સમયગાળા માટે વધુમાં વધુ ૩૦ પોઈન્ટ્સ, ખાસ કેટે-ગરી જેવી કે, દિવ્યાંગ/ વિધવા/ ત્યક્તા/ વિધુર માટે ૮ પોઈન્ટ્સ, સચિવાલયના બિન-બદલીપાત્ર કર્મચારીઓને પતિ-પત્નીને સરકારી નોકરીની કેટેગરી માટે પણ ૧૦ પોઈન્ટ્સની જોગવાઈ કરવામાં આવી છે.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**
આજના દિવસે હવાઈ કિલ્લા રચવાથી તમને ફાયદો નહીં થાય. પરિવારના સભ્યોની અપેક્ષા પર પાર ઉતરવા માટે તમારે કશુંક કરવું જોઈએ. આજે તમે પૈસા બચાવવા માટે પોતાના પરિવાર માં થી સલાહ લયી શકો છો અને તેને પોતાના જીવન માં સ્થાન પણ આપી શકો છો? વૈવાહિક જોડાણમાં પ્રવેશવા માટે સારો સમય. આકાશ તમને વધુ તેજસ્વી લાગશે, ફૂલો વધુ રંગીન જણાશે.

**વૃષભ (બ,વ,ઉ) :**
આજના દિવસે આજે તમે ઊર્જાથી તરબતર હશો અને તમે કશુંક અસાધારણ કરશો. આજે ફક્ત બેઠા રહેવા કરતાં-કોઈક પ્રવૃત્તિ સાથે સંકળાઓ-જે તમારી આવકની ક્ષમતાને વધારશે. મિત્રો, ધંધાકીય સાથીઓ તથા સંબંધીઓ સાથે કામ કરતા હો ત્યારે તમારા હિતોનું રક્ષણ કરો- કેમ કે તેઓ તમારી જરૂરિયાતો પ્રત્યે વિચારશીલ નહીં હોય.

**મિથુન (ક,છ,ઘ) :**
આજના દિવસે ગર્ભવતી સ્ત્રીઓ જમીન પર ચાલતી વખતે ખાસ દરકાર રાખે. ભૂતકાળના રોકાણમાંથી આવકમાં વધારો જોવાય છે. દિવસના ઉત્તરાર્ધમાં તમને આરામ કરવાનું અને પરિવારના સભ્યો સાથે સમય વિતાવવાનું ગમશે. કોઈ પિકનિક સ્પૉટની મુલાકાત લઈ તમે તમારૂં પ્રેમ જીવન ઝળકાવી શકો છો. નવી બાબતો શીખવાની અભિરૂચિ નોંધપાત્ર રહેશે.

**કર્ક (ડ,હ) :**
આજના દિવસે ગમગીનીને દૂર ફગાવી દો-જે તમારી આસપાસ ઘેરાઈ રહી છે તથા તમારા વિકાસમાં અંતરાય ઊભા કરી રહી છે. તમારા પિતા ની કોઈ સલાહ તમને કાર્યક્ષેત્ર માં આજે ધનલાભ કરાવી શકે છે. તમારા પરિવારના સભ્યોની જરૂરીયાતો પર ધ્યાન આપવું એ આજના દિવસની પ્રાથિમકતા હોવી જોઈએ. આજે તમારો પ્રેમી તેની વાતો તમારી વાત સાંભળવા કરતાં વધુ કહેવા માંગશે.

**સિંહ (મ,ટ) :**
આજના દિવસે તમારે તમારી લાગણીઓ પર અંકુશ મુકવો પડશે તથા તમારા ભયથી બને એટલી જલ્દી મુક્તિ મેળવવી પડશે, કેમ કે તમારા સ્વાસ્થ્ય પર તેના પર તરત અસર પડવાની શક્યતા છે તથા સારા સ્વાસ્થ્યનો આનંદ લેવાના તમારા માર્ગમાં તે અંતરાય બની શકે એવી શક્યતા જોવાય છે. જીવન સાથીની ખરાબ તબિયત ને લીધે તમારું ધન ખર્ચ થયી શકે છે.

**કન્યા (પ,ઠ,ણ) :**
આજના દિવસે તમારી શારીરિક સુસજ્જતા જાળવે એવી રમતગમતની પ્રવૃત્તિને તમે માણશો એવી શક્યતા છે. વેપાર માં આજ ના દિવસે સારો લાભ થવા ની શક્યતા છે. આજ ના દિવસે તમે પોતાના વેપાર ને નવી ઉંચાઈઓ આપી શકો છો? બાળકના અભ્યાસ વિશે ચિંતા કરવાની જરૂર નથી. આ ક્ષણે તમે કેટલીક સમસ્યાઓનો સામનો કરી રહ્યા છો પણ આ બધું ક્ષણિક છે અને સમય સાથે દૂર થઈ જશે.

**તુલા (ર,ત) :**
આજના દિવસે આજે હાથ ધરાયેલું સ્વચ્છતા અભિયાન માનસિક શાંતિ તથા રાહત બક્ષશે. અન્યો પર વધુ પડતો ખર્ચ કરશો એવી શક્યતા છે. તમારી જીભ પર કાબૂ રાખો કેમ કે તમારા શબ્દોથી તમારા વડીલોની લાગણી દુભાઈ શકે છે. બકવાસ કરીને સમય વેડફવા કરતાં શાંત રહેવું વધુ સારૂં છે. યાદ રાખો આપણે અર્થપૂર્ણ પ્રવૃત્તિઓ દ્વારા જ આપણા જીવનને અર્થસભર બનાવીએ છીએ.

**વૃશ્ચિક (ન,ય) :**
આજના દિવસે તમારૂં સૌથી પ્રિય સપનું સાકાર થશે. પણ તમારો આવેશ કાબૂમાં રાખજો કેમ કે વધુ પડતી ખુશી કેટલીક સમસ્યાઓ સર્જી શકે છે. આજે કરેલું રોકાણ તમારી સમૃદ્ધિ તથા આર્થિક સુરક્ષામાં વધારો કરશે. તમારા પરિવારના કલ્યાણ માટે સખત મહેનત કરો. તમારૂં કાર્ય પ્રેમ અને હકારાત્મક દ્દષ્ટિકોણથી સંચાલિત હોવું જોઈએ લાલચથી નહીં.

**ધન (ભ,ધ,ફ) :**
આજના દિવસે લાંબા ગાળાની માંદગીથી તમને મુક્તિ મળે એવી શક્યતા છે. ધન ની આવશ્યકતા ક્યારેક પણ પડી શકે છે તેથી જેટલું શક્ય હોય પોતાના પૈસાની બચત કરવાનું વિચાર બનાવો? આજે તમે તમારા ઘરમાં તથા આસપાસ કેટલાક ફેરફાર કરો એવી શક્યતા છે. પ્રેમ જીવનમાં સારો વળાંક આવશે કેમ કે તમે સારો સંબંધ વિકસાવશો.

**મકર (ખ,જ) :**
આજના દિવસે વ્યસ્ત સમયપત્રક છતાં સ્વાસ્થ્ય સારૂં રહેશે પણ તમારા જીવનને હળવાશથી લેતા નહીં, જીવનની દરકાર જ સત્ય હકીકત છે એ બાબત અનુભવજો. આજે શક્યતા છે કે તમને ધન સંબંધી કોઈ મુશ્કેલી હોય પરંતુ તમે પોતાની સમજદારી થી ખોટ ને નફા માં બદલી દેશો? તમારૂં જિદ્દી વલણ ઘરના લોકોને તથા તમારા નિકટના મિત્રોને આહત કરશે.

**કુંભ (ગ,શ,સ) :**
આજના દિવસે બાળકો તમારી સાંજને આહલાદક બનાવી દેશે. દોડધામભર્યા અને નીરસ દિવસની અલવિદા કહેવા એક સારા ડીનરનું આયોજન કરો. તેમનો સાથ તેમારા શરીરમાં નવું જોમ ભરી દેશે. તમારી જાતને મોટા ગ્રુપ સાથે સાંકળવાની પ્રવૃત્તિ ખૂબ જ મનોરંજક સાબિત થશે- પણ તમારો ખર્ચ ખાસ્સો વધી જશે.

**મીન (દ,ચ,ઝ,થ) :**
આજના દિવસે તમને તમારા ટૅન્શનમાંથી મુક્તિ મળે એવી શક્યતા છે. આર્થિક સંકળામણથી બચવા માટે તમારા બજેટને વળગી રહો. લોકો તથા તેમના આશય વિશે ઝડપી અભિપ્રાય બાંધશો નહીં- તેઓ તાણ હેઠળ હોઈ શકે અને શક્ય છે કે તેમને તમારી સહાનુભૂતિ તથા સમજની જરૂર હોય. તમારૂં ધૂંધળું જીવન તમારા જીવનસાથીને ટૅન્શન આપશે.

## ન્યૂઝ બ્રિફ

### ઉભી રહેલી ટ્રકમાં બસ ઘુસી જતા ત્રણ લોકોના મોત થયા

। (એજન્સી) લખનૌ, તા.૧૩ ।

ઉત્તર પ્રદેશના ફતેહપુરમાં મોટો અકસ્માત સર્જાયો હતો. જેમાં સવારે પ્રયાગરાજ-કાનપુર હાઈ-વે પર નોઈડા જઈ રહેલી મુસાફરોથી ખીચોખીચ ભરેલી બસ રસ્તા કિનારે ઊભેલી ટ્રકમાં ઘૂસી ગઈ હતી. આ અકસ્માતમાં ત્રણ લોકોના મોત થઈ ગયા છે અને ૬ લોકોની હાલત ગંભીર છે. તમામ ઘાયલોને કાનપુર રેફર કરવામાં આવ્યા છે. પ્રયાગરાજ જિલ્લાના ધુમનગંજના વિશુનપુર કોલોનીમાં રહેતા નરેન્દ્રના પુત્ર મંજિતની જાન લઈને બસ ગાઝિયાબાદ જિલ્લાના સેક્ટર ૨૫ નોઈડા જઈ રહી હતી. બુધવારે વહેલી સવારે બસ કાનપુર-પ્રયાગરાજ હાઈ-વે પર કલ્યાણપુર પોલીસ સ્ટેશન વિસ્તારના મૌહાર પાસે હાઈવે કિનારે ઊભેલી ટ્રકમાં પાછળથી ઘૂસી ગઈ હતી. બસનો આગળનો ભાગ ક્ષતિગ્રસ્ત થઈ ગયો હતો. આ અકસ્માતમાં પ્રયાગરાજ જિલ્લાના મુંદેરાના રહેવાસી ૪૦ વર્ષીય સરોજ સિંહ, શશિકાંતનો ૮ વર્ષનો પુત્ર આદિત્ય ઉર્ફે ટીટુ, આમોદની ૧૨ વર્ષની પુત્રી કુમકુમનું મોત નીપજ્યું છે. આ ઉપરાંત બિહાર જિલ્લાના ગોદરી પોલીસ સ્ટેશનના જયશ્રી નિવાસી રોમન, વિજય કુમાર, સુજાતા કુમારી, બિહારના ઔરંગાબાદની કિરણ દેવી, પ્રયાગરાજના મુંડેરા નિવાસી પવન મિશ્રા, અનૂપ ગંભીર રીતે ઘાયલ થયા છે. ઘાયલોને સારવાર માટે પીએચસી ગોપાલગંજ અને સીએચસી બિંદકી મોકલવામાં આવ્યા છે. અહીંથી તમામને જિલ્લા હોસ્પિટલમાં રેફર કરવામાં આવ્યા છે. પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ વિનોદ મિશ્રાએ જણાવ્યું કે, 'આ અકસ્માત વહેલી સવારે થયો હતો. તેમાં ત્રણ લોકોના મોત થયા છે અને છ લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે. જેમને સારવાર માટે ફતેહપુર અને કાનપુર મોકલવામાં આવ્યા છે.'

### પશ્ચિમ બંગાળમાં TMC નેતાની ગોળી મારીને હત્યા




। (એજન્સી) કોલકાતા, તા.૧૩ ।

પશ્ચિમ બંગાળના ઉત્તર ૨૪ પરગણા જિલ્લાના જગતદલ વિસ્તારમાં તૃણમૂલ કોંગ્રેસના એક નેતાની બુધવારે અજાણ્યા બદમાશોએ ગોળી મારીને હત્યા કરી નાખી હતી. મૃતકની ઓળખ જગતદલ વોર્ડ નંબર ૧૨ના તૃણમૂલ કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ અશોક શૉ તરીકે થઈ છે. આ ઘટનાની માહિતી આપતા એક પોલીસ અધિકારીએ જણાવ્યું કે, જગતદલ પોલીસ સ્ટેશનથી થોડા જ અંતરે આવેલી એક ચાની દુકાનની સામે ઉભેલા અશોક શૉ પર બદમાશોએ અનેક રાઉન્ડ ફાયરિંગ કર્યું હતું અને તેમની પર બોમ્બ પણ ફેંક્યો હતો. પોલીસ અધિકારીએ જણાવ્યું કે, આસપાસના લોકો તાત્કાલિક અશોક શૉને નજીકની ભાટપારા સરકારી હોસ્પિટલમાં લઈ ગયા હતા, જ્યાં તેમનું મૃત્યુ થઈ ગયું હતું. તેમણે જણાવ્યું કે, આ મામલાની તપાસ શરૂ કરી દેવામાં આવી છે. આ હુમલામાં કેટલાક અન્ય લોકો પણ ઘાયલ થયા છે અને હોસ્પિટલમાં તેમની સારવાર ચાલી રહી છે.

### ૩ દિવસમાં રોકાણકારોના ૧૪ લાખ કરોડ ડૂબ્યાં

# સેન્સેક્સમાં ૧૧૫૬ પોઈન્ટની વોલેટિલિટીના અંતે ૯૮૪ પોઈન્ટનો કડાકો

### આ સિવાય તમામ ૨૭ શેર્સમાં ૩.૪૦ ટકા સુધીનું ગાબડું નોંધાયુ હતું.

। (એજન્સી) મુંબઈ, તા.૧૩ ।




વૈશ્વિક અને સ્થાનિક સ્તરે નકારાત્મક ૫રિબળોના પગલે શેરબજારમાં મંદીનું જોર વધ્યું છે. આજે સેન્સેક્સ ઈન્ટ્રા ડે ૧૧૫૬.૭૨ પોઈન્ટની વધ-ઘટના અંતે ૯૮૪.૨૩ પોઈન્ટ તૂટી ૭૭૬૯૦.૯૫ પર બંધ રહ્યો હતો. નિફ્ટી ૩૪૦.૦૫ પોઈન્ટ તૂટી ૨૩૭૦૦ની અતિ મહત્ત્વની સપાટી તોડી ૨૩૫૪૩.૪૦ પર બંધ રહ્યો હતો. બીએસઈ પર ૫૮૬ શેર્સમાં લોઅર સર્કિટ વાગી હતી.

ચાલુ સપ્તાહમાં શેરબજારમાં સળંગ કડાકો નોંધાતા ત્રણ દિવસમાં રોકાણકારોએ રૂ. ૧૪.૩ લાખ કરોડ ગુમાવ્યા છે. બીએસઈ ખાતે આજે ટ્રેડેડ કુલ ૪૦૬૭ શેર્સ પૈકી માત્ર ૬૭૩ શેર્સમાં જ સુધારો જોવા મળ્યો હતો. આ સિવાયના ૩૨૯૭ શેર્સ રેડઝોનમાં બંધ રહ્યા હતા. સેન્સેક્સ પેકમાં પણ ૩ એનટીપીસી ૦.૨૧ ટકા, ટાટા મોટર્સ ૦.૧૮ ટકા અને ઈન્ફોસિસ ૦.૦૧ ટકા સુધર્યા હતા. આ સિવાય તમામ ૨૭ શેર્સમાં ૩.૪૦ ટકા સુધીનું ગાબડું નોંધાયુ હતું.

લાર્જકેપની તુલનાએ સ્મોલકેપ અને મીડકેપમાં મોટુ કરેક્શન જોવા મળ્યું છે. સ્મોલકેપ ઈન્ડેક્સ આજે ૧૬૫૧.૬૯ પોઈન્ટ, મીડકેપ ઈન્ડેક્સ ૨.૫૬ ટકા અર્થાત ૧૧૬૦.૪૪ પોઈન્ટના કડાકે બંધ રહ્યો હતો. આ સિવાય રિયાલ્ટી ઈન્ડેક્સ ૩.૨૩ ટકા, પાવર ૨.૨૯ ટકા, પીએસયુ ૨.૧૪ ટકા, મેટલ ૨.૫૪ ટકા તૂટ્યો છે.

શેરબજારમાં કડાકાના કારણો

૧. એફઆઈઆઈની સતત વેચવાલી
૨. રિટેલ ફુગાવો ૧૪ માસની ટોચે
૩. ડોલર ઈન્ડેક્સમાં તેજીથી રૂપિયો નબળો પડ્યો
૪. નબળા ઊર કોર્પોરેટ ત્રિમાસિક પરિણામો
૫. વૈશ્વિક સ્તરે શેરબજારમાં કડાકો

### કેસમાં હાજર થવાનો કર્યો આદેશ

## પૂર્વ કેપ્ટન મહેન્દ્રસિંહ ધોનીને હાઈકોર્ટે ફટકારી નોટિસ

। (એજન્સી) રાંચી, તા. ૧૩ ।




ભારતીય ક્રિકેટ ટીમના પૂર્વ કેપ્ટન મહેન્દ્રસિંહ ધોનીને ઝારખંડ હાઈકોર્ટે મંગળવારે નોટિસ ફટકારી છે. હાઈકોર્ટે ધોનીને તેના ભૂતપૂર્વ ભાગીદારો મિહિર દિવાકર અને સૌમ્ય દાસ દ્વારા દાખલ કરવામાં આવેલા કેસમાં નોટિસ મોકલી છે. કોર્ટે ધોનીને કોર્ટમાં આવીને આ મામલામાં પોતાનું સ્ટેન્ડ સ્પષ્ટ કરવા આદેશ આપ્યો છે. મળતી માહિતી મુજબ, મિહિર દિવાકર અને સૌમ્ય દાસ 'આરકા સ્પોર્ટ્સ એન્ડ મેનેજમેન્ટ લિમિટેડ'ના ડિરેક્ટર છે. બંનેએ મહેન્દ્ર સિંહ ધોની સાથે તેમના નામે ક્રિકેટ એકેડમી ખોલવાનો કરાર કર્યો હતો. જોકે, થોડા સમય પછી સ્જી ધોનીએ મિહિર દિવાકર અને સૌમ્યા દાસ પર છેતરપિંડીનો આરોપ લગાવ્યો છે. ધોનીએ ૫ જાન્યુઆરીએ ઝારખંડની રાજધાની રાંચીમાં તેની વિરુદ્ધ ફોજદારી ફરિયાદ નોંધાવી હતી. ફોજદારી ફરિયાદમાં મહેન્દ્રસિંહ ધોનીએ આરોપ લગાવ્યો છે કે, તેની સાથે ૧૫ કરોડ રૂપિયાની છેતરપિંડી કરવામાં આવી છે. ધોનીએ દાવો કર્યો કે, વર્ષ ૨૦૨૧માં તેણે એકેડમી માટે કરાર અધિકારો રદ કરી દીધા હતા. જો કે, આ પછી પણ તેના નામનો ઉપયોગ કરવાનું મિહિર દિવાકર અને સૌમ્ય દાસે ચાલુ રાખ્યું. ત્યારબાદ, રાંચીના ન્યાયિક મેજિસ્ટ્રેટની અદાલત દ્વારા દિવાકર અને દાસ વિરુદ્ધ સંજ્ઞાન લેવામાં આવ્યું હતું.

### કેન્સર પીડિતાના દીકરાએ કર્યો હુમલો

## ડોક્ટર પર ક્રૂરતાનો વધુ એક કેસ, ચપ્પા વડે માર્યા ૭ ઘા

। (એજન્સી) ચેન્નાઈ, તા.૧૩ ।



ડોક્ટરો પર થઈ રહેલા હિંસક હુમલાની વચ્ચે હવે ચેન્નઈના સરકારી હોસ્પિટલમાં એક વ્યક્તિએ ડોક્ટર પર ચાકુથી હુમલો કરી દીધો. હોસ્પિટલમાં દાખલ એક કેન્સર પીડિતાના પુત્રએ ડોક્ટર પર ધારદાર ચાકુથી હુમલો કરી દીધો. હુમલામાં ડોક્ટર બાલાજીને ચાકુના સાત ઘા વાગ્યા અને તેઓ ગંભીરરીતે ઈજાગ્રસ્ત થઈ ગયા છે. તેમની સારવાર ચાલુ છે. અધિકારીઓએ જણાવ્યું કે ચેન્નઈના રહેવાસી આરોપી વિગ્નેશની ધરપકડ કરી દેવાઈ છે. ઘટના કલૈગનાર સેંટેનરી હોસ્પિટલના કેન્સર વોર્ડમાં થઈ જ્યાં ડો. બાલાજી કામ કરી રહ્યા હતા. ત્યારે વિગ્નેશે તેમની પર ચાકુથી હુમલો કરી દીધો. હુમલા બાદ વિગ્નેશે ભાગવાનો પ્રયત્ન કર્યો પરંતુ ઘટના સ્થળ પર હાજર લોકોએ તેને પકડી લીધો અને પોલીસને સોંપી દીધો. ઘટના પર નિરાશા વ્યક્ત કરતાં તમિલનાડુના મુખ્યમંત્રી એમકે સ્ટાલિને કહ્યું કે 'મે ઈજાગ્રસ્ત ડોક્ટરને જરૂરી સારવાર આપવાનો આદેશ આપ્યો છે. ઘટનાની વિસ્તૃત તપાસ કરવાના આદેશ આપ્યા છે. આ ભયાવહ છે. ગિંડી કલૈગાર સેંટેનરી સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલમાં કાર્યરત ડો.બાલાજીને એક દર્દીના પરિવારના સભ્યએ ચાકુ મારી દીધું. આ ઘટનામાં સામેલ વ્યક્તિની ધરપકડ કરી લેવાઈ છે.

## મોહમ્મદ શમીની ટીમમાં વાપસી, વનડે વિશ્વકપ ફાઈનલ બાદ રમશે પ્રથમ મેચ



### હવે ચૂંટાયેલા પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે પણ અત્યંત પ્રખર રીતે બાંગ્લાદેશમાં હિન્દુઓ ઉપર થયેલા હુમલાનો મુદ્દો ઉપસ્થિત કર્યો હતો

। (એજન્સી) નવી દિલ્હી,તા.૧૩ ।

ભારતના સ્ટાર ફાસ્ટ બોલર મોહમ્મદ શમીની લગભગ એક વર્ષ બાદ પ્રોફેશનલ ક્રિકેટમાં વાપસી થશે, જ્યારે તે બુધવારથી ઈન્દોરમાં મધ્યપ્રદેશ વિરુદ્ધ બંગાળ માટે રણજી ટ્રોફી મુકાબલો રમવા ઉતરશે. બંગાળ ક્રિકેટ સંઘએ આ જાહેરાત કરી છે. વનડે વિશ્વકપ બાદ વાપસી કરશે, પાછલા વર્ષે ૧૯ નવેમ્બરે વિશ્વકપ ૨૦૨૩ ફાઈનલ બાદ મોહમ્મદ શમી ક્રિકેટથી દૂર છે. ઈજાને કારણે શમીએ સર્જરી કરાવવી પડી અને તે લાંબા સમયથી વાપસીનો પ્રયાસ કરી રહ્યો છે. તેનું લક્ષ્ય બેંગલુરૂમાં બીસીસીઆઈના સેન્ટર ઓફ એક્સલેન્સમાં રિહેબિલિટેશન બાદ મેચ સ્થિતિમાં મેચ ફિટનેસ સાબિત કરવા પર હશે.

બુધવારથી મેદાનમાં ઉતરશે શમી

બંગાળ ક્રિકેટ સંઘના સચિવ નરેશ ઓઝાએ કહ્યું- ભારતીય ક્રિકેટ ટીમ અને બંગાળનો બોલર મોહમ્મદ શમી બુધવારે રણજી ટ્રોફી મુકાબલામાં મધ્યપ્રદેશ સામે મેદાનમાં ઉતરશે. આ મેચ ઈન્દોરમાં રમાશે. એટલે કે શમી ઈજા બાદ પોતાની પ્રથમ મેચ રમશે. ઓઝાએ કહ્યુ કે મોહમ્મદ શમી બંગાળના ફાસ્ટ બોલિંગ આક્રમણની આગેવાની કરશે અને ઓસ્ટ્રેલિયામાં રહેલા ભારતના થિંક ટેન્કની નજર પણ તેના પ્રદર્શન પર રહેશે. ભારતે ઓસ્ટ્રેલિયામાં બોર્ડર-ગાવસ્કર ટ્રોફી માટે જસપ્રીત બુમરાહ અને મોહમ્મદ સિરાજનો સાથ આપવા માટે આકાશ દીપ, હર્ષિત રાણા, નિતીશ કુમાર રેડ્ડી અને પ્રસિદ્ધ કૃષ્ણા જેવા બિનઅનુભવી બોલરો પર વિશ્વાસ વ્યક્ત કર્યો છે.




ભારતના ચૂંટણી પંચના ડેટા અનુસાર, ગુમલા ચૂંટણી પ્રક્રિયામાં અગ્રેસર છે કારણ કે તેમાં ૫૨.૧૧% મતદાન નોંધાયું છે, ત્યારબાદ લોહરદાગા ૫૧.૫૩% અને ખુંટી ૫૧.૩૭% સાથે છે.

### તેલંગાણામાં મોટી રેલ દુર્ઘટના સર્જાઈ

## માલગાડી ટ્રેનના ૧૧ ડબ્બા પાટા પરથી ખડી પડ્યા અને પલટી ગયા

। હૈદરાબાદ, તા.૧૩ ।

તેલંગાણાના પેદ્દાપલ્લી જિલ્લામાં ટ્રેન દુર્ઘટના સર્જાઈ હતી. રાઘવપુરમ અને રામગુંડમ વચ્ચે રેલવે ટ્રેક પરથી એક માલગાડી પાટા પરથી ઉતરી ગઈ હતી. ૪૪ વેગન વાળી આ ટ્રેનના ૧૧ ડબ્બા પાટા પરથી ખડી પડ્યા હતા અને પલટી ગયા હતા. આ ટ્રેન આયર્ન ઓર લઈને ગાઝિયાબાદથી કાઝીપેટ જઈ રહી હતી. રેલ દુર્ઘટનામાં ટ્રેન પાટા પરથી ખડી પડવાના કારણે રેલ માર્ગ ખોરવાઈ ગયો છે, તેથી રેલવેએ રૂટ પર દોડતી ૩૦ થી વધુ ટ્રેનો કેન્સલ કરી દેવામાં આવી છે. ઘણી ટ્રેનોના રૂટ ડાયવર્ટ કરવામાં આવ્યા છે. ખાસ કરીને દિલ્હી અને ચેન્નઈ વચ્ચેનો રેલ વ્યવહાર પ્રભાવિત થયો છે. દુર્ઘટનાના કારણે સુપરફાસ્ટ એક્સપ્રેસ ટ્રેનો, પેસેન્જર ટ્રેનો અને અન્ય માલગાડીઓ પણ ટ્રેનના પાટા પર ફસાઈ રહી હતી. આ માહિતી દક્ષિણ મધ્ય રેલવેના ઈએ આપી છે. દુર્ઘટનાની માહિતી મળતા જ સ્ટેશન માસ્ટર, રેલવે અધિકારીઓ અને કર્મચારીઓ ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. સ્થાનિક પ્રશાસન અને પોલીસની ટીમો પણ દુર્ઘટના સ્થળે પહોંચી ગઈ હતી. રેલવે કર્મચારીઓએ પાટા પરથી ક્ષતિગ્રસ્ત ડબ્બા અને સામાન હટાવવાનું કામ શરૂ કરી દીધું છે.

## વિશેષ

### એલન મસ્ક ભારતીય મૂળના વિવેક રામાસ્વામી સાથે મળીને નવા સરકારી દક્ષતા વિભાગનું નેતૃત્વ કરશે

# ડોનાલ્ડ ટ્રમ્પે સોંપી મોટી જવાબદારી, અમેરિકી સરકારના ફાલતુ ખર્ચા રોકશે એલન મસ્ક

। (માહિતી) વોશિંગ્ટન, તા.૧૩ ।







અમેરિકી રાષ્ટ્રપતિ ચૂંટણીમાં જીત મેળવ્યા બાદ ડોનાલ્ડ ટ્રમ્પ પોતાની ટીમ બનાવવામાં લાગ્યા છે. અમેરિકાના નવા ચૂંટાઈ આવેલા રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પનો શપથગ્રહણ સમારોહ ૨૦ જાન્યુઆરી ૨૦૨૫ના રોજ થશે. પરંતુ તે પહેલા તેમણે ટેસ્લા, સ્પેસએક્સ અને એક્સના સીઈઓ એલન મસ્કને મોટી જવાબદારી સોંપી છે. ટ્રમ્પે જાહેરાત કરી છે કે એલન મસ્ક ભારતીય મૂળના વિવેક રામાસ્વામી સાથે મળીને નવા સરકારી દક્ષતા વિભાગ (ડૉઝ)નું નેતૃત્વ કરશે. એલન મસ્કે સોશિયલ મીડિયા એક્સ દ્વારા આ જાણકારી આપી.

ડોનાલ્ડ ટ્રમ્પે એક અધિકૃત નિવેદનમાં કહ્યું કે 'મને એ જાહેરાત કરતા ખુશી થઈ રહી છે કે મહાન એલન મસ્ક, અમેરિકી દેશભક્ત વિવેક રામાસ્વામી સાથે મળીને સરકારી દક્ષતા વિભાગ (ડૉઝ)નું નેતૃત્વ કરશે. તેમણે કહ્યું કે, આ બંને અદભૂત અમેરિકી મળીને મારા પ્રશાસન માટે સરકારી નોકરશાહીને ખતમ કરવા, બિનજરૂરી વિનિયમનોને ઓછા કરવા, ફાલતું ખર્ચા ઓછા કરવા અને ફેડરેલ એજન્સીઓના પુર્નગઠનનો માર્ગ પ્રશસ્ત કરશે જે 'સેવ અમેરિકા' આંદોલન માટે જરૂરી છે. તેનાથી સમગ્ર વ્યવસ્થામાં હડકંપ મચી જશે અને સરકારી બરબાદીમાં સામેલ તમામ લોકો, જે અનેક છે તેઓ સ્તબ્ધ રહી જશે.'

ડૉઝ મોટા પાયા પર સંરચનાત્મક સુધાર લાવવા માટે અને સરકાર પ્રત્યે ઉદ્યમશીલ દ્રષ્ટિકોણ વિકસિત કરવા માટે વ્હાઈટ હાઉસ અને મેનેજમેન્ટ તથા બજેટ કાર્યાલય સાથે ભાગીદારી કરશે. તેમણે કહ્યું કે, 'આ સંભવીત રીતે આપણા સમયનો 'મેનહટ્ટન પ્રોજેક્ટ' બની જશે. રિપબ્લિકન રાજનેતા ઘણા લાંબા સમયથી 'ડૉઝ' ના ઉદ્દેશ્યો વિશે સપના જોઈ રહ્યા છે. આ પ્રકારના મોટા ફેરફારને આગળ વધારવા માટે, સરકારી દક્ષતા વિભાગ સરકારને બહારથી સલાહ અને માર્ગદર્શન આપશે અને મોટા પાયે સંરચનાત્મક સુધારને આગળ વધારવા અને સરકાર માટે એક વ્યવસાયી દ્રષ્ટિકોણ બનાવવા માટે વ્હાઈટ હાઉસ અને મેનેજમેન્ટ અને બજેટ કાર્યાલય સાથે ભાગીદારી કરશે જે પહેલા ક્યારેય જોવા નથી મળ્યું.' હું એલન મસ્ક અને વિવેક રામાસ્વામી પાસેથી ફેડરલ નોકરશાહીમાં ફેરફાર કરવાની આશા રાખુ છું જેથી કરીને દક્ષતા પર ધ્યાન આપી શકાય અને આ સાથે જ તમામ અમેરિકનો માટે જીવન સારું બનાવી શકાય. સૌથી મહત્વપૂર્ણ વાત એ છે કે અમે આપણા વાર્ષિક ૬.૫ ટ્રિલિયન ડોલરના સરકારી ખર્ચમાં હાલ મોટા પાયે થતી બરબાદી અને ફ્રોડને ખતમ કરી દઈશું. તેઓ આપણી અર્થવ્યવસ્થાને મુક્ત કરવા માટે મળીને કામ કરશે અને અમેરિકી સરકારને 'આપણા લોકો' પ્રત્યે જવાબદાર બનાવશે. તેમનું કામ ૪ જુલાઈ ૨૦૨૬ પહેલા ખતમ થઈ જશે. વધુ દક્ષતા અને ઓછી નોકરશાહી સાથે , આ અમેરિકાને સ્વતંત્રતાની જાહેરાતની ૨૫૦મી વર્ષગાંઠ પર એક સારી ભેટ હશે. મને વિશ્વાસ છે કે તેઓ સફળ થશે. સૌથી મહત્વપૂર્ણ વાત એ છે કે અમે આપણા વાર્ષિક ૬.૫ ટ્રિલિયન ડોલરના સરકારી ખર્ચમાં હાલ મોટા પાયે થતી બરબાદી અને ફ્રોડને ખતમ કરી દઈશું. તેઓ આપણી અર્થવ્યવસ્થાને મુક્ત કરવા માટે મળીને કામ કરશે અને અમેરિકી સરકારને 'આપણા લોકો' પ્રત્યે જવાબદાર બનાવશે. તેમનું કામ ૪ જુલાઈ ૨૦૨૬ પહેલા ખતમ થઈ જશે. વધુ દક્ષતા અને ઓછી નોકરશાહી સાથે , આ અમેરિકાને સ્વતંત્રતાની જાહેરાતની ૨૫૦મી વર્ષગાંઠ પર એક સારી ભેટ હશે. મને વિશ્વાસ છે કે તેઓ સફળ થશે.

## ન્યુઝ બોક્ષ

### પોલીસકર્મીએ જ કરી હતી MICAના વિદ્યાર્થીની હત્યા

। (એજન્સી) અમદાવાદ, તા.૧૩ ।

શેલાની માઈકા ઈન્સ્ટિટ્યુટમાં એમબીએના બીજા વર્ષમાં અભ્યાસ કરતા યુવક પ્રિયાંશુ જૈનની હત્યાના કેસમાં પોલીસે આરોપીઓનો સ્કેચ જાહેર કર્યાના ૨૪ કલાકમાં જ આરોપીની ધરપકડ કરી લેવાઈ છે. આ હત્યારો પોલીસ કોન્સ્ટેબલ હોવાનો મોટો ખુલાસો થયો છે. સરખેજ પોલીસ સ્ટેશનમાં કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતા વિરેન્દ્રસિંહ પઢેરિયા નામનો પોલીસકર્મી હત્યા કરીને પંજાબ ભાગી ગયો હતો. અમદાવાદ ક્રાઈમ બાંચે વિરેન્દ્રસિંહ પઢેરિયાને ઝડપી પાડ્યો છે. મળી રહેલી પ્રાથમિક માહિતી અનુસાર પોલીસકર્મીએ દારૂના નશામાં હત્યા કરી હોવાનું જાણવા મળ્યું છે. ઉલ્લેખનીય છે કે જે જગ્યાએ હત્યા થઈ હતી જેની આસપાસ એક કિલોમીટરમાં કોઈપણ સીસીટીવી ન હતા. પરંતુ સ્થાનિક સૂત્રો પાસેથી માહિતીના આધારે તપાસ કરતાં જાણવા મળ્યું હતું બ્લેક કારમાં આવેલી વ્યક્તિએ હત્યા કરી હતી. ત્યારબાદ વિરેન્દ્રસિંહ પઢેરિયા તેની કાર અવાવરૂ જગ્યાએ મૂકીને પંજાબ ભાગી ગયો હતો. પરંતુ પોલીસે એક પછી એક કડી જોડતા હત્યાનો ભેદ ઉકેલાયો હતો. ક્રાઈમ બ્રાન્ચ હ્રઁના જણાવ્યા અનુસાર, આરોપી પોલીસકર્મી છે. કયા કારણથી આ થયું તે તપાસનો વિષય છે. આરોપી કસ્ટડીમાં આવશે ત્યારે તેની પૂછપરછ બાદ ખુલાસો થશે. આરોપી ક્યાં છે તેના ઈનપુટ મળ્યા હતા અને બાતમીદારો તેને ઓળખી કઢ્યો હતો. બાદમાં તેની ખરાઈ કરી પોલીસ ઘટના સ્થળે પહોંચી હતી અને આરોપીને ઝડપી લેવાયો છે. અદાવત રાખીને કે કોઈને સાથે મળી હત્યા કરી હોય તેવું જણાતું નથી. ઉત્તર પ્રદેશના મેરઠના વતની ૨૩ વર્ષીય પ્રિયાંશુ જૈન શેલાની માઈકા કોલેજમાં એમબીએના બીજા વર્ષમાં અભ્યાસ કરતો હતો. રવિવારે રાતે આઠ વાગે પ્રિયાંશુ અને તેની સાથે અભ્યાસ કરતા પૃથ્વીરાજ મહાપાત્રા નામના યુવકને કોલેજમાં ઈન્ટરવ્યૂ હતો.

### પાર્થિવ પટેલને આસિસ્ટન્ટ અને બેટિંગ કોચની જવાબદારી સોંપી

। (એજન્સી) અમદાવાદ, તા.૧૩ ।

ગુજરાત ટાઈટન્સે આઈપીએલ ૨૦૨૫ના મેગા ઓક્શન પહેલા એક મોટો નિર્ણય કર્યો છે. ટીમે પાર્થિવ પટેલને આસિસ્ટન્ટ અને બેટિંગ કોચ બાવ્યો છે. પાર્થિવનું ક્રિકેટ કરિયર શાનદાર રહ્યું છે. તે અનુભવી ખેલાડી રહ્યો છે અને હવે નવી ભૂમિકામાં જોવા મળશે. પાર્થિવ પાસે કોચિંગનો પણ સારો અનુભવ છે. તે અન્ય ટીમો સાથે જોડાયેલો રહ્યો છે. પાર્થિવ મુંબઈ ઈન્ડિયન્સ અને રોયલ ચેલેન્જર્સ બેંગલુરૂ સાથે કામ કરી ચૂક્યો છે. ગુજરાત ટાઈટન્સના સત્તાવાર નિવેદન અનુસાર '૧૭ વર્ષના શાનદાર ક્રિકેટ કરિયરની સાથે પૂર્વ ભારતીય વિકેટકીપર બેટર પાર્થિવ પટેલ અમારી ટીમ માટે અનુભવની સાથે નોલેજ લઈને આવશે. ગુજરાતે તાજેતરમાં રિટેન્શન લિસ્ટ જાહેર કર્યું હતું. જેમાં શુભમન ગિલ સહિત પાંચ ખેલાડીઓને રિટેન કરવામાં આવ્યા હતા. ગુજરાત હવે ઓક્શનમાં જતાં પહેલા પાર્થિવના અનુભવનો જરૂર ઉપયોગ કરશે.' પાર્થિવ પટેલ મુંબઈ ઈન્ડિયન્સ સાથે કામ કરી ચૂક્યો છે. તે મુંબઈ એમરેટ્સનો બેટિંગ કોચ પણ હતો. પાર્થિવ પટેલ આઈપીએલમાં રોયલ ચેલેન્જર્સ બેંગલુરૂનો પણ ભાગ રહી ચૂક્યો છે. પાર્થિવે પોતાના કરિયરમાં ૧૩૯ આઈપીએલ મેચ રમી છે. જેમાં તેણે ૨૮૪૮ રન બનાવ્યા છે. આઈપીએલમાં પાર્થિવનો સર્વશ્રેષ્ઠ સ્કોર ૮૧ રન રહ્યો છે.

#### ગરવા ગિરનારમાં ૩૩ કોટી દેવતાઓનો વાસ છે

# ગિરનારની પાવનકારી લીલી પરિક્રમાનો વિધિવત પ્રારંભ

### પરિક્રમા રૂટ પર લાઈટીંગ, પાણી, ભોજનની વ્યવસ્થા

। (એજન્સી) ગિરનાર, તા.૧૩ ।

જુનાગઢમાં કારતક સુદ અગિયારસથી ગરવા ગિરનારની પાવનકારી પરિક્રમાનો પ્રારંભ થયો છે. અગિયારસથી પૂનમ સુધી ચાલનારી આ પ્રરિક્મા આદિ અનાદીકાળથી આયોજિત થતી આવે છે. પુરાણોમાં પણ ગિરનારની પરિક્રમાનો ઉલ્લેખ છે. પુરાણોમાં જણાવ્યા મુજબ સૌપ્રથમ ભગવાન શ્રીકૃષ્ણએ ગિરનારની પરિક્રમા કરી હોવાની માન્યતા છે. પોતાની બહેન સુભદ્રાના લગ્ન માટે ભગવાન શ્રીકૃષ્ણએ સૌપ્રથમ આ પરિક્રમા કરી હોવાનો ઉલ્લેખ પુરાણોમાં છે. એવુ પણ કહેવાય છે કે ગરવા ગિરનારમાં ૩૩ કોટી દેવતાઓનો વાસ છે અને આથી જ જે કોઈ વ્યક્તિ ગિરનારની પરિક્રમા કરે છે તેને સાત જન્મનું પૂણ્ય પ્રાપ્ત થાય છે. આથી પૂણ્યનું ભાથુ બાંધવા માટે દર વર્ષે યાત્રિકો દૂર દૂરથી ઉમટી પડે છે. દર વર્ષે લાખોની સંખ્યામાં લોકો ગિરનારની પરિક્રમા કરવા માટે આવે છે. આ વર્ષે સાત લાખથી પણ વધુ પરિક્રમાર્થીઓ આ પરિક્રમા કરી રહ્યા છે.

આદિ અનાદિકાળથી આયોજિત થતી આ પરિક્રમાની પરંપરા આજે પણ અકબંધ જળવાઈ રહી છે. છેલ્લા કેટલાક વર્ષોથી યાત્રિકોના ધસારાને જોતા અને જંગલમાં પરિક્રમાં રૂટ પર યાત્રિકોને અગવડ ન પડે તે હેતુથી ૨૪ કલાક પૂર્વે જ પરિક્રમા માર્ગને વનવિભાગ દ્વારા ખુલ્લો મુકવામાં આવે છે. જો કે વિધિવત પ્રારંભ તો કારતક સુદ અગિયારસે મધરાતથી જ થાય છે અને 'જય ગિરનારી'ના નાદથી સમગ્ર પરિક્રમાનો માર્ગ ગૂંજી ઉઠે છે. આ વર્ષે હાલ પરિક્રમાના રૂટ પર ચાર લાખ ભાવિકો પરિક્રમા કરી રહ્યા છે જ્યારે ત્રણ લાખ ભાવિકો નળ પાણીની ઘોડી વટાવી ચુક્યા છે. પ્રકૃતિના ખોળે લીલી પરિક્રમાનો માહોલ છવાયો છે. દર વર્ષની જેમ આ વર્ષે પણ હૈયે હૈયુ દળાય એ પ્રકારનો ભાવિકોનો ધસારો જોવા મળી રહ્યો છે. જો કે વનવિભાગ અને વહીવટીતંત્ર દ્વારા પીવાના પાણીથી લઈને તમામ વ્યવસ્થા કરવામાં આવી છે. ન માત્ર ગુજરાત પરંતુ અન્ય રાજ્યમાંથી પણ ભાવિકો આ પરિક્રમા માટે આવ્યા છે.

## વડોદરામાં વહેલી સવારે પિત્ઝા શોપમાં લાગી આગ

। (એજન્સી) વડોદરા, તા.૧૩ ।

વડોદરા શહેરમાં સમા-સાવલી વિસ્તારમાં આવેલા બંસલ મોલમાં આવેલી એક પિત્ઝા શોપમાં વહેલી સવારે આગ લાગતાં અફરા-તફરીનો માહોલ સર્જાયો હતો. ધીમે ધીમે આગ એટલી વિકરાળ બની ગઈ હતી કે થોડી જ વારમાં પહેલાં માળે લાગેલી આગ બીજા માળ સુધી પહોંચી ગઈ છે. આ આગની જ્વાળાઓમાં અનેક ઓફિસો બળીને ખાખ થઈ ગઈ હોવાની માહિતી પ્રાપ્ત થઈ છે. પિત્ઝા શોપના ઉપર માળે વુમન્સ હોસ્પિટલ આવેલી છે. જેના લીધે ગર્ભવતી મહિલાઓમાં દોડધામ મચી ગઈ છે. પિત્ઝા શોપમાં હાજર ફાયર સેફ્ટીના સાધનો કામ ન કરતાં હાજર લોકોમાં ફફડાટ વ્યાપી જવા પામ્યો છે. જોકે સદનસીબે વહેલી સવારે આગ લાગી હોવાથી પિત્ઝા શોપમાં ગ્રાહકો હાજર ન હતા. હાજર લોકોના જણાવ્યા અનુસાર પીત્ઝાના ઓવરનમાં આગ લાગી હતી. ત્યારબાદ ધીમે ધીમે આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું હતું. આગ એટલી હદે વધી ગઈ હતી કે બિલ્ડીંગની ઓફિસોના કાચ તૂટવા લાગ્યા હતા.


### સુરતમાં સગા પિતાએ જ પુત્રી પર બગાડી દાનત

। (એજન્સી) સુરત, તા. ૧૩ ।

સુરતમાં ઘોર કળિયુગની સાબિતી આપતો કિસ્સો સામે આવ્યો છે. પત્ની સારવાર માટે પિયર જતાં પતિએ પુત્રી સાથે અડપલાં કર્યા હતા. પત્નીની ગેરહાજરીએ પિતાએ ૧૫ દિવસમાં ત્રણ વખત આવી હરકત કરી હતી. માતા પરત ફર્યા બાદ પુત્રીએ સઘળી હકીકત જણાવતાં મામલો સામે આવ્યો હતો. મૂળ સૌરાષ્ટ્રના વતની અને સુરતના કાપોદ્રામાં રહેતી ૪૦ વર્ષીય પરિણીતાનો પતિ કાપડના વેપારી છે.

# ઉમરેઠ BAPS મંદિરના પૂજારીનું મનોદિવ્યાંગ યુવતી સાથે દુષ્કર્મ

**મંદિરના પૂજારી કાંતિ વાઘેલાની પૂછપરછ કરી તેના ડી.એન.એ ટેસ્ટની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.**



। ઉમરેઠ ,તા.૧૩ ।

આણંદ જિલ્લાના ઉમરેઠ ગામમાં ત્રણ દિવસ અગાઉ ત્યજી દીધેલ હાલતમાં નવજાત શિશુનો મૃતદેહ મળી આવ્યો હતો. આ બાળકને જન્મ આપનાર મનોદિવ્યાંગ યુવતીએ મેજિસ્ટ્રેટ સમક્ષ કબૂલાત કરતાં જણાવ્યું છે કે, મંદિરનો પૂજારી કાંતિ વાઘેલા છેલ્લાં એક વર્ષથી રોજ બપોરે મંદિરની અગાસી ઉપરથી જમવાનું લેવા માટે બૂમ પાડી બોલાવતો હતો અને ત્યારબાદ રસોડામાં લઈ જઈ દુષ્કર્મ આચરતો હતો. આ કબૂલાતને આધારે પોલીસે મંદિરના પૂજારી વિરુદ્ધ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.આણંદ જિલ્લાના ઉમરેઠ ગામમાં રામ તળાવ આવેલું છે. આ તળાવ નજીક ત્રણ દિવસ અગાઉ ત્યજી દીધેલી હાલતમાં એક મૃત બાળક મળી આવ્યું હતું. જે તે વખતે પોલીસની ટીમે સ્થળ પર પહોંચીને નવજાત મૃત બાળકનો કબજો લઈ પી.એમ અર્થે હોસ્પિટલમાં મોકલી આપ્યું હતું અને તપાસ હાથ ધરી હતી. જેમાં ત્યાં નજીકમાં જ રહેતી એક મનોદિવ્યાંગ યુવતી સવારના સમયે ઘરની બહાર શૌચાલય જવા ગઈ ત્યાં બાળક જન્મી પડ્યું હતું. જે બાદ પરિવારજનોએ આ નવજાત બાળકને કોથળામાં ભરી ત્યાં નજીકમાં જ મૂકી દીધું હતું અને યુવતીને સારવાર અર્થે સૌ પ્રથમ નડિયાદ સિવિલ હોસ્પિટલમાં અને ત્યારબાદ અમદાવાદની હોસ્પિટલમાં લઈ ગયા હોવાનું જણાઈ આવ્યું હતું.બીજી બાજુ આ બાળકને જન્મ આપનાર યુવતિના પરિવારજનોએ તે જ દિવસે રાત્રે મ્હૅંજી સ્વામિનારાયણ મંદિર આગળ એકત્રિત થઈ હોબાળો મચાવ્યો હતો અને મંદિરના પૂજારી ઉપર દુષ્કર્મના આરોપ મુક્યો હતો. યુવતિના પિતાએ જણાવ્યું હતું કે, જ્યારથી આ સ્વામિનારાયણ મંદિરની ઈંટ મુકાઈ ત્યારથી મારા બા આ મંદિરમાં કામ કરતાં હતાં. મારા બા ના અવસાન બાદ મારી પત્ની અને પુત્રી મંદિરમાં કામ કરતાં હતાં. મારી પુત્રી મંદબુદ્ધિની છે અને બપોરે ટીફીન લેવા મંદિર જતી હતી. આ દરમિયાન મંદિરના પૂજારીએ બળાત્કાર કરી મારી પુત્રીને ગર્ભવતી બનાવી હતી. તે સવારે ઘરની બહાર શૌચાલય જવા ગઈ ત્યાં બાળક જન્મી પડ્યું હતું. મારી પુત્રીને બ્લિડીંગ વધુ થતું હોવાથી સારવાર અર્થે નડિયાદ સિવિલ હોસ્પિટલમાં લઈ ગયાં હતાં અને ત્યાંથી વધુ સારવાર અર્થે અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવી છે. મંદિરના પૂજારીએ મારી પુત્રીને ચપ્પું મારી જાનથી મારી નાંખીશ તેવી ધમકીઓ આપી હતી. એટલે મારી પુત્રીએ કોઈને જણાવ્યું ન હતું તેવા ગંભીર આક્ષેપો મુક્યાં હતાં.આ આક્ષેપના આધારે પોલીસે બાળકને જન્મ આપનાર યુવતિની પુછપરછ કરી હતી. પરંતુ, શરૂઆતમાં યુવતિ કાંઈ બોલી ન હતી. જોકે, બાદમાં આ યુવતીએ મેજિસ્ટ્રેટ સમક્ષ સ્વામિનારાયણ મંદિરના પૂજારી એ દુષ્કૃત્ય કર્યું હોવાનું કબુલ્યું હતું. આ યુવતિએ જણાવ્યું છે કે, મંદિરનો પૂજારી કાંતિ વાઘેલા છેલ્લાં એક વર્ષથી રોજ બપોરે મંદિરની અગાસી ઉપરથી જમવાનું લેવા માટે બૂમ પાડી બોલાવતો હતો અને ત્યારબાદ રસોડામાં લઈ જઈ દુષ્કર્મ આચરતો હતો. આ કબુલાતના આધારે ઉમરેઠ પોલીસે મંદિરના પૂજારી કાંતિ વાઘેલા વિરુદ્ધ આઈ.પી.સી કલમ ૩૭૬(૨)એલ, ૩૭૬(૨) એન મુજબનો ગુનો નોંધીને આગળની તપાસ હાથ ધરી છે.

## વડોદરાના રાવપુરા વિસ્તારમાં લોકોને જમવામાં પડ્યા ફાંફાં

। (એજન્સી) વડોદરા, તા.૧૩ ।

વડોદરા શહેરના રાવપુરા વિસ્તારમાં ખુશાલચંદ વિદ્યાલયની પાસે ગેસની સમસ્યા ઉદભવી છે. ત્યાંના રહીશોને કેવું છે કે, લીમડાપોળ મહાજન ગલીમાં છેલ્લા કેટલા દિવસથી ગેસ પુરવઠો યોગ્ય આવતો નથી. ગેસનું પ્રેશર ખૂબ ઓછું હોય છે. જેથી ત્યાંના રહીશોને હેરાન પરેશાન થવાનો વારો આવ્યો છે. સ્થાનિકોનું કહેવું છે કે, ગેસ પૂરતા પ્રમાણમાં નહીં મળવાના કારણે અમારે ઘરમાં રસોઈ બનાવી શકાતી નથી. બહારથી ટિફિન લાવવા પડે છે. આ ટિફિનના પૈસા શું કોર્પોરેશન આપવાની છે કે નેતાઓ આપવાના છે? અધિકારીઓને જ્યારે ફોન કરીએ છીએ ત્યારે આટલા દિવસો પછી એન્જિનિયર જોવા માટે આવ્યો. ચાર જગ્યાએ ખાડા કરી તપાસ શરૂ કરી હતી. અમુક જગ્યાએ ખાડામાં પાણી ભરાઈ ગયું છે એવું કહેતા પાણી કાઢ્યા પછી અહીં ફોલ્ટ મળી ગયો છે એવી વાતો કરી કોઈ કામ પૂર્ણ કરતા નથી. આજ વસ્તુ કોઈ મેયર, નેતા કે કમિશનરને ત્યાં થઈ હોત તો કેટલા સમયમાં પાલિકા પડતી મુશ્કેલીનું સોલ્યુશન લઈ આવે ? પરંતુ આમ જનતા માટે કોઈ અધિકારી કે નેતા કામ કરતું નથી. બીજા સ્થાનિકે જણાવ્યું કે, રાવપુરા વિસ્તારમાં વિદ્યાલય પાસે ગેસનો પ્રોબ્લેમ થયો છે. ઓછા પ્રેશરથી ગેસ આવતા અમે અવારનવાર ફોન કરી રજૂઆતો કરી, પરંતુ કોઈ અધિકારી સમસ્યાનો અંત લાવવા આવતો નથી, ગેસ ઓફિસના ધક્કા ખાઈએ અમે થાકી ગયા.

#### ભરૂચમાં બે જગ્યાએ આગનો બનાવ

# ભરૂચમાં કેમિકલ કંપની અને હોટેલમાં ભયંકર આગનો બનાવ

। (એજન્સી) ભરૂચ, તા.૧૩ ।

ભરૂચ જિલ્લાના ઝઘડિયાના જીઆઈડીસીમાં નાઈટ્રેક્સ કેમિકલ કંપનીમાં ભીષણ આગ લાગવાની ઘટના સામે આવી છે. એક સ્પાર્કથી શરૂ થયેલી આગે એકાએક વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું હતું. આગ વકરતા ત્યાં હાજર લોકોએ તાત્કાલિક ફાયર વિભાગને જાણ કરી હતી. સમગ્ર ઘટનાની માહિતી મળતા ફાયર બ્રિગેડનો કાફલો તુરંત ઘટનાસ્થળે પહોંચી ગયો હતો.

કંપનીમાં આગની ઘટનાની જાણ થતાં જ તાત્કાલિક ધોરણે તમામ કર્મચારીઓને બહાર કાઢવાની કાર્યવાહી કરવામાં આવી હતી. આગના ધુમાડા દૂર-દૂર સુધી ફેલાતાં લોકોમાં ભયનો માહોલ સર્જાયો હતો. ફાયરની ચાર ગાડીઓ ઘટનાસ્થળે પહોંચી આગ ઓલવવાનો પ્રયાસ કરી રહી હતી.

ઝઘડિયાના જીઆઈડીસીમાં નાઈટ્રેક્સ કેમિકલ કંપનીમાં વહેલી સવારે આગ લાગી હતી. સૌથી પહેલાં કંપનીના સ્ટોર રૂમમાં મૂકેલા એક કેમિકલના એક કેરબામાં આગ લાગી હોવાની માહિતી મળી રહી છે. આગની જાણ થતાં જ તુરંત કંપનીના તમામ કામદારોને સુરક્ષિત રીતે બહાર કાઢવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. જોકે, આગના કારણે એક બાદ એક કેમિકલના કેરબા ફાટતાં લોકોના જીવ તાળવે ચોંટ્યા હતાં. ફાયરની ટીમ આગ ઓલવવાનો પ્રયાસ કર્યો હતો. ફાયર વિભાગના જણાવ્યા અનુસાર, સમગ્ર ઘટનામાં કોઈ જાનહાનિની સૂચના મળી નથી. જોકે, સમગ્ર આગ પર કાબૂ મેળવ્યા બાદ સાચી હકીકત સામે આવશે. આ સિવાય સમગ્ર આગ ઓલવાઈ જાય ત્યારબાદ કયા કારણોસર આગ લાગી તે વિશે પણ તપાસ હાથ ધરવામાં આવશે. આ સિવાય ભરૂચની એબીસી સર્કલ નજીક આવેલી રંગ લોડર્સ હોટલમાં બીજા માળે આવેલા હોલમાં આગ લાગી હતી. જેમાં ચાદર-કવર સહિતની સામગ્રી બળીને ખાખ થઈ ગઈ હતી.

#### અમદાવાદમાં હાલ એક અજીબોગરીબ કિસ્સો સામે આવ્યો

# પતિએ અમેરિકામાં પુરુષ સાથે લગ્ન કર્યાનું ખૂલતા પત્નીના પગ નીચેથી ધરતી સરકી ગઈ

**પતિએ તરછોડી દેતા મહિલાએ પોલીસ સ્ટેશનમાં પતિ વિરુદ્ધ ગુનો નોંધાવ્યો હતો. મહિલા પોલીસે ૬ સાસરિયાઓ સામે ફરિયાદ નોંધીને આગળની કાર્યવાહી હાથ ધરી છે**

। (માહિતી) અમદાવાદ,તા.૧૩ ।

આજના જમાનામાં બધું જ ઓનલાઈન થઈ ગયું છે, તેમ હવે લગ્નના સંબંધોમાં પણ જીવનસાથી શોધવું ભારે પડી રહ્યું છે. અમદાવાદમાં હાલ એક અજીબોગરીબ કિસ્સો સામે આવ્યો છે. જેમાં શહેરના પશ્ચિમ પોલીસ સ્ટેશનમાં મહલાએ પોતાના પતિ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે. પતિએ લગ્ન બાદ હનીમુન પર સંબંધ ના બાંધતા પત્નીએ એક મોટો ઘટસ્ફોટ કર્યો છે. પતિએ અમેરિકામાં પુરુષ સાથે લગ્ન કર્યાનું ખૂલતા પત્નીના પગ નીચેથી ધરતી સરકી ગઈ હતી. પરંતુ પત્નીએ જ્યારે પોતાના પતિને આ વિશે પુછતા તેણે વિઝા માટે લગ્ન કર્યા હોવાનું ખૂલ્યું છે. બીજી બાજુ પતિની કરતૂત તો પરિણીતા સહન કરી રહી હતી, તો સાસરિયાઓ પણ પરિણીતાને દહેજ માટે ત્રાસ આપતા હોવાનો આરોપ લગાવ્યો છે. આ બધું મૂંગા મોઢે સહન કરતી પરિણીતાને જ્યારે પતિએ તરછોડી દેતા મહિલાએ પોલીસ સ્ટેશનમાં પતિ વિરુદ્ધ ગુનો નોંધાવ્યો હતો. મહિલા પોલીસે ૬ સાસરિયાઓ સામે ફરિયાદ નોંધીને આગળની કાર્યવાહી હાથ ધરી છે. પરિણીતાએ નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, મારા સસરા ઉપેન્દ્રનાથ અમારા સમાજના હોવાથી અમારા ઘરે ધાર્મિક પ્રસંગે આવતા જતા હોવાથી મારા માતા પિતા તેઓને ઓળખે છે. આ અવર જવર દરમ્યાન મારા સસરાએ મને જોયેલ હોવાથી તેઓએ તેમના દીકરા કિરણ (નામ બદેલલ છે) સાથે મારા લગ્નની વાત માત્ર માતા પિતાને કરી હતી.

ત્યારબાદ છ મહીના સુધી હું તથા મારા માતા પિતા કિરણ તથા તેમના માતા પિતા એકબીજાના પરીવારના સભ્યો સાથે મો. ફોનમાં વીડીઓ કોલમાં વાતચીત કરતા હતા. આ વખતે મારા જેઠ અન્શુલ દુબે તથા નણંદ અલ્કા ગૌરે લગ્ન બાદ મને સારી રીતે રાખવાની તેમજ મને યુ.એસ.એ. મોકલવાની તમામ જવાબદારી સ્વીકારી હતી. ત્યારબાદ મારા તથા કિરણના લગ્ન માટે અમે એકબીજા પક્ષોને અનુકુળ લાગતા મારા અને કિરણના લગ્ન સામાજીક રીતે તા.૨૨ ૦૯ ૨૦૨૩ ના રોજ આગ્રા ખાતે રાખ્યા હતા.

લગ્ન બાદ હું મારા પતિ કિરણ તથા માસ જેઠ અન્શુલ ઉપેન્દ્રનાથ દુબે તથા સસરા ઉપેન્દ્રનાથ તથા સાસુ ઉર્મિલાબેન દુબે તથા નણંદ અર્જીતા દુબે સાથે સંયુક્ત પરિવારમાં ફીરોઝાબાદ ખાતે રહેવા ગઈ હતી. જ્યાંથી હું તથા મારા પતિ તથા મારી સાસરીના તમામ સભ્યો સાથે અમે શિમલા ખાતે ફરવા ગયા હતા. જ્યાં મારા પતિનું વર્તન મને અગ્નોર્મલ જણાયું હતું. શીમળા ખાતે અમે પાંચેક દિવસ રોકાયા હતા. જ્યાં મારા પતિએ મારી સાથે કોઈ શરીરસંબંધ બાંધ્યો નહોતો. પાંચેક દિવસ બાદ હું તથા મારા પતિ અમદાવાદ આવ્યા અને માટે પિયરમાં રોકાયા, જ્યાં મારા પતિ બે દિવસ સુધી અમારી સાથે રોકાયા બાદ મારા પતિએ મને જણાવ્યું હતું કે, મેરેજ સર્ટી. માટે જે ડોક્યુમેન્ટ જોઈએ તે તૈયાર કરાવવા માટે યુ.પી. જાઉં છું તેમ કહી ફિરોઝાબાદ જતા રહ્યા અને ત્યાંથી મને તા. ૦૫ ૧૦ ૨૦૨૩ ના રોજ ફોન કરી પોતાને યુ.એસ.એ.માં કામ છે જેથી પોતે આજે અમેરિકા જાય છે તેમ કહ્યું હતું. ત્યારબાદ મેં તેઓને મારા મેરેજ સર્ટી. બાબતે પૂછતા હોળી તહેવારે ભારત પરત આવશે.

સમાચાર પત્ર છે લોકતંત્રનો ચૌથો સ્તંભ અને પ્રાણ,
જે કરે છે એક લોકતંત્રનો નિર્માણ !

CNN
CHANNEL NINE NETWORK GUJARAT
Gujarati Daily News Paper

CHANNEL NINE NETWORK GUJARAT
◆ ન્યૂઝ પેપર, ◆ ન્યૂઝ ચેનલ, ◆ ન્યૂઝ વેબસાઈટ

LIVE
cnngujarat.co.in



આજે જ cnngujarat.com વેબસાઈટ ઉપર
વિઝીટ કરો અને જોડાઈ જાઓ સમાચારની દુનિયા સાથે...